◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

# કોડિયું

વર્ષ : ૭૨ નવેમ્બર: ૨૦૧૮ અંક : ૦૪

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | સિક્કિમ | - ભાણદેવજી | ૧૩૭ |
| ૦૨ | પ્રેમ અને ગાંધીજી | - દીનુ ચુડાસમા | ૧૪૨ |
| ૦૩ | મા ભારતીની નિશ્રામાં-૧૬ | - ભરત ના. ભટ્ટ | ૧૪૪ |
| ૦૪ | નાનાભાઈના પત્રો | - નીતિન ભટ્ટ | ૧૪૯ |
| ૦૫ | દેશનો ભલીવાર | - નલીન પંડિત | ૧૫૩ |
| ૦૬ | કેળવણીનો ઉત્તમ અભિગમ -રેલી | - હીરજીભાઈ નાકરાણી | ૧૫૯ |
| ૦૭ | કોલકત્તા દર્શન | - પ્રકાશ નાકરાણી | ૧૬૪ |
| ૦૮ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૧૬૮ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવારને નવા વર્ષની વંદનસહ શુભેચ્છાઓ. લગભગ તમામ ક્ષેત્રે આવતા દિવસોમાં સૌ કોઈની કસોટી થઈ જાય તેવો મૂંઝવણભર્યો સમય પસાર કરવાનો થશે તેવું જણાઈ રહ્યું છે ત્યારે આપણે સૌ પરસ્પરને વિશેષ શુભેચ્છાઓ પાઠવીએ.

ગાંધી-૧૫૦ નિમિત્તે, તે વિશે બોલવા જવાનું કે સેમિનારોમાં જવાનું વધારે થાય છે. ગાંધીજી મોહનમાંથી મહાત્મા બન્યા એ પ્રક્રિયા જ આપણા માટે પ્રેરણા આપનારી છે. ગાંધીજીને માટે સેંકડો વિશેષણો વપરાયાં હોવા છતાં એ પોતે તો પોતાની જાતને એક સામાન્ય માણસ તરીકે ઓળખાવીને સત્યાગ્રહી જ કહેવરાવે છે. તેમના જીવનનું સાધ્ય સત્ય હતું અને સાધન અહિંસા હતી. આમ છતાં તેઓ બહુ મોટા આધ્યાત્મિક પુરુષ હોવાથી તેમના વિકાસનું માધ્યમ તો અધ્યાત્મ જ રહ્યું છે. તેમના માટે અહિંસા અને સત્ય નામના બે કાંઠા વચ્ચે વહેતો મનુષ્યત્વસભર મૂલ્યનિષ્ઠ જીવનપ્રવાહ એ જ ખરું અધ્યાત્મ હતું. સત્યશોધન માટેની કોઈ પણ પ્રક્રિયા એ પ્રયોગ છે, પ્રક્રિયાનું સ્થળ એ પ્રયોગશાળા છે અને પ્રક્રિયા કરનાર એ વિજ્ઞાની છે. સત્યની ખોજ માટે માત્ર તર્ક એ સર્વસ્વ નથી. તર્ક ઉપરાંત બુદ્ધિ અને અનુભવનું પણ એટલું જ મહત્ત્વ છે. ધારદાર ચપ્પુનો ઉપયોગ કરનાર ઘવાયા વગર તો જ ચપ્પુ વાપરી શકે કે જયારે ચપ્પુને પકડવાનો હાથો હોય ! તર્ક એ ધાર છે અને બુદ્ધિ એ હાથો છે. એવું જ અનુભવ-જાતતપાસનું છે. ઘોડાના કે સ્ત્રીઓના દાંત એરિસ્ટોટલ કહે તેટલા માની લેવા કરતાં જાતે ગણી લેવા જોઈએ. મુરબ્બામાં લાંબો સમય પડી રહેલો ચમચો સ્વાદ પારખી શકતો નથી પણ માત્ર એક ટીપું જીભ પર પડવાથી ક્ષણવારમાં સ્વાદ પારખી શકાય છે. વળી, આપણે તમામ પ્રકારનાં દશ્યો કે રંગો કે અવાજો જોઈ-સાંભળી શકતા નથી એ આપણી મર્યાદા છે. આપણે જેવું જોઈએ છીએ તેવું જ ભૌતિક જગત નથી. એ તો આપણા મર્યાદિત અનુભવનું કે પ્રતીતિનું જગત છે ! ભૌતિક જગતનું સત્ય તો જુદું જ છે. આમ વ્યક્ત અને અવ્યક્ત જગતને પેલે પાર ખરું સત્ય અડિખમ ઊભું છે. તેને જોવા, સમજવા, અનુભવવા અને પામવા માટેની ક્ષમતા આપણે અભૌતિક જગત પાસેથી મેળવવી પડે. આમ ભૌતિક અને અભૌતિક જગત એમ બંનેને જયારે સમજી શકીએ ત્યારે જ જે તે ક્ષેત્રના સત્યને પામી શકાય છે. આ માટે ધીરજ, અવલોકન, અનુભવ, અભ્યાસ અને શ્રદ્ધા અનિવાર્ય છે. આ નવા વર્ષે આવી ક્ષમતા મેળવવાના આપણા પ્રયત્નને પ્રભુ સફળ બનાવે એ જ પ્રાર્થના... અભ્યર્થના... વંદના.

— અરુણ દવે

## (૦૧) સિક્કિમ

- ભાણદેવજી

સિક્કિમ ભારતનું એક હિમાલયિન રાજય છે. સિક્કિમ ભારતનાં સુંદર રાજ્યોમાંનું એક છે. સિક્કિમનાં બીજા પણ બે નામ છે. નેપાલી ભાષામાં સિક્કિમને સુકિખમ કહે છે, જેનો અર્થ છે - સુંદર નવું ઘર. તિબેટી ભાષામાં સિક્કિમ માટે ડેનજોંગ શબ્દ વપરાય છે. જેનો અર્થ છે - ચોખાની ગુપ્ત ઘાટી. સિક્કિમની ઉત્તરમાં તિબેટ, પશ્ચિમમાં નેપાલ, પૂર્વમાં ભૂતાન અને તિબેટની ચુંબીવેલી તથા દક્ષિણમાં પશ્ચિમ બંગાળનો દાર્જીલિંગ વિસ્તાર છે. સિક્કિમનું ક્ષેત્રફળ ૨૮૧૮ ચો.મા. છે. સિક્કિમ ઉત્તર-દક્ષિણ ૭૦ માઈલ અને પૂર્વ-પશ્ચિમ ૪૦ માઈલ છે.

કાંચનજંઘા સિક્કિમનું મુખ્ય પર્વતશિખર છે. જેની ઊંચાઈ ૨૮૧૬૭ ફૂટ છે. જે વિશ્વનું ત્રીજા નંબરનું અને ભારતનું સૌથી ઊંચું શિખર છે. કાંચનજંઘાનું તિબેટીનામ ખાંઙ્- છેન- જોઙ્ - ઘા છે, જેનો અર્થ થાય છે. - પાંચ નિધિઓનો પર્વત. પાંચનિધિના પ્રતિકરૂપ કાંચનજંઘામાં પાંચ શિખરો છે. સિક્કિમના કોઈ પણ ભાગમાંથી કાંચનજંઘાનાં દર્શન થાય છે. આખો સિક્કિમ જાણે કાંચનજંઘાનો તળેટી વિસ્તાર હોય કે તેની ગોદમાં વસ્યો હોય તેવો લાગે છે. સિક્કિમના લોકો કાંચનજંઘાને દેવ માનીને તેની પૂજા કરે છે.

કાંચનજંઘા વિશાળ હિમાલયિન હારમાળાનું શિખર છે. ત્યાંથી આ પર્વતમાળા બે ફાંટામાં ઉત્તરથી દક્ષિણ તરફ આગળ વધે છે. પશ્ચિમની એટલે કે નેપાલ તરફની પર્વતમાળાને સિંગલીલા પર્વતશ્રેણી કહે છે. તેજ રીતે બીજી પર્વતમાળા ચો-લા સિક્કિમની પૂર્વ સીમા પર છે. તેથી સિક્કિમ ઉત્તરમાં કાંચનજંઘા પર્વત સમૂહ, પશ્ચિમમાં સિંગલીલા પર્વતમાળા અને પૂર્વમાં ચો-લા પર્વતમાળાથી ઘેરાયેલો છે. આ ત્રણે પર્વતમાળાની વચ્ચે અનેક નાની નદીઓ અને ઘાટીઓ છે.

સિક્કિમની સૌથી મુખ્ય નદી તિસ્તા અને સૌથી મુખ્ય ઘાટી પણ તિસ્તા ઘાટી છે. રંગીત સિક્કિમની બીજા નંબરની નદી છે, જે આખરે તિસ્તાને મળે છે. આ બે મુખ્ય નદીઓ ઉપરાંત સિક્કિમમાં રામો-ચુ, રોથાક-ચુ, રોરો-ચુ, યાલી-ચુ, રોઙ્-નેક-ચુ વગરે નાની નદીઓ અને ઘાટીઓ પણ છે. સિક્કિમ નદીઓ, પહાડો અને જંગલોનો પ્રદેશ છે. ઘાટીઓમાં નદી કિનારાની થોડી સપાટ જમીનમાં ખેતી થાય છે. ત્યાં હરિયાળાં ખેતરો શોભે છે. સિક્કિમ પર પ્રકૃતિદેવીની કૃપા છે.

સિક્કિમની ભૌગોલિક રચના એવી છે કે તેની ભૂમિમાં પુષ્કળ વરસાદ પડે છે. દર વર્ષે ૫૦ ઈંચથી ૨૦૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. કોઈ કોઈ વિસ્તારમાં ૨૪૦ ઈંચ સુધી પણ વરસાદ પડે છે.

સિક્કિમને વીજળીની ભૂમિ પણ કહે છે. સિક્કિમની ઘાટીઓની જમીન ખૂબ ફળદ્રુપ છે. સિક્કિમમાં વર્ષાના પાંચ માસ સુધી વીજળી ખૂબ ચમકે છે અને વરસાદ પણ ખૂબ પડે છે. તેને લીધે અહીંની હવા અને જમીનમાં નાઈટ્રિક એસિડ ખૂબ બને છે તેને લીધે અહીં વનસ્પતિ સૃષ્ટિની વૃદ્ધિ ઝડપથી થાય છે.

સિક્કિમની પ્રાકૃતિક સંપતિ ઘણી સમૃદ્ધ છે. સિક્કિમમાં ૨૦ પ્રકારના વાંસ અને ૭૦૦ પ્રકારના ઓરકિડ થાય છે. સિક્કિમમાં રોડોડેન્ડ્રોન વ્યાપક પ્રમાણમાં થાય છે. સિક્કિમમાં સાલ વૃક્ષ, ચીડ, ઘુપ્પી, અખરોટ, શીશમ વગેરે વૃક્ષો પણ પુષ્કળ પ્રમાણમાં થાય છે. સિક્કિમની ઘાટીઓમાં દેવદાર અને મેગ્નનોલિયાનાં વિશાળ વૃક્ષોનાં જંગલો વ્યાપક પ્રમાણમાં છે. અત્યાર સુધીમાં સિક્કિમમાં ૪૦૦૦ પ્રકારની વનસ્પતિઓ મળી આવી છે.

સિક્કિમમાં વન્ય પ્રાણીઓની સંખ્યા પણ ખૂબ છે. રીંછ, ચિત્તા, હરણ, સાંભર, વાઘ, કસ્તુરીમૃગ, ઘોરાલ આદિ પ્રાણીઓ અહીં જોવા મળે છે. અહીં ૬૦૦ પ્રકારનાં પક્ષીઓ થાય છે. સિક્કિમમાં ૬૦૦ પ્રકારનાં પતંગિયા જોવા મળ્યાં છે.

**સિક્કિમનાં દર્શનીય સ્થાન**

ગંગટોક સિક્કિમનું પાટનગર છે. ગંગટોક પહોંચવાના ત્રણ માર્ગો છે. સિલિગુડી સુધી રેલવેમાર્ગ છે. સિલિગુડીથી ગંગટોક ૧૧૪ કિ.મી. છે. સિલિગુડીથી બસ દ્વારા ગંગટોક પહોંચી શકાય છે. અથવા દાર્જીલિંગ કે કિલમપોંગથી પણ બસ દ્વારા ગંગટોક પહોંચી શકાય છે. દાર્જીલિંગથી ગંગટોક ૧૦૦ કિ.મી. દૂર છે. વિમાન માર્ગે જવું હોય તો બાગડોગરા હવાઈ મથકે ઊતરીને ત્યાંથી ગંગટોક સુધી બસમાં જઈ શકાય છે.

**૧.ગંગટોક**

સિક્કિમનું પાટનગર ગંગટોક અત્યંત રમણીય પહાડી નગર છે. ગંગટોક ૫૦૦૦ ફૂટની ઊંચાઈ પર વસેલું છે. તેના હવાપાણી સુખદ અને સ્વાસ્થ્યપ્રદ છે. સિક્કિમના ભારતમાં વિલીનીકરણ પછી ગંગટોકમાં આધુનિક સુખ સુવિધાઓ અને જીવનપદ્ધતિ આવી રહી છે. છતાં ગંગટોકની પર્વતીય રમણીયતા હજી જળવાઈ રહી છે. ગંગટોકમાં દર્શનીય સ્થાનો ચાર છે, - રાજમહેલ, મૃગદાવ, છુકલાખાંડા, બૌદ્ધ ગોમ્પા અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ તિબેટોલોજી.

ભારતમાં વિલીનીકરણ બાદ હવે સિક્કિમમાં રાજાશાહી નથી. છતાં રાજમહેલ હજી છે અને દર્શનીય છે. રાજમહેલની આસપાસ મકાનોમાં જ સરકારી કચેરીઓ છે. રાજમહેલ તથા કચેરીઓનાં મકાનનાં બાંધકામમાં પ્રાચીન તિબેટીઅન અને આધુનિક સ્થાપત્યવિદ્યાનો સુંદર સમન્વય થયો છે. રાજમહેલની સામે જ ભારતીય પોલિટીકલ ઑફિસરનું આવાસગૃહ પણ છે.

તાશીલિંગ સચિવાલયથી દક્ષિણ દિશામાં ગંગટોકનું પ્રખ્યાત મૃગદાવ હરણ ઉદ્યાન છે. સારનાથના પ્રસિદ્ધ મૃગદાવના અનુકરણમાં આ મૃગદાવની રચના કરવામાં આવી છે. સારનાથમાં ભગવાન બુદ્ધે પ્રથમ ધર્મોપદેશ આપ્યો હતો. સારનાથ મૂર્તિકલાની શૈલીમાં, પ્રથમ ધર્મોપદેશની ઘટનાની, ભગવાન બુદ્ધની મૂર્તિ મૃગદાવના પ્રાંગણમાં રાખવામાં આવી છે. આ ઉદ્યાનમાં સિક્કિમ તથા આજુબાજુના પ્રદેશમાંથી લાવવામાં આવેલાં હરણ સુરક્ષિત અને મુક્ત રીતે વિહાર કરતા જોવામાં આવે છે.

સિક્કિમ ધર્મનિષ્ઠ પ્રદેશ છે. સિક્કિમમાં અનેક બૌદ્ધગોમ્પાઓ છે. ગંગટોક સ્થિત છુકલાખાંગ ગોમ્પા દર્શનીય છે. રાજમહેલની બાજુમાં જ આવેલી આ ગોમ્પા મૂળ તો રાજકીય ગોમ્પા છે. રાજાએ પોતાના મહેલના પ્રાંગણમાં બનાવેલી ગોમ્પા છે. છુકલાખાંગ ગોમ્પા માત્ર પૂજાસ્થાન જ નથી પણ સિક્કિમની ઍસેમ્બલી પણ અહીં બેસે છે. આ ગોમ્પામાં બૌદ્ધ ધર્મગ્રંથોનો સારો સંગ્રહ છે. આ ગોમ્પાના નિર્માણમાં સિક્કિમી વાસ્તુકલાનો બારીકાઈથી ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની ચારે બાજુ હિમસિંહની લાકડાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ગોમ્પાના અંદરના ઓરડામાં મહાયાની બૌદ્ધગાથાઓ પર આધારિત સુંદર ચિત્રો બનાવવામાં આવ્યાં છે. આ ગોમ્પામાં ભગવાન બુદ્ધની મહાકાય પ્રતિમા છે. તિબેટીઅન બૌદ્ધધર્મના મહાકાય ધર્મગ્રંથો કંજૂર-તંજૂરને એક ઓરડામાં રાખવામાં આવ્યા છે. ભગવાન બુદ્ધની મૂર્તિ સમક્ષ અખંડ દીપ પ્રજ્વલિત રહે છે.

હિમાલય પૂજા, તિબેટીઅન નવું વર્ષ, લોસારનો તહેવાર તથા સિક્કિમના અન્ય ઉત્સવોની ઊજવણી છુકલાખાંગ વિહારના પ્રાંગણમાં જ થાય છે. મંત્રીઓની શપથવિધિ, શાહી વિવાહ, રાજ્યાભિષેક વિધિ- આદિ મહત્ત્વના બધા સમારંભો રાજાશાહી દરમિયાન અહીં જ સંપન્ન થતા. આમ છુકલાખાંગ, ગંગટોક અને સિક્કિમની ધાર્મિક, રાજકીય અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનું કેન્દ્ર રહ્યો છે.

નવનિર્મિત ઈન્સ્ટિટ ઓફ તિબેટોલોજી પણ રાજમહેલથી નજીક જ છે. રાજપંડિત ગ્યાબ છે રિમ્પોછેની યોજના મુજબ અને મહારાજા તાશી નામગ્યાલની પ્રેરણાથી આ સંસ્થાની સ્થાપના થઈ છે. આજે આ સંસ્થા વિશ્વભરના બૌદ્ધો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે. તિબેટીઅન સંસ્કૃતિ અને ધર્મના અભ્યાસ માટે વિશ્વભરમાંથી બૌદ્ધ સાધુઓ અને વિદ્વાનો અહીં આવે છે. તિબેટોલોજીના અભ્યાસ માટે આ એક મૂલ્યવાન કેન્દ્ર છે.

ગંગટોક રાનીપાલ નદીના કિનારે આવેલી એક પહાડી પર વસેલું છે.

**૨. રુમટેક ગોમ્પા**

રાનીપાલ નદીને પેલેપાર ગંગટોકથી ૨૪ કિ.મી. દૂર રુમટેકનો વિશાળ ગોમ્પા આવેલો છે. તિબેટ પર ચીની આક્રમણ પછી કર્મા-પા-લાખા તિબેટથી અહીં આવીને વસ્યા છે. આ ગોમ્પા તેમણે જ બંધાવ્યો છે. સેંકડો ભારતીય અને વિદેશી યાત્રીઓ અહીં કર્મા-પા-લામાનાં દર્શને આવે છે.

અહીં યાત્રીઓ પ્રાર્થનામાં સંમલિત થઈ શકે છે. યાત્રીઓ ધાર્મિક ચિત્રો બનાવતા અને થંકા ચિત્રો શણગારતા બૌદ્ધ લામાઓને જોઈ શકે છે. તિબેટની કલાકૃતિઓમાં રસ ધરાવતા યાત્રીઓ અહીંની કલાકૃતિઓની ખરીદી પણ કરી શકે છે.

તિબેટીઅન પરંપરા મુજબ કર્મા-પા-લામાને ઝીણા સફેદ વસ્ત્રનો લાંબો ટુકડો 'ખાદા' ભેટ ધરવામાં આવે છે.

**૩. પેમાયાંગ્સે ગોમ્પા**

ગંગટોકની પશ્ચિમે પેમાયાંગ્સે ગોમ્પા આવેલો છે. આ ગોમ્પા સિક્કિમનો સૌથી પવિત્ર ગોમ્પા મનાય છે. આ ગોમ્પા ૬૮૪૦ ફૂટની ઊંચાઈ પર છે. હવે પેમાયાંગ્સે સુધી મોટર સડક બની ગઈ છે. આ ગોમ્પા ન્યીગમાપા તાંત્રિક લામા સંપ્રદાયને અનુસરે છે. આ સંપ્રદાય ગુરુ પદ્મસંભવે સ્થાપિત કર્યો હતો. આ સંપ્રદાયના લામાઓ લાલ ટોપી પહેરે છે.

કહેવાય છે કે આ ગોમ્પાની ઈમારતનો નમૂનો લ્હાછેન છેમ્બૂએ તિબેટીઅન શૈલી પ્રમાણે તૈયાર કરાવ્યો હતો. પેમાયાંગ્ચે ગોમ્પાનું નિર્માણ શુદ્ધ તિબેટીઅન વંશના બ્રહ્મચારી ભિક્ષુઓ દ્વારા કરવામાં આવ્યું છે. અને તે પરંપરા અહીં આજ સુધી ચાલુ છે. આ ગોમ્પાના બધા લામાઓ ઉચ્ચ વર્ણમાંથી જ આવે છે. સિક્કિમમાં રાજાશાહી હતી ત્યારે નવા રાજાના રાજ્યાભિષેક વિધિમાં જલાભિષેકનો અધિકાર આ ગોમ્પાના પ્રધાન લામાનો જ હતો.

પેમાયાંગ્ચે ગોમ્પાના લામાઓએ એકવાર સિક્કિમનો ઈતિહાસ લખ્યો હતો. અને તેને મંદિરના ગ્રંથાલયમાં સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૭૮૭માં પેમાયાંગ્ચે સિક્કિમની રાજધાની હતી. તે વખતે ગોરખાઓએ સિક્કિમ પર આક્રમણ કર્યું. આ આક્રમણ દરમિયાન તેઓએ તિસ્તા નદીની પશ્ચિમમાં રહેલા બધા ગોમ્પાઓને નષ્ટપ્રાય કરી નાખ્યા. પેમાયાંગ્ચે ગોમ્પામાં રાખવામાં આવેલો સિક્કિમનો ઈતિહાસ પણ આ આક્રમણ દરમિયાન નષ્ટ થઈ ગયો. માત્ર બે પાના બચ્યા હતા. જે જોસેફ હૂકર નામના એક સંશોધકના હાથમાં આવ્યા હતા.

**૪. અન્ય ગોમ્પા**

પેમા યોગ્ચેથી નજીક તાશીડીંગ નામનો ગોમ્પા છે. તાશીડીંગમાં એક મહાકાય સ્તૂપ (છોરતેન) છે, જે સિક્કિમમાં સવિશેષ પવિત્ર મનાય છે.

આ ઉપરાંત ઈન્કે નામનો બૌદ્ધ ગોમ્પા છે, જે ગંગટોકથી ત્રણ કિ.મી. દૂર છે. આ ગોમ્પા બસો વર્ષ જૂનો છે. આ ગોમ્પામાં થતાં હેમંત ઋતુનાં નૃત્યો જોવા લાયક હોય છે.

સિક્કિમનો સૌથી પ્રાચીન ગોમ્પા દુબ-દે છે. લામા લ્હાત્સુન છેમ્બોએ તેનું નિર્માણ કરાવેલું.

આ ઉપરાંત સિક્કિમમાં રિન્ ચિનપોંગ, તાલુંગ, લિંગતામ, નામચી, સિંગ્તામ વગેરે ગોમ્પાઓ વિશેષ મહત્ત્વના છે.

અત્યારે સિક્કિમમાં કુલ ૬૭ બૌદ્ધ ગોમ્પાઓ છે.

**ઐતિહાસિક ભૂમિકા અને પ્રજા જીવન**

ઇતિહાસકારોનો એવો મત છે કે સિક્કિમનો રાજવંશ તિબેટના ખમ પ્રદેશના માઈનાક સ્થાનમાંથી ઊતરી આવેલો છે. કેટલાક ઇતિહાસકારો એમ પણ માને છે કે હિમાલય પ્રદેશના પ્રાચીન શાસક ઈન્દ્રબોધિકના પુત્ર દ્વારા આ રાજવંશ ચાલ્યો છે.

ઉપરોક્ત રાજવંશ શરૂ થયો ત્યાર પહેલા સિક્કિમમાં કોઈ સુવ્યવસ્થિત રાજ્ય વ્યવસ્થા કે કેન્દ્રસ્થ શાસનતંત્ર હતું નહિ. પહાડો અને જંગલોમાં જુદી જુદી ટોળીઓ વસતી અને ટોળાના સરદાર જ તેમનાં શાસક ગણાતા. આ લોકો તે વખતે બોનધર્મનું પાલન કરતાં જેમાં વિશેષતઃ ભૂતપિશાચ આદિ તત્ત્વોની ઉપાસના કરવામાં આવતી. તિબેટમાં બોનધર્મનું સ્થાન મહાયાન બૌદ્ધધર્મે લીધું. તિબેટમાંથી લામાઓ અહીં આવ્યા અને અહીંની પ્રજાએ બોનધર્મનો ત્યાગ કરી બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો. અને બૌદ્ધધર્મના આગમન સાથે સિક્કિમમાં એક નવી સંસ્કૃતિનો પ્રારંભ

થયો.

ઈ.સ. ૧૬૦૪માં જન્મેલા ફૂન્છોગ નામગ્યાલ સિક્કિમના પ્રથમ ધાર્મિકરાજા બન્યા અને તેમણે જ સિક્કિમમાં સૌ પ્રથમ કેન્દ્રીય રાજ્ય શાસનની સ્થાપના કરી. કહેવાય છે કે ત્રણ ભિક્ષુઓએ તેમની સિક્કિમના રાજા તરીકે વરણી કરી. અને ત્યારથી સિક્કિમમાં વ્યવસ્થિત રાજ્ય શાસનનો પ્રારંભ થયો. ફૂન્છોગ નામગ્યાલ કુશળ શાસક હતા. તેઓ સિક્કિમના શાસક બન્યા તે પહેલાં થોડા સમયે જ તિબેટીઅન લામાઓએ સિક્કિમમાં તિબેટીઅન મહાયાની બૌદ્ધધર્મની પ્રતિષ્ઠા કરી હતી. એટલે આપણે કહી શકીએ કે સિક્કિમમાં બૌદ્ધધર્મ આવ્યા પછી તેના પગલે રાજ્યવ્યવસ્થા પણ આવી. ફૂન્છોગ નામગ્યાલ પછી તેમના પુત્ર તેનસુંગ નામગ્યાલ ઈ.સ.૧૬૭૦માં સિક્કિમના શાસક બન્યા.

પ્રાચીન સમયમાં સિક્કિમ રાજયનો વિસ્તાર વર્તમાન સિક્કિમ કરતાં ઘણો વધારે હતો. ચુમ્બીવેલીનો વિસ્તાર સિક્કિમનો ભાગ હતો જે આજે તિબેટનો ભાગ છે. સિક્કિમનો પશ્ચિમ તરફનો છોંગ નામનો વિસ્તાર નેપાલના રાજા પૃથ્વીનારાયણસિંહના વખતમાં નેપાલે છીનવી લીધો છે. સિક્કિમનો કેટલોક ભાગ ભૂતાને પણ લઈ લીધો છે. અત્યારનો દાર્જિલિંગ વિસ્તાર એક કાળે સિક્કિમનો ભાગ હતો. અંગ્રેજોએ કળેબળે આ વિસ્તાર સિક્કિમ પાસેથી છીનવીને બ્રિટિશ ભારત સાથે ભેળવી દીધો છે.

સિક્કિમના નવમાં ધાર્મિક રાજા તરીકે થુટોપ નામગ્યાલની ૧૮૭૪માં વરણી થઈ. તેમણે ૧૯૧૪ સુધી રાજ્ય કર્યું. તેમના શાસનકાળ દરમિયાન ૧૦મી માર્ચ, ૧૮૯૦ના દિવસથી એક સંધિ અનુસાર સિક્કિમ બ્રિટિશ ભારતનું રક્ષિત રાજ્ય બન્યું.

૧૯૦૬માં ગંગટોકમાં પહેલી અંગ્રેજી શાળાનો પ્રારંભ થયો. પ્રારંભના વિદ્યાર્થીઓમાં એક હતા રાજકુમાર ટાશી નામગ્યાલ.

નવમાં ધાર્મિકરાજાના અવસાન પછી તેમના મોટા પુત્ર સિદક્યોંગ ટુલ્કુ દશમાં ધર્મરાજા બન્યા. પરંતુ શાસક બન્યા પછી થોડા વખતમાં તેમનું ભેદી સંયોગોમાં મૃત્યુ થયું. કહેવાય છે કે એક અંગ્રેજ ડૉક્ટરની ખોટી ચિકિત્સાને કારણે તેમનું અવસાન થયું હતું. તેમના અવસાન પછી સિક્કિમનું શાસનસૂત્ર ટાશી નામગ્યાલના હાથમાં આવ્યું. તેઓ સિક્કિમના અગિયારમા ધર્મરાજ બન્યા ટાશી નામગ્યાલ કુશળ શાસક હતા.

તેમના સમયમાં સિક્કિમમાં આધુનિક કાયદાનો અમલ અને આધુનિક ન્યાય પદ્ધતિનો પ્રારંભ થયો. ભારત સ્વતંત્ર થયા પછી ઈ.સ. ૧૯૫૦માં ભારત અને સિક્કિમના રાજા ટાશી નામગ્યાલ વચ્ચે સંધિ થઈ તે મુજબ અંગ્રેજો સાથે અમલમાં હતી તે સંધિમાં થોડા ફેરફાર સાથે સિક્કિમ ભારતના રક્ષિત રાજ્ય તરીકે ચાલુ રહ્યું.

સિક્કિમના પ્રસિદ્ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ તિબેટોલોજીનો પ્રારંભ પણ ટાશી નામગ્યાલના વખતમાં જ થયો.

ટાશી નામગ્યાલ પછી તેમના પુત્ર થોંડુપ નામગ્યાલ સિક્કિમનાં બારમા ધર્મરાજ બન્યા. વર્તમાન યુગની અસર હેઠળ સિક્કિમમાં લોકશાસનનો માટેનો જુવાળ આવ્યો અને રાજાશાહી ચાલુ રાખવાનું મુશ્કેલ બન્યું એ વખતે ભારતના વડાપ્રધાન ઈંદિરા ગાંધીના શાસનકાળ દરમિયાન સિક્કિમનું ભારતમાં વિલીનીકરણ થયું. સિક્કિમ ભારતનું એક રાજ્ય બન્યું.

સિક્કિમની ત્રણ મુખ્ય પ્રજા છે- નેપાલી, ભોટિયા અને લેપચા. આ ઉપરાંત સિક્કિમમાં લિમ્બૂ નામની એક આદિવાસી જાતિ પણ છે.

વર્તમાન સિક્કિમની પ્રજામાં ૭૫% નેપાળી, ૧૮% લેપચા અને બાકીના ભોટિયા તથા લિમ્બૂ છે. સિક્કિમમાં ૬૦% હિન્દુઓ અને બાકીના બૌદ્ધો છે.

ભારતમાં વિલીનીકરણ બાદ સિક્કિમના જનજીવનમાં ઝડપી પરિવર્તન આવી રહ્યું છે છતાં પહાડો અને જંગલોમાં વસતી પ્રજામાં ગરીબી, અજ્ઞાન અને વહેમ પણ ખૂબ છે. સિક્કિમની પ્રજા શાંતિપ્રિય, સરળ અને પ્રામાણિક છે.

પહાડી પ્રજાની એક ખાસિયત છે એ મુજબ સિક્કિમની પ્રજા પણ ઉત્સવપ્રિય છે. વર્ષ દરમિયાન સિક્કિમમાં અનેક ઉત્સવો ધામધૂમથી ઊજવાય છે. કાંચનજંઘાને સિક્કિમમાં દેવીની જેમ પૂજ્ય માનવામાં આવે

છે અને દર વર્ષે તેની પૂજાનો ઉત્સવ ભારે ધામધૂમથી ઊજવવામાં આવે છે.

એક કાળે સિક્કિમમાં બહુ પતિત્વની પ્રથા હતી પણ આજે તે પ્રથા નથી.

**સિક્કિમયાત્રાના કેટલાક મહત્ત્વના માર્ગો**

**યાત્રા-I**

૧. કિંલમ્પોંગથી ગંગટોક. ગંગટોક દર્શન
૨. ગંગટોકથી ફોડોંગ ગોમ્પા.
૩.ફોડોગથી સિંગીક. સિંગીકથી કાંચનજંઘાનું દર્શન.
૪.ગંગટોક પાછા ફરવું. ગંગટોક દર્શન.

**યાત્રા-II**

૧.ગંગટોકથી એન્ચે ગોમ્પા. તેજ દિવસે પાછા ગંગટોક આવી જવું.
૨. ગંગટોકથી રુમટેક ગોમ્પા. ગંગટોક પાછા આવી જવું.

**યાત્રા-III**

૧. ગંગટોકથી નામચી ગોમ્પા (૮૧ કિ.મી.)
૨. નામચી ગોમ્પાથી દુલીંગ ગોમ્પા (રાબોંગ્લા)
૩.દુલીંગ ગોમ્પાથી પેમા યાંગ્યે ગોમ્પા
૪.પેમા યાંગ્યેમાં મુકામ રાખી સાંગા છોલીંગ ગોમ્પા, દુબ્દીગોમ્પા તથા ખાચોડપાલરી સરોવરની મુલકાત લેવી.
૫. પેમા યાંગ્યેથી તાશીડીંગ ગોમ્પા
૬.તાશીડીંગથી લેગશીપ
૭.લેગશીપથી કિલમ્પોંગ.

**યાત્રા-IV**

૧. કિલમ્પોંગથી લેગશીપ થઈને યેમાયાંગ્યે ગોમ્પા.
૨.યેમાયાંગ્યે ગોમ્પાથી યોકસામ (સિક્કિમની પ્રથમ રાજધાની)
૩.યોકસામથી બખીમ
૪.બખીમથી ઝોંગરી (કાંચન જંઘાનું સુંદર દર્શન અહીંથી થાય છે.)
૫. ઝોંગરીથી યોકસામ
૬.યોકસામથી કિલ્પોંગ (યોકસામ સુધી મોટર માર્ગ છે.)

**યાત્રા-V ઓન્ગ્લાથાંગ વેલી**

૧.કિલમ્પોંગથી યોકસામ થઈને ઝોંગારી પહોંચવું
૨.ઝોંગરી થાંકસિંગ- કાંચનજંઘા, ગોએચા અને પાન્દીમ શિખરોનું સુંદર દર્શન
૩.થાંગસિંગથી ઝીમથાંગ
૪.ઝીમથાંગથી ગોએચા લા
૫.ગોએચા લાથી થાંગસિંગ
૬.થાંગસિંગથી બખીમ થઈને યોકસામ. યોકસામથી કિલમ્પોંગ

**યાત્રા-VI ચોચ્છીરીંગ વેલી**

૧. કિલમ્પોંગથી ઝોંગરી પહોંચવું
૨.ફેશિખરની તળેટી સુધી પહોંચવું
૩.ફેશિખર પર ચઢવું.
૪.ચો કચુરાંગ ખોલા જવું
૫.ઝોંગરી પાછા આવવું
૬.ઝોંગરીથી કિલમ્પોંગ

**નોંધઃ-**

સિક્કિમની ઉત્તર અને પૂર્વ સરહદ તિબેટ સાથે જોડાયેલી છે. આ વિસ્તારનાં ઘણાં સ્થળો પ્રતિબંધિત છે. પરવાનગી લીધા વિના પ્રતિબંધિત વિસ્તારમાં જવું નહિ.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) પ્રેમ અને ગાંધીજી

- દીનુ ચુડાસમા

(મહાત્મા ગાંધી- ૧૫૦મી જન્મજયંતિના અવસરે)
'ગાંધી- વિચાર -આચરણ શ્રેણી'

સત્યની સાધના સાથે ગાંધીજી જીવનપ્રેમી પણ હતા, જિંદગીને પ્રેમ કરવો એ જ પ્રેમ પામવાની અને આપવાની રીત છે. એમાંયે ગાંધીજીનો પ્રેમ ત્યાગનું બીજું નામ કહી શકાય જેમાં આસક્તિ ગેરહાજર ને અધ્યાત્મ હાજર હોય. જગત આખું આજે યુદ્ધગ્રસ્ત માહોલમાં જીવે એવા સમયે 'પ્રેમ' વિશેની અનુભૂતિ ગાંધીજીના જીવનમાં કેવી રહી તેના અમીછાંટણાથી ભીજાશું તો કદાચ આપણે બાપુના વિચારોને જીવનમાં આચરણ કરવાનો પ્રયાસ કરીશું. એક કથામાં પૂ. મોરારિબાપુએ વ્યાસપીઠ પરથી કહ્યું હતું કે :

**'જિસસ કહેતા હતા, પરમાત્મા પ્રેમ છે.**
**અને પછી એમને અનુભવ થયો ત્યારે એમણે એ બદલીને કહ્યું;**
**પ્રેમ જ પરમાત્મા છે.'**

આપણા આદ્યકવિ નરસિંહ મહેતાએ પણ ગાયું;

**'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તૂચ્છ લાગે.'**

પ્રેમલક્ષણા ભક્તિનો આરાધક નરસિંહ હોય કે પ્રેમદીવાની મીરાંબાઈ પરમાત્માની અનુભૂતિ પ્રેમલક્ષણાભક્તિથી થઈ શકે એવી ભક્તિધારા છે. ગાંધીજીની ભક્તિ એ દેશભક્તિ અને માનવોના ઉદ્ધારની હતી ને તેમાં માતૃહૃદય, સમસંવેદનશીલતા અને સાત્ત્વિક જીવનાચરણ પાયાના તત્ત્વો રહ્યા હતા. ગાંધીજીના જીવનમાં 'પ્રેમ' અને 'સત્ય' એકરૂપ થયા તેથી 'સત્ય'ને સેવતા ગાંધીજીનો મારગ અહિંસક હતો ને પરિણામે ગાંધીજીનું જીવન 'પ્રેમમય' રહ્યું. આ મારગે યાત્રા કરતા અનેક કઠણાઈઓ સહન કરતા ગાંધીજી જીવંત વૈષ્ણજન થયા હતાં. ગુજરાતમાં વિચારોના વૃદાંવનની સુગંધ ફેલાવતા ગાંધીજી વિશે મૌલિક ચિંતન પીરસતા ગુણવંત શાહે, પરમાત્માના પર્યાય પ્રેમ વિશે સહજદર્શન આપતા કહ્યું છે કે :

**'પ્રેમ એક સુંદરતમ ઘટના છે. એની એક ખૂબી સમજી રાખવા જેવી છે. પ્રેમાળ વ્યકિત હોય એની કરતાં વધારે રૂપાળી દેખાય છે.'**

ગાંધીજી પ્રેમાળ હોવાને કારણે તો એમનામાં અધિક સૌંદર્ય દેખાતું જ, શિવમય વ્યકિતત્વ કળાતું. જગતના સર્જકો, કલાકારો દાર્શનિકો, રાજનીતિજ્ઞો બાપુનું સાંનિધ્ય ઝંખતા રહેતાં. એનું કારણ બાપુના હૈયામાં પ્રેમ સહજની કયારીમાં જ ઊગી-પાંગરી, પ્રફુલ્લન પામી વિકસિત થતો હતો. કોઈ ભેદભાવથી પર પ્રેમની સૌરભ પ્રસરતી હતી. જે કોઈ બાપુની સમીપ- એ પરિવેશમાં જાય ત્યાં ઊર્જામય થતાં, પવિત્રપણાની અનુભૂતિ થતી, પ્યારા બાપુની એક પ્રાર્થના આવી પણ હતી કે :

**'હે નાથ ! હું અસત્ય આચરીને જીવું તેના કરતાં મને તું મોત આપજે.**
**એ પ્રાર્થના આપણી ઈશ્વર પ્રત્યે નિત્ય હોય.**
**આ સંસારમાં કોઈનો પણ તિરસ્કાર કરવા હું મને અસમર્થ માનું છું.'**

પોતાના વિરોધીઓને પણ પરિવારની જેમ સ્નેહ આપતા, બાપુના કટ્ટર આલોચક મહમંદઅલી ઝીણાને પણ આદરસહ માન મળતું. બાપુના હૃદયમાં 'પ્રેમ' સિવાય બીજું કાંઈ હતું નહી. દેશહિત માટે, ભારતની આઝાદી માટે જે કાંઈ સત્યાગ્રહ અંગ્રેજો સામે આદરતા તે અગાઉથી જાણ કરી મંડાણ કરતાં, વિરોધી મોરચાને પણ સચેત કરતા આવું ગાંધીજી વિના કોઈ બીજું કરે જ નહી અંગ્રેજો પ્રત્યે એમના હૃદયમાં અંશમાત્ર શત્રુભાવ ન હતો પ્રેમળતા વિના આમ થવું અસંભવ છે. શાશ્વત બાપુ પણ એ જ કહી ગયા કે :

**'મારું જીવન એકરૂપ છે, અખંડ છે, અને**
**મારી બધી પ્રવૃત્તિઓ એક બીજા જોડે સંકળાયેલી છે અને**
**બધાંનો ઉદ્ભવ મારા અખૂટ માનવપ્રેમમાંથી થયેલો છે.'**

ગાંધીજીને પ્રેમપંથના યાત્રી કહો કે જીવન સાધક એમની પાસે સત્યનું તેજ હતું ને એટલી જ નિખાલસતા-પારદર્શકતા ભીતર પડી હતી. દંભરહિત જીવનીથી સહજ રહેતા. જ્યાં દંભ હોય, ત્યાં પ્રેમ હોય નહીં. વિશ્વના પત્રકારો બાપુના કાર્યોથી અભિભૂત થઈ આશ્રમમાં આવતા ને સાથે રહેતા. એ સમયના વૈશ્વિક પત્રકાર લુઈ ફિશર એક સપ્તાહ ગાંધીજી સાથે સેવાગ્રામ આશ્રમમાં રહી.. પ્રશ્નો પૂછયા હતા. બાપુની દિનચર્યા સમીપથી નિહાળીને 'અ વીક વિથ ગાંધી' પુસ્તકનું સર્જન કરેલું. એ પુસ્તકમાં લુઈ ફિશરે ગાંધીજી વિશે મહાદેવભાઈ દેસાઈને પૂછેલો એક પ્રશ્ન સાંભળો :

**લુઈ ફિશર : 'લોકો પર ગાંધીજીના પ્રભાવનું મુખ્ય કારણ ગાંધીજીની ધગશ છે. આ ધગશનું મૂળ શું હશે ?'**

**મહાદેવભાઈ : 'દેહના જે વિષયો છે તેને વિશુદ્ધ કરી ઉચ્ચત્તર શ્રેણીએ ચડાવવાથી આ ધગશ ઉત્પન્ન થઈ છે.'**

દેહના વિષયો તો ત્યારે જ નાશ પામે જ્યારે માણસ પ્રેમસ્વરૂપ થઈ જાય. શરીરના વિષયોને બાપુએ સભાનતાથી ઓછા કરવા અનન્ય પ્રયોગો કર્યા જેવા કે ખોરાકના હોય, બ્રહ્મચર્ય વ્રત, ઉપવાસ, મૌન, નિત્ય પ્રાર્થના, શરીરશ્રમ, રેંટિયો, ખાદી, ચાલવા જવું, માણસ તરફ હાર્દિકતા વધારવી, કોઈનો દ્વેષ કરવો નહિ. પ્રેમપંથનો આ માણસ ફકીરની જેમ રહેતો પ્રેમના બાદશાહની જેમ જીવતો હતો. બાપુની દિવ્ય જીવનશૈલીનો એક સંવાદ કાનમાં પીઈએ : ૨૯-૦૧-૧૯૪૭- બપોરે ગાંધીજીને મનુબહેને ખાંસી માટે પેનેસિલિનની ગોળી લેવા કહ્યું તે સમયે ગાંધીજીએ કહ્યું હતું :

**'જો મનુ, હું એક ફોડકીથી મરું તો પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. જો બંદુકની ગોળીએ મરું તો જાણજે કે સાચો મહાત્મા હતો.'**

માનવપ્રેમી ગાંધી વર્ષો પસાર થતાં-જીવનમાં આગળ વધતા સ્નેહથી છલોછલ થતા જાય છે. આશ્રમની સામે ખૂરશી નાખી બેસતો ને બાપુના મુલાકાતીઓની ખબર અંગ્રેજ સરકારને આપતો ખબરી-કર્મચારી ઓઝાભાઈને બાપુ આશ્રમમાં પોતાની સામે જ બેસાડવાની વ્યવસ્થા કરાવી આપે છે. 'પ્રેમ' સિવાય આમ થઈ શકે નહી ! સામેના પક્ષના નિમેલા જાસૂસને ખરી ખબર મળે તે માટે પોતાની પ્રત્યક્ષ બેસવાની ગોઠવણ કરી આપવી તેવું સિંહનું કાળજુ ગાંધીજીમાં હતું. ગાંધીજીના જ શબ્દોમાં જ એમની જિંદગીનો એક ભાવ પામીએ :

**'હું પ્રેમથી ઊભરાઈ રહ્યો છું. મને સ્વપ્રે પણ કોઈના પ્રત્યે ભેદભાવ-દ્વેષ ઉત્પન્ન થતો નથી. શુદ્ધ પ્રેમને કંઈ જ અશકય નથી.'**

બાપુના જીવનમાં 'પ્રેમ-અમીરસ' અખિલાઈએ પહોંચી ગયેલ. જેમ ક્રાઈસ્ટે સાત X સિત્તેર વખત દુશ્મનને માફ કરી આપવાનું આચરણયુકત દર્શન આપી ગયા હતા તેમ ગાંધીજી પણ પોતાના જીવનમાં 'પ્રેમ'ની અનુભૂતિ કરી કહ્યું હતુંઃ

**'અહિંસા એટલે સર્વવ્યાપી પ્રેમ.'**

ભારતને અંગ્રેજોના સકંજામાંથી આઝાદી અપાવવા પણ એનું અહિત ઈચ્છતા નથી. બાપુ પાસે તો અહિંસક પ્રતિકાર કરવા ઉપવાસની સાધના હતી. આપણા રાષ્ટ્રીય હિત પણ કોઈનું શોષણ કરીને મળે કે પ્રાપ્ત થાય એવું સ્વપ્નમાં પણ વિચારે નહી, ગાંધીજીએ સમગ્ર વિશ્વમાં શાંતિનો સૂર્યોદય કેમ થાય ? સુખ, હળવાશ, નિર્ભય જીવન કેમ જીવાય તો બાપુ કહી ગયા એનું આચરણ કરવું પડશે. ગાંધીસૂત્ર છે :

**'આપણી રાષ્ટ્રીયતા બીજાં રાષ્ટ્રોને જોખમરૂપ ન હોય.
સ્વરાજ દ્વારા પણ આપણે તો જગતનું હિત સાધવું છે.'**

વૈશ્વિક કલ્યાણનો ભાવ પ્રેમાળ થયા વિના આવે નહિ. ગાંધીજીનો પ્રેમ અકર્મી નહોતો, રચનાત્મક, સર્જનાત્મક રહેતો. આ સંવેદન કલ્યાણકારી કાર્યોમાં, માણસને બેઠો કરવાના યજ્ઞમાં જોઈ શકાય. એ સમયના એવોર્ડ, પારિતોષિકથી પર બાપુએ પ્રેમમય જીવન જીવવાં સૂત્ર અપનાવતા કહ્યું હતું :

**'કર્મ છોડે તે પડે,
કર્મ કરતો છતાં તેના ફળ છોડે તે ચડે.'**

આ જીવંતસૂત્રમાં બાપુની આધ્યાત્મિક જીવનરીતિની ધજાપતાકા લહેરાતી દેખાય છે કે નહી ? પોતાના કાર્યોની સુગંધ પ્રસરે-પ્રસાર પામે તો સારી વાત

**(અનુસંધાન પાના નં. ૧૫૦ ઉપર)**

## (૦૩) મા ભારતીની નિશ્રામાં-૧૭

- ભરત ના. ભટ્ટ

### કેટલુંક પ્રગટ ચિંતન

આ પ્રકરણમાં મેં પૂર્વે જે વિચારો મૂક્યા તેના સંધાને થોડું વધુ પ્રગટ ચિંતન મૂકવાનું મન છે. હું મારા દલિત મિત્રને મદદ કરતો યા આકરું ગૃહકાર્ય પ્રસન્નતાથી સંપન્ન કરતો. આમાં પ્રગટ થતા મારા સમાનતાભાવમાં કે મારી ગૃહકાર્ય અંગેની નિષ્ઠા પાછળ કોઈ સમજદારી કે વૈચારિક બળ નહોતું. તેમાં મારી અંદરના કોઈ સંસ્કાર હોય તો પણ મારું તે સમયનું વ્યક્તિત્વ અને એ સંસ્કાર કાંઈ ઓતપ્રોત નહોતાં. આ સ્વાભાવિક પણ હતું કારણ કે હું ઉંમરમાં નાનો અને વ્યક્તિત્વની બાબતે અતિસામાન્ય યુવાન હતો. અતઃ આ સર્વ પ્રસંગોમાં મારા કોઈ ગુણો પ્રગટ થતા હોય તો પણ તેની પાછળ સમજણનું કોઈ નક્કર બળ નહોતું. આવી સ્થિતિ જો લાંબો સમય રહે, મને મળેલા સાંસ્કૃતિક મુદ્દલમાં હું મારા થકી કોઈ ઉમેરો ન કરી શકું તો એ મુદ્દલ ક્ષીણ થતું જાય.

પરંતુ મારા કિસ્સામાં આવી ક્ષીણતા ન આવી. આનું કારણ મને મળેલી ગુરુઓની છાયા અને સંસ્થાઓનો માહોલ. તેઓની નિશ્રામાં મારી સમાનતાની અનુભૂતિને, મારી નમ્રતાને, મારી સંવેદનશીલતાને અને મારી નિષ્ઠાને વૈચારિક બળ મળ્યું. મને લાગે છે કે આ મારા અંગત જીવન માટે તેમજ મારા શિક્ષકત્વ માટે બહુ નિર્ણાયક સોપાન હતું, મારું સદ્દભાગ્ય હતું. આ મારો બીજો જન્મ હતો. જેમ ખેતીમાં સારાં જ્ઞાન તથા દૃષ્ટિ હોવાં એ પૂરતું નથી. ખેતી અંગેના વિવિધ કૌશલની પણ તેમાં અનિવાર્યતા છે. શિક્ષકમાં જેમ જ્ઞાન તો હોવું જ જોઈએ પરંતુ સાથે જ વિદ્યાર્થીને રસ પડે તેમ, તેને સમજાય તેવી રીતે, જ્ઞાન પિરસતાં પણ આવડવું જોઈએ.

આ જ રીતે જો કોઈ ગુણમાં, લાક્ષણિકતામાં, અનુભૂતિમાં જતે દિવસે જો વૈચારિક સ્પષ્ટતા અને સજજતા ન સંયોજાય તો તે અનુભૂતિની, તે ગુણની સ્થિતિ કરોડરજ્જુ વગરના દેહ જેવી થાય. કવિતા એ સશક્ત અનુભૂતિનો સહજ ઊભરો(સ્પોંટેનિયસ ઓવરફ્લો ઓફ એ પાવરફૂલ ફીલિંગ) છે તે સાચું પરંતુ લાગણીના એ પૂરમાંથી જ્યારે ઊર્મિકાવ્ય જન્મ લે છે ત્યારે ભાવાભિવ્યક્તિની એક નીજી ક્રમિકતા અને તદ્જન્ય એક કાવ્યઘાટ રચાય તો જ ઊર્મિકાવ્ય મૂર્તિમંત થાય છે. જીવનનું આપણું ભાવવિશ્વ વિચાર અને સમજદારી દ્વારા પાસાદાર બને છે. પરિણામે તેનાં પીઢતાનાં, પરિપક્વતાનાં દ્વાર ખૂલે છે.

આ પછી તૃતીય ચરણ આવે છે. જેમ જેમ આપણાં લાગણીજગતને સ્વચિંતનનો ટેકો મળતો જાય તેમ તેમ તે (લાગણી અને વિચારનો સંયુક્ત પુદ્ગલ) સૌષ્ઠવપૂર્ણ અભિવ્યક્તિ પણ સિદ્ધ કરે છે. આનું કારણ એ છે કે વિચાર હંમેશા ભાષાને લઈને જ આવે છે. અતઃ લાગણી જ્યારે વિચારથી મંજાય છે ત્યારે તે નિર્મળ, અસરકારક, પરિપક્વ અને સનાતનરૂપ લે છે. વાસ્તવમાં લાગણી-ભાવ (હૃદયનો વ્યાપાર) અને વિચાર-મનન (બુદ્ધિનો વ્યાપાર) સમન્વિત થાય છે, એકાકાર બને છે ત્યારે આવો કોઈ પણ સદ્દગુણ પૂર્ણતાને પામે છે.

આ મુદ્દાની બીજી બાજુ પણ સમજી લેવી જોઈએ. કોઈ વિધેયક સિદ્ધાંત, કોઈ કલ્યાણકારી મૂલ્ય આપણે વિચારપૂર્વક ગ્રહણ કર્યું હોય તો જતે દિવસે તેમાં લાગણીરૂપી આંતરસત્વ ભળવું જ જોઈએ. દા.ત. આપણે વાંચન-ચિંતન દ્વારા અહિંસામાં માનવા લાગ્યા તો સમય જતાં તેમાં આંતરપ્રતીતિ સંયોજાવી જ જોઈએ. સાથે જ અહિંસા આચરણમાં પણ પ્રગટવી જોઈએ. જો એમ નહીં બને તો કેવળ વિચાર શુષ્ક બની જશે, નિર્જીવ બની જશે. પરિણામ સ્વરૂપ તે વિદ્યાર્થીમાં સંક્રાંત નહીં થાય, તે અવાડો બની રહેશે કૂવો નહીં બની શકે. બીજી રીતે એમ કહી

શકાય તે દીપદીક્ષા નહીં સિદ્ધ કરી શકે. જેવી રીતે કોઈ સિદ્ધપુરુષ અદ્વૈતભાવે પહોંચ્યા પછી તેમાં ભક્તિ પ્રથમ હતી. જ્ઞાન પહેલું હતું કે કર્મ પ્રથમ હતું તે ગૌણ બની જાય છે તેમ એક શિક્ષકમાં કોણ અગ્રજ કે અનુજ હતું ? લાગણી કે વિચાર ? આ સમસ્યા, પ્રશ્ન કે ક્રમિક્તા નામશેષ બની જશે.

આમ જોઈએ તો આ કાંઈ નવી વાત નથી. શિક્ષકના ચાર અનિવાર્ય ગુણોમાં જ્ઞાન (બુદ્ધિ-વિચાર) અને વાત્સલ્ય (લાગણીશીલતા) એ બંને અવિચળ છે જ. અન્ય બે ગુણો છેઃ ચારિત્ર અને કર્મઠતા. એ પણ યાદ રાખવાનું છે કે આવી ગુણસંવર્ધનની પ્રક્રિયા પકડાતી નથી, મોટે ભાગે તે પ્રણયની માફક 'અનનોન' પ્રવેશી જાય છે.

ત્રિવિધ પગલાંઓ દ્વારા સંપૂર્ણતાને વરેલા સદ્‌ગુણને પછી અનુભવો દ્વારા, લાગણીના સામર્થ્યથી અને મનન દ્વારા ચોથા ચરણમાં લઈ જઈ શકાય છે. હવે શિક્ષક એ ગુણોનું પૃથકકરણ અને સંયોગીકરણ કરી શકે છે. તેનાં ઘડતર અંગેના પગથિયાં જોવાની તેને નવી દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે. પરિણામે એવો શિક્ષક પછી વિદ્યાર્થીઓમાં ગુણોની કેળવણી કરવા સજ્જ બને છે, ગુરુત્વનો યાત્રી બને છે.

વિદ્યાર્થીકાળના મારા બનાવોને, ૩૬ વર્ષના મારા અધ્યાકાળને અને હમણાના પંદરેક વર્ષના મારા સિંહાવલોકનકાળને, નિરીક્ષણ-પરિક્ષણકાળને જ્યારે હું આકલિત કરવા પ્રયત્ન કરું છું ત્યારે મારી આવી ઘડતરયાત્રા મને ઝાંખી દેખાય છે. આજે પણ હું આ માર્ગે વિદ્યાર્થી રૂપે, શિષ્યભાવે આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યો છું. સાથે જ પરમાત્માને એ અંગે કૃપા કરવા પ્રાર્થના કરું છું.

------------------------------

તે સમયમાં અમારું ઘર ઠીક ઠીક કરકસરથી ચાલતું હતું. આમ તો અમારી જીવનશૈલી કાયમ કરકસરયુક્ત રહેતી. તેમ છતાં આ ગાળામાં કરકસર કરવાની વધુ જરૂર હતી. નાનાભાઈને પેન્શનરૂપે માસિક રૂ.૧૫૦/- સંસ્થા આપતી હતી. તેનાથી વધારે ખર્ચ થાય તો તે અંગે શું વ્યવસ્થા હતી તે હું જાણતો નહોતો. કદાચ બંને મોટાભાઈઓ જરૂર પડતાં રકમ આપતા હશે. આમ પણ વિદ્યાર્થી અવસ્થામાં મારો પોતાનો ખર્ચ બહુ સામાન્ય હતો. આ ગાળામાં મેં ખર્ચ વિશે વધુ કાળજી રાખેલી. વેકેશનમાં સંસ્થામાં દૂધ વહેંચવાનું તેમ જ અન્ય અંગત શ્રમ કરવાનું મારું ચાલુ જ હતું. ઉપરાંત તેમાંથી અંગત બચત કરવાનો તો મને વિચાર જ ન આવતો.

આ ગાળામાં હું મુખ્યત્વે બ્લૂ રંગની ચડ્ડી (હાફપેન્ટ) અને સફેદ કે આછું રંગીન અડધી બાંયનું ટી-શર્ટ પહેરતો. મારાં આ વસ્ત્રો નિવૃત્તિને આરે હતાં. બીજી બાજુ ઉનાળાની રજાઓ પછી તરત અમારે સૌએ શિક્ષણનિવાસમાં જવાનું હતુ. ત્યારે મારે નવાં કપડાં સિવડાવવાના હોવાથી તે અંગે હમણા ખર્ચ ન કરવાનું અમે નક્કી કરેલું. આવા સંજોગોમાં માર્ચ-એપ્રિલ (૧૯૬૦) ના ગાળામાં છેલ્લો એક-દોઢ માસ મારું પરિધાન આવું હતું : બે બ્લૂ ચડ્ડીઓ હતી જે વારાફરતી રોજ ધોવાની-પહેરવાની. સાથે હતું એક દોરિયાનું સફેદ ટી-શર્ટ. તે રોજ રાત્રે સૂતાં પૂર્વે ધોઈ નાખું જે સવારે સુકાઈ જતાં પહેરી લઉં. આ ત્રણ વસ્ત્રોએ પૂરી વફાદારીથી મારા કરકસરના અભિયાનમાં સાથ આપેલો. આ ગાળામાં એક-બે મિત્રોને મારું ટી-શર્ટ સંતાડવાનું મન થયેલું પરંતુ બીજા મિત્રોની એ અંગે મનાઈ થતાં હું મુશ્કેલીમાંથી ઉગરી ગયેલો. મારા મોટા ભાગના મિત્રો મારો આર્થિક વ્યવહાર જાણતા હતા, કહેતા 'ભરત, તું તો અમારા કરતાં પણ કરકસરથી જીવે છે.' હવે મારી ગણતરી એવી પણ હતી કે આવનાર ઉનાળુ વેકેશનમાં ઠીક ઠીક શ્રમ કરી થોડું કમાવું અને શિક્ષણનિવાસ માટેનાં વસ્ત્રોના ખર્ચમાં મદદરૂપ થવું.

**શિક્ષણનિવાસ – ગ્રામનિવાસ :**

નવા સત્ર તેમ જ વર્ષના જુલાઈ માસથી અમારો શિક્ષણનિવાસ આરંભાયેલો. મને તથા મારા મિત્ર પ્રેમજી સોલંકીને ગૂજરાત વિદ્યાપીઠ (અમદાવાદ-૧૪)ના વિનય મંદિરમાં મૂકવામાં આવેલા. મારા મોટાભાઈ નરેન્દ્રભાઈએ સંસ્થાને એવું સૂચવેલું કે ભરતને શહેરના માહોલનો થોડો અનુભવ મળે તો સારું. તેમના આ સૂચનને સહજ સ્વીકારીને સંસ્થાએ મને ગૂજરાત વિદ્યાપીઠમાં મોકલેલો. મેં ક્યાંક

અન્યત્ર લખ્યું છે તેમ મારા ભાઈનું આ સૂચન મને લાભકર્તા થયેલું.

ગૂજરાત વિદ્યાપીઠમાં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયનાં છાત્રાલયને અને વિદ્યાલયને સમાવતા મો...ટ્...ટા ચોરસ બિલ્ડિંગમાં પ્રથમ માળે અમને એક મોટી રૂમ રહેવા માટે અપાયેલી. મહાવિદ્યાલયના ત્રણેય વર્ષના વિદ્યાર્થી ભાઈઓ આ બિલ્ડિંગમાં જ રહેતા હતા. તેઓના વર્ગખંડો તથા સંમેલનકક્ષ પણ તેમાં જ હતાં. અમારું જમવાનું તથા રહેવાનું તેઓની સાથે જ હતું. તેઓના ગૃહપતિ મગનભાઈ ના. પટેલ અમારા પણ ગૃહપતિ જ ગણાતા. વિનય મંદિર સિવાયનો અમારો કાર્યક્રમ તેમની દેખરેખ નીચે રહેતો.

વિનય મંદિરમાં અમારે ભણાવવા જવાનું હતું તેમજ ત્યાંના અન્ય સર્વ શૈક્ષણિક કાર્યક્રમમાં જોડાવાનું હતું. મારે ગુજરાતી તથા ઈતિહાસ વિષયો તથા પ્રેમજીએ અંગ્રેજી તથા ગુજરાતી વિષયો ભણાવવાના હતા. ત્યાં ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય આચાર્ય હતા. તેમનું સમગ્ર વ્યક્તિત્વ પ્રભાવશાળી અને હૂંફાળું હતું. તેમના વહીવટમાં માનવતાસભર કૌશલ હતું તો તેમના ભણાવવા-બોલવામાં વિદ્વત્તા તથા શાલીનતા હતા. સમગ્ર વિદ્યાલય પર તેમની મધુર પકડ હતી. ઊંચા, ગોરા ચંદ્રકાન્તભાઈ નઈ તાલીમ, ગાંધીજીવનદર્શન અને ભારતીય સંસ્કૃતિના ચાહક અને પુરસ્કર્તા હતા. મારા પિતા માટે તેમને પારાવાર આદર હતો તેથી અમને બંન્ને તેઓ લઘુબંધુસમ ગણતા. તેઓ સારા વક્તા હતા અને કર્ણપ્રિય અવાજ ધરાવતા હતા. સમગ્ર વિદ્યાપીઠમાં પણ ઘણીવાર તેમને સ્ટેજ સોંપાતુ અને તેઓ સરસ સભાસંચાલન કરતા. પછી વર્ષો સુધી મને તેમનો સદ્ભાવ મળતો રહેલો. અમને આઠમા તથા નવમા ધોરણના વર્ગો સોંપાયેલા. પછી પ્રેમજીને અવેજીમાં ૧૦ મા ધોરણના વર્ગો પણ સોંપાતા.

ભણાવવાના મુદ્દે મારા કરતાં પ્રેમજી વધારે વિદ્યાર્થીપ્રિય હતો. ભણાવતી વેળા તે વિદ્યાર્થીઓ સાથે ગમમ્ત કરતો તથા રમૂજ પડે તેવા હાવભાવ કરતો જે વિદ્યાર્થીઓને ગમતું. તે આવું સમજપૂર્વક કરતો અને મને પણ તેમ કરવા સૂચવતો. પ્રેમજીનાં આવાં ગમ્મત-હાવભાવ સહજ હતાં અને તેમાં ન ગમે તેવું કાંઈ નહોંતું. તે આમ પણ મારી સરખામણીએ બહિર્મુખ વ્યક્તિત્વ ધરાવતો હતો.

મારુ ભણાવવાનું પણ સારું ચાલતું હતું. મને શિક્ષકપણું ગમતું હતું, વિષય ગમતા હતા, તે ભણાવવા ગમતા હતા અને વિદ્યાર્થીઓ ગમતા હતા. મારી ભણાવવાની હથોટી હજી ઘડાઈ નહોતી પરંતુ હું સાચા-સારા શિક્ષક બનવા પ્રયત્નશીલ હતો. વિદ્યાર્થીઓને પ્રેમજીના વર્ગ જેટલી મજા મારા વર્ગમાં ન આવતી. જો કે હું મને ગમતી શૈલી-દિશા મુજબ ચાલતો હતો.

વિનય મંદિરમાં સહશિક્ષણ હતું. (કદાચ રોજ) તેઓને દોઢ-બે કલાકનો શ્રમ પણ રહેતો. શાકભાજીના પ્લોટમાં તેઓએ શ્રમ કરવાનો રહેતો.

અમે તેમની સાથે શ્રમમાં જતા. તેમનો શ્રમ અમને બહુ હળવો લાગતો તેથી અમે સતત પ્રવૃત્ત રહેતા-રહી શકતા. જે વિદ્યાર્થીઓ શ્રમમાં પાછળ રહી જાય તેને અમે મદદ કરતા. આમાં કન્યાઓને મદદ કરવાનું વધુ બનતું, કારણકે ભાઈઓ કરતાં આમ પણ તેઓ ધીરાં હોય. ઉપરાંત તેઓની સતત ચાલતી જીભની માઠી અસર તેમના હાથની ગતિ પર પડતી. જો કે તેમનો આ મીઠો કલબલાટ વાતાવરણને જીવંત અને હળવું બનાવતો. શરૂ શરૂમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અમે સતત કામ કરીએ તેથી નવાઈ પામતાં પરંતુ પછી તેમને અમારી મદદ ગમવા લાગેલી. અનેક અમને સાદ પાડીને મદદમાં બોલાવ્યાં કરતાં. ધીરે ધીરે અમારી સાથે વાતચીત ચાલવા લાગેલી. તેઓ અમારી વિશે બધું પૂછી પૂછીને અમને જાણતાં થયેલાં. આ રીતે તેઓ આસ્તે આસ્તે અમારી સાથે ખૂબ ભળી ગયેલાં. તેમાંથી કેટલાંક તો આજે પણ મળે તો પરસ્પર ઓળખી લઈ સંભારણાં તાજાં કરીએ છીએ.

વિનય મંદિરના સંમેલનમાં અમે નિયમિત જતા જેનો અમને સારો લાભ મળ્યો. કોલેજના ભાઈઓ સાથે પ્રાર્થના-હાજરીમાં અમે જતા. ત્યાંના વિશિષ્ટ કાર્યક્રમોનો પણ અમને

લાભ મળેલો. અમે વચ્ચે વચ્ચે મહાવિદ્યાલયના વર્ગોમાં પણ બેસતા. મ.જો.પટેલના ગાંધીવિચારના વર્ગો તથા રતિભાઈ જોશીના ગુજરાતીના વર્ગો અમે ભરેલા. આ દ્વારા મ.જો.પટેલના સાથે તો મારે પછી આજીવન વડીલ-મિત્રોનો નાતો બંધાયેલો. રતિભાઈ પણ મળતાવડા સ્વભાવના હતા અને અમે લાંબા સમય સુધી સંપર્કમાં હતા.

એક દિવસ કોલેજના પ્રથમ વર્ષના બે ભાઈઓ અમારી રૂમ પર મને મળવા આવ્યા. હું તેમને ઓળખતો હતો કારણકે ગત વર્ષે લોકભારતીના પ્રથમવર્ષમાં ભણતા હતા. હવે તેઓ ત્યાંનું એક વર્ષ જતું કરી ચાલુ વર્ષે ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ વર્ષમાં દાખલ થયા હતા. ગુ.વિ.માં હજી તેઓ સેટ નહીં થયેલા એટલે મુંઝાતા મુંઝાતા મારી પાસે આવેલા. ત્યારે અમારી વચ્ચે જે સંવાદ થયો તે કાંઈક આવો હતો. તેઓએ મને કહ્યું, ‘ભરતભાઈ, અમને અહીં ગમતું નથી. અમે લોકભારતી છોડી અહીં આવ્યા તેમાં ભૂલ થઈ લાગે છે. હવે અમારે શું કરવું ? ‘પછી જરા અટકી, નીચું જોઈને બોલ્યા, ‘તમારા પિતાએ સ્થાપેલી સંસ્થા છોડીને અમે અહીં આવ્યા તે તમને નહીં ગમે પણ અમે અમારી મુંઝવણ બીજા કોને કહીએ ?’

મેં તમને કાંઈક આવા ભાવનું કહેલું, ‘જુઓ, તમે લોકભારતીમાં રહ્યા હોત તો સારું હતું પરંતુ હવે તમે જ્યારે અહી આવી જ ગયા છો તો તમારા એ નિર્ણયમાં મને કોઈ ભૂલ નથી લાગતી. ગૂજરાત વિદ્યાપીઠ તો લોકભારતી કરતાં ઘણી વધુ પ્રતિષ્ઠિત સંસ્થા છે. આ સંસ્થા દ્વારા તમારી આગળ ભણવાની અને નોકરી મેળવવાની શક્યતા વધુ ઉજળી બનશે. અભ્યાસનું ધોરણ તથા છાત્રાલયજીવન તો બંને સંસ્થામાં સારાં અને સરખાં છે. તમે અહીં આવ્યા છો તે હવે યોગ્ય કર્યું છે તેમ માની દ્વિધા-શંકા છોડી દ્યો અને અહીં શાંતિથી સ્થિર થઈ ભણવા લાગો.’

બે-ત્રણ દિવસ પછી તે બંને આવીને મને કહે, ‘ભરતભાઈ, અમે હવે અહીં ગોઠવાઈ ગયા છીએ. તમે અમને સાચી સલાહ આપી અને અમારો મુંઝારો દૂર કર્યો તે માટે આભાર માનીએ છીએ.’ મેં કહ્યું, ‘એમાં આભાર માનવાનો ન હોય. આપણે તો મિત્રો છીએ. મને જેમાં તમારું ભલું દેખાયું તેમ કરવા મેં સૂચવ્યું. તમે ગોઠવાઈ ગયા છો તેથી હું પણ રાજી થયો છું.’ પછી, આ વખતે પણ જરા સમય જવા દઈ તેઓ કહે, ‘ભરતભાઈ, અમે તો તમારી સંસ્થા છોડેલી. તેમ છતાં ન તમે અમને પાછા કાઢ્યા કે ન વઢ્યા ! લોકભારતી પાછા જવાનું પણ તમે ન કહ્યું. તમે તો શાંતિથી અહીં જ સ્થિર થવા સમજાવ્યા. તમારું આવું તટસ્થ વલણ અમને સ્પર્શી ગયું અને અમે ગોઠવાયા.’

તે બંને મિત્રો નવલભાઈ શાહની ગુંદી ખાતેની સંસ્થામાંથી લોકભારતી આવેલા. બંને સારું વોલીબોલ રમે એટલે તે માધ્યમથી અમારે વિશેષ પરિચય થયેલો. તેઓ વિદ્યાપીઠમાં ભણી શિક્ષણક્ષેત્રમાં ગોઠવાયેલા. તેમાંના એક તે ભાઈ જેસંગભાઈ ડાભી. ગુજરાતમાં નઈ તાલીમ પરિવારમાં તેઓ ખૂબ જાણીતા છે. બીજા એ ઓતરિયા ખાતે શિક્ષક તરીકે લાંબો સમય કામ કરનાર સ્વ. નરસિંહભાઈ સોલંકી.

તેઓએ મારો આભાર માન્યો, મને તટસ્થ ગણ્યો પરંતુ મારા મનમાં ત્યારે સંસ્થા અંગે પોતાની કે પરાઈ તેવો ભાવ આવ્યો જ નહોતો. વિદ્યાર્થી ક્યાંય પણ ભણવા જાય ત્યારે આરંભમાં સેટ ન જ થાય. પરંતુ ભણવા માટે, ઘડાવા માટે સેટ થવું જ જોઈએ. આવો મારો થોડો અનુભવ, કાંઈક ઘડાયેલી સમજ તથા પરિવારના અને સંસ્થાના સંસ્કાર થકી મને જે તરત મનમાં આવેલું તે મેં કહેલું. મને લાગે છે કે જે દ્વારા લોકભારતી પણ થોડી ઊંચે ચડી હશે તેવું મારું આ વલણ ભગવાને જ પ્રેર્યું હશે.

હું અને પ્રેમજી વોલીબોલના શોખીન અને સારું રમનારા. ગુ.વિ.માં બરાબર અમારા કમરાની નીચે જ વોલીબોલનું મેદાન, સાંજે પાંચેક વાગ્યે, તૃતીય વર્ષની આગેવાની નીચે, ત્યાં બધા ખેલાડીઓ ભેગા થાય એટલે ઉપર અમને સાદ પાડે. અમે ત્યાં નિયમિત અને મજાથી વોલીબોલ રમેલા. અતઃ શિક્ષણનિવાસમાં અમારે વોલીબોલનો વિરહ જરાય નહીં સહેવો પડેલો. વોલીબોલ રમતાં રમતાં જ મારે મોતીભાઈ પટેલ (વર્તમાનમાં જાણીતા શિક્ષણશાસ્ત્રી) અને અરવિંદભાઈ દેસાઈ (હાલમાં-પ્રમુખ, હળપતિ સેવા સંઘ, બારડોલી)સાથે મૈત્રી બંધાયેલી જે કાયમ

રહી છે.

અંદાજે સપ્ટે, ૧૯૬૦માં અમારો શિક્ષણનિવાસ પૂરો થયો. એ પછી એક માસનો ગ્રામનિવાસ મારે લોકભારતીમાં જ કરવાનો હતો. નાનાભાઈની લથડતી જતી તબિયતના સંદર્ભમાં સંસ્થાએ આ નિર્ણય લીધેલો. મને લક્ષ્મણભાઈ ભ.પટેલની નીચે પ્રા.અ.મંદિરના ભાઈઓના છાત્રાલયના મદદનીશ ગૃહપતિ તરીકેની કામગીરી સોંપાયેલી. તેમાં મુખ્યત્વે તેમનું ભોજનાલય સંભાળવાનું હતું. તેઓ ત્યારે સંસ્થાના મુખ્ય રસોડે જમતા હતા એટલે મને રસોડા સંચાલનની થોડી તાલીમ મળે તેવો સંસ્થાનો આશય હતો. પછીથી લોકભારતીના સફળ મુખ્ય કોઠારી બનેલા વિઠ્ઠલભાઈ ગોઠી(પટેલ) ત્યારે રસોડાવ્યવસ્થાપક હતા. ત્યારે સંસ્થાના મુખ્ય કોઠારી હતા કાંતિભાઈ શાહ. તેઓ જ વિઠ્ઠલભાઈને લાવેલા, વિઠ્ઠલભાઈ પાસેથી મને રસોડાની વ્યવસ્થા અંગે, શાક-ભાજી અને અનાજની ગુણવત્તા પારખવા અંગે ઘણું જાણવા મળેલું.

જેમાં પ્રેમજી પણ મારી સાથે હતો તેવા અમારા આ ગ્રામનિવાસની કેટલીક વાતો નોંધી લઉં.

વિદ્યાર્થીઓ માટેનો સવારનો નાસ્તો તૈયાર રાખવો, બંને સમયનું સીધું કાઢવું, ત્રણ-ચાર દિવસે મોટા કોઠારેથી સીધું મંગાવી લેવું, ઘી તાવવું, સૌ શાંતિથી અને વ્યવસ્થિત બેસીને જમે તે જોવું, પિરસવાનું વ્યવસ્થિત થાય તેનું ધ્યાન રાખવું તથા પિરસનારા સાથે બીજી પંગતમાં જ જમવું વગેરે અમારી જવાબદારીઓ હતી. વિદ્યાર્થીદીઠ સીધા (લોટ, ધાન, કઠોળ, શાક, તેલ વગેરે)નું માપ શું તેનું ગ્રા.દ.મૂ,માં ગુણવંતભાઈએ જબરું દ્રઢીકરણ કરાવેલું. ચાર-પાંચ વર્ષે અહીં નવા સંદર્ભમાં વિઠ્ઠલભાઈના માર્ગદર્શન નીચે તેનું પુનરાવર્તન આરંભાયું.

ત્યારે રસોડે જ છાશનું વલોણું હતું, ત્યાં જ માખણ ઉતરતું અને ઘી તવાતું. ઘી તવાયા પછી મોટા તપેલામાં નીચે થોડું કીટું રહેતું. આ કીટું મને પહેલેથી બહુ ભાવે. અહીં વિઠ્ઠલભાઈ અમને થોડો ગોળ આપે એટલે ગોળ-કીટું બરાબર ભેળવી, બે નાની લાડુડી બનાવી મારે-પ્રેમજીએ તે ઝાપટી જવાની. આ કારણે ઘી તાવવાના કામ બાબતે અમે બહુ ઉત્સાહી રહેતા.

રસોડા વ્યવસ્થાપક વિઠ્ઠલભાઈ મારથી પાંચેક વર્ષે જ મોટા હશે. તેમની નોકરીનો અને ગૃહસ્થીનો આ શુભારંભ હતો. તે અમારા ઉપરી ઓછા અને મિત્ર વધુ હતા. આ કારણે ગમ્મતો ચાલતી.

આ ગાળામાં મિત્રોને ચિડવવા માટે મેં એક વાક્ય પકડેલું,- 'એવું બને જ નહીં !' મારી ઉપસ્થિતિમાં તૃતીયવર્ષના મારા સહપાઠીઓમાંથી કોઈ પણ, કોઈ પણને પ્રશ્ન પૂછે, સૂચન કરે, વિધાન કરે કે આદેશ દે એટલે હું 'એવું બને જ નહીં' એમ વદતો કૂદી પડું. પછી તેના અનેકવિધ પડઘા માણું. ગ્રામનિવાસ દરમિયાન મારા આ વાક્યપ્રહારની ફ્રિકવન્સી યથાવત રહેલી. હવે તેના ઘેરાવામાં વિઠ્ઠલભાઈ પણ આવી ગયા. એક દિવસ બપોરનું ભોજન પત્યા પછી અમે છૂટા પડતા હતા. ત્યારે વિઠ્ઠલભાઈએ મને પૂછ્યું, 'ભરતભાઈ, સાંજનું સીધું કાઢ્યું છે ને ?' મેં કહ્યું, એવું બને જ નહીં !' તેમણે ગંભીરતા સાથે તરત પૂછ્યું- સાંજનું સીધું કાઢવાનું બાકી છે ?' પુનઃ મેં કહ્યું 'એવું બને જ નહીં!' વિઠ્ઠલભાઈ જરા ગૂંચવાયા એટલે પ્રેમજીએ માંડ હસવું ખાળી બધો ફોડ પાડ્યો. પછી તો વિઠ્ઠલભાઈ પોતે પણ આ ગમ્મતમાં જોડાવા લાગ્યા.

એક દિવસ મારી નવી, સરસ પેન હું રસોડામાં ભૂલી ગયો. બીજે દિવસે બપોરે સૌને જમાડ્યા પછી અમે બંને જમવા બેઠેલા ત્યાં પેન લઈને વિઠ્ઠલભાઈ આવ્યા, કહે, 'ભરતભાઈ, આ પેન તમારી છે ?' હવે જો હું મારું પરંપરાગત રમુજી વાક્ય અહીં બોલું તો મારી એ પેન ન રહે, આવું કાંઈક વિચારી આવેલા. મેં બે કોળિયા વચ્ચે નાનો વિરામ લઈ કહ્યું, 'એ પેન મારા સિવાય કોઈની હોય તેવું બને જ નહીં!' વિઠ્ઠલભાઈ અને પ્રેમજી બંને ખડી પડ્યા અને પેન મારા ખિસ્સામાં સરકાવી દીધી.

●---------●●●--------●●●---------●

'મંદાર' ૩૬/૧, બીમાનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫, મો.૯૪૨૯૦ ૨૯૪૭૦

## (૦૪) નાનાભાઈના પત્રો

**- નીતિન ભટ્ટ**

(આ પત્રમાં પૂ. નાનાભાઈના ધર્મ તથા લગ્ન માટે ઇચ્છુક યુવક-યુવતી વચ્ચેના સબંધો કેવા હોવા જોઈએ એ બાબતના વિચારો વ્યક્ત થયા છે. એ કેટલું દૂરગામી વિચારી શકતા હો તે દેખાઈ છે. આ પત્ર નાનાભાઈને ૧૯૪૨ની ચળવળ માટે રાજકોટ જેલમાં રાખવામાં આવેલા ત્યાંથી લખાયો છે.)

એ.સે.જેલ, સદર. રાજકોટ
૨-૮-૧૯૪૩

ચિ. બચુ,

તારો ૨૩મીનો પત્ર મળ્યો.

ધર્મ વિષે તે પૂછ્યું. મને કાગળમાં શું લખવું તે સૂઝતું નથી. આપણા લોકોનો મોટો ભાગ અને તેમાંય ધર્મના બધા પંડ્યાઓ જે રીતે ધર્મ સમજે છે અને આચરે છે તેમાં કેવળ અધર્મ જ છે એમાં મને શક નથી. એ રીતે કાશીવિશ્વનાથની ગોરાણી પૂજા પર તને તિરસ્કાર આવ્યો હોય તો હું એથી રાજી થાઉં. પણ આવા ઢોંગની સાથે સાથે આપણા દેશમાં સાચો ધર્મ પડ્યો છે ખરો. આવો સાચો ધર્મ આજે તારે જોવો હોય તો તેની છાયા તને પુ.બાપુના જીવનમાં દેખાશે, પુ.કાકાસાહેબના જીવનમાં દેખાશે, આપણા મનુભાઈ અને વિજ્યાબેનના જીવનમાં દેખાશે અને એના જાડા રૂપમાં તારી બાના જીવનમાં પણ દેખાશે. આ વાત હવે પછી આપણે મળીએ ત્યારે જરૂર આપણે વિસ્તારથી ચર્ચવી છે. કાગળમાં હું ગમે એટલું લખીશ પણ રૂબરૂ સમજાવું એવી મજા નહિં આવે.

તું ઉંધે રસ્તે જઈશ એવી બીક રાખતો નહિં. આજે તો તારા મનને ખુલ્લું રાખવું અને જે માર્ગ સત્ય લાગે તે માર્ગે જવું.

હવે હરિભાઈના પત્રની વાત. હરિભાઈ તારા અને ઈન્દુના વેવીશાળને જાહેર કરવા માગે છે અને તેમાં મારી પરવાનગી માગે છે. એમને પોતાને તો તું અને ઈન્દુ જે આખરી નિર્ણય કરો તે કબુલ જ છે પરંતુ વ્યવહારમાં સગાઓને જવાબ આપવા માટે વેવીશાળ જાહેર કરવું એમને વધારે ફાવે એમ છે. આ સંબંધમાં મેં એમને જણાવ્યું કે મેં તો હવે આખો કેસ બચુ અને ઈન્દુના હાથમાં સોંપી દીધો છે એટલે વેવીશાળમાં ઉતાવળ કરવી હોય તો પણ ઈન્દુ સ્હેજ બચુને લખીને નક્કી કરે. આ મારો કાગળ-એનો સાર. હવે તને અને ઈન્દુને બન્નેને લાગે કે વેવીશાળ જાહેર કરવામાં વાંધો નથી તો તારે એ પ્રમાણે ઈન્દુને જણાવવું જોઈએ. જો તમારા બે માંથી એકને પણ લાગે કે હજુ જાહેર નથી કરવું તો એકે બીજાને પોતાની વાત સમજાવવી અને ગળે ઉતરાવવી.

ઈન્દુ કન્યા છે. એના જીવન પર એની બાની મોટી અસર હોય જ. ઉપરાંત એ પોતાના માં-બાપની વ્યવહારિક મુશ્કેલીઓ પણ રોજ અનુભવતી હોય. તું તો રહ્યો દીકરો. અમારામાં જે વ્યવહારની અડચણ આવતી હોય એને તો હું ઝીલનારો રહ્યો. એટલે તારી બાની મૂંઝવણ પણ ઓછી થાય ને મને તો ખબર જ ન પડે. આવા સંયોગોમાં ઈન્દુ સ્હેજે એમ ઈચ્છે. તારે જોવાનું તો એજ છે કે તારે આખરે ઈન્દુ સાથે જોડાવું છે ? જો તારું મન સ્વાભાવિક રીતે તેના તરફ આકર્ષાતું હોય તો બાકીનું બધું સરખું થઈ રહેશે. તમે બન્ને જીવનના તમામ આદર્શોને નક્કી કરી, સહી સિક્કા કરીને પછી જ જોડાઓ એવું કદિ બનવાનું નથી. તારું દિલ જો અંદરથી હા પાડતું હોય તો તેમ કર; ના પાડે તો અત્યારથી જ છેડો કાપી નાખ. હું સમજ્યો છું એ સાચું હોય તો તારું અને ઈન્દુનું દિલ મળ્યા છે અને તમે જોડાઓ એમાં મને તમારા બન્નેનું કલ્યાણ દેખાય છે. જેમ મને લાગે છે તેમજ જો તને પોતાને લાગતું હોય તો વેવીશાળ જાહેર કરવામાં હું વાંધો જોતો નથી. પણ જો તારું મન જરાય ઢચુપચુ હોય તો વેવીશાળ જાહેર કરવાથી તને બહુ નુકશાન ન થાય પણ ઈન્દુને ભારે નુકશાન થાય અને પછી તેને માટે યોગ્ય વર મેળવવા નાતમાં મુશ્કેલી પડે. મને પોતાને પણ તારા કરતા ઈન્દુની ચિંતા વધારે છે માટે.

૧. પહેલા તું તારા પોતાના અંતઃકરણ મુજબ નિર્ણય કર.

૨. જો જવાબ 'હા' મા આવે તો વેવીશાળ જાહેર

કરવાની નિર્દોષ વાતમાં તારે હઠ ન કરવી. પણ ઈન્દુને ગમે તેમ કરવું.

૩. જો નિર્ણય 'ના' માં આવે તો આજે જ ઈન્દુને જણાવી દેવું એટલે એમાં તેને પોતાનો રસ્તો સુઝે.

પછી ઈન્દુની સાથે જીવનની આદર્શ વાતો કરવાનો વખત તો ઘણો રહે છે અને એક વાત તો તારે સમજી જ લેવી જોઈએ. રીતસર જીવનમાં પડ્યા પહેલાં જીવનની અમુક આંટીઘુંટીઓ સમજાતી જ નથી. આજે તમે બન્ને શુદ્ધ બુદ્ધિથી જોડાવા માગો છો. એટલો સંકલ્પ બસ છે. પછી તો તારા મનમાં હોય કે ઈન્દુનું મન કેમ રાજી રાખું અને ઈન્દુને એમ હોય કે બચુંનું ગમતું કેમ કરું. આ પરસ્પરની લાગણી બધો માર્ગ સહેલો કરે છે. તમારી બન્નેની ઉંમર જોતાં અને બંને ઘરનું વાતાવરણ જોતાં, મને વેવીશાળ માટે વખત વહેલો નથી લાગતો, ઉલટો, ઠીકઠાક મોડો લાગે છે. શંકર- પાર્વતીની આખ્યાયિકા હું લખું છું તેની નકલ તને મોકલીશ.

બટુક (નરેન્દ્રભાઈ) અને નાનાકાકા (વામનભાઈ ભટ્ટ) આવી ગયા. હવે મુલાકાતો બધી પોલીસની હાજરીમાં લેવાય છે. એટલે મુલાકાત બધી રસ વિનાની લાગે છે.

તારે જેટલા કાગળો લખવા હોય તેટલા છૂટથી લખવા. નકામો લોભ ન કરવો. ભાવનગર અને આંબલા સૌ મજામાં છે. વરસાદ બહુ સારો થયો. ગાય તથા આંબા મજામાં છે. તેં જમવાનું ક્યાં રાખ્યું છે ? સતીશભાઈને (સતીશભાઈ કાલેલકર) મારા ખુશખબર દેજે. કાકાસાહેબને (કાકાસાહેબ કાલેલકર) મારા પ્રણામ લખે તેમ પણ કહેજે. પંડિતજી (પંડિત સુખલાલજી) ક્યારે આવવાના છે ? પંડિતજી આવે ત્યારે ધર્મની બધી વાતો તારે એમની સાથે કરવી. એમણે ધર્મના રહસ્યને પચાવી લીધું છે એવો મારો ખ્યાલ છે.

તારે વેકેશનનો પ્રોગ્રામ ગોઠવી લેવો અને બટુકને બતાવવો હોય તો બતાવવો. દેશી વૈદાનું research કામ થતું હોય તેવાં સ્થાનો તારે જોવાં જોઈએ. હું આવા એક સ્થાનની પેરવી કરું છુ અને નક્કી થયે તને લખીશ. ભાવનગર, અમદાવાદ તેમજ આંબલા કાગળ લખતો રહેજે. ભાવનગર તો દર અઠવાડિયે એક ચોક્કસજ લખવો.

તારો નાનાભાઈ

**(અનુસંધાન પાના નં. ૧૪૩ ઉપર)**

નહીતર સારું કાર્ય કરતા રહેવું, પ્રેમાળ માણસ જ આવું જીવી શકે છે. પ્રેમને પોષક-ખોરાક એટલે ગાંધીજીની નિત્ય પ્રાર્થના સવારનો શુભારંભ અને રાત્રિએ સમાપન પ્રાર્થનાથી થતું બાપુ કહી ગયા કે :

**'પ્રાર્થના કે નમાજ એ સવારની પ્રવૃત્તિની ચાવી છે અને રાતનું તાળું છે.'**

પ્રાર્થનાથી આત્માની શુદ્ધિ થાય છે, શુદ્ધ હૃદયમાં પ્રેમ પનપે- વિકસે છે. બાપુ સૂત્ર આપી ગયા તેનો અમલ એટલે પ્રેમપંથનું જીવનમાં આચરણ. 'હરિજનબંધુ', તા. ૦૮-૦૬-૧૯૪૭માં બાપુએ કહ્યું હતું :

**'પ્રેમનો કાનૂન આખું હિંદુસ્તાન સ્વીકારે તો આખી દુનિયાનું તે બેશક બિનહરીફ આગેવાન બને.'**

ગાંધીજીનો 'પ્રેમ' વાડાબંધીથી મુકત સૃષ્ટિમય હતો, પ્રકૃતિ તરફની અસીમ નિસ્બત એમાં દેખાય છે. કુદરત પાસેથી જોઈએ એટલું જ જોઈએ ત્યારે લેવું અધિક નહી. જળ સંપત્તિ ને વૃક્ષો જીવંત ખજાના એમના માટે હતા. સૃષ્ટિના સાદને સાંભળતા, હરેક માણસના હૃદયના નાદને પામતા, ગરીબો, વંચિતો તરફ અનહદ અનુરાગી, બૌદ્ધિક ખરા પણ કોરા પંડિત નહિ, સમજણ સાથે સ્નેહ ભળેલો હોય. જગતના રાજકીય પ્રવાહોથી વાકેફ રહેતા છતાં રાજકારણી નહિ. રાજકીય કિન્નાખોરી ગેરહાજર હોય એવા રાજપુરુષ હતા. બાળક સાથે બાળક બની જતા, અગત્યની મીટિંગ ચાલતી હોય તે સમયે બકરીને ચારો નાખવા ઊભા થઈ જતા. દરેક પ્રકારની સ્વચ્છતા એમના-મનની- તનની- દેશના પ્રાગણની પણ સામેલ, બાપુના હાથમાં સાવરણો પણ શોભે. દરેક કાર્યો જાણે કે પ્રેમયજ્ઞ હોય એમ જાગૃત રહી થયા કરે. ગાંધીજીના પ્રેમમય જીવનને ગુણવંત શાહ બિરદાવતા કહે છે કે :

**'સ્વસ્થ' મનુષ્ય એટલે એવો મનુષ્ય જેને કારણે ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયા એક ડગલું આગળ વધે.**

**મહાત્મા ગાંધીના ઉત્ક્રાંત માનવ્યને આવી દૃષ્ટિએ બિરદાવું છું.**

●---------●●●--------●●●---------●

બિલખિયા કૉલેજ વંડા, મો. ૯૯૭૯૧૮૭૫૮૭

સૃષ્ટિની તમામ બાબતો અંગે પ્રશ્ન ઊઠવા એ
શાણપણનું પહેલું પગથિયું છે
અને બધી પરિસ્થિતિઓને પામવી એ તેનું અંતિમ ચરણ છે.

– જ્યોર્જ લિક્ટનબર્ગ

: સ્થાનસમર્પિત :






જીવનને સરળ બનાવશો તો બ્રહ્માંડ સમજવાનું સહેલું બનશે,
એકાંત એ એકાંત નહીં રહે,
ગરીબી એ ગરીબી નહીં રહે, નબળાઈ એ નબળાઈ નહીં રહે.

– હેન્રી ડેવિડ થોરો

: સ્થાનસમર્પિત :




નીલ ગગનને નીરખીને મનમાં આનંદ છલકાય છે ?
તો આનંદો : તમારો આતમરામ જીવંત છે.
– બેટી સ્મિથ


: સ્થાનસમર્પિત :





જે સૂરજ સાથે સફર કરે છે તેને માટે તો
આખો દિવસ પ્રભાત છે.
– હેન્રી ડેવિડ થોરો


: સ્થાનસમર્પિત :



## (૦૫) દેશનો ભલીવાર

- નલીન પંડિત

અત્યારે હું અમેરિકાના કેલિફોર્નિયા રાજયના સીલીકોન વેલી તરીકે જાણીતા વિસ્તારમાં છું. અહીં ઉનાળો છે. સવાર સાંજ સાલ અને ગરમ ટોપી પહેરવા પડે છે અને રાત્રે ધડકી ઓઢવી પડે છે ! આવું સુંદર વાતાવરણ હોય હમણાં જ રીંગણ, ચોળી, ભીંડો, કોથમીર પણ ઊગાડ્યા છે.

બગીચામાં આઈરીશ ફૂલ ખીલ્યું. બાજુના રસ્તાનું નામ આઈરીશ છે. આસપાસ બંને બાજુ મેગ્નોલિયાના વૃક્ષો છે. આઈરીશ અને મેગ્નોલિયા નામ હવે મને ખૂબ ગમવા લાગ્યા છે. હા, ભાવનગર વાડીએ છે તે ચંપો ચમેલી ને મોગરો તો ખરા જ.

અહીં જગ મશહુર સ્ટેનફર્ડ યુનિવર્સિટી જોવાનું સ્વપ્ન સાકાર થયું. તે હજારો એકરમાં ફેલાયેલી છે. અત્યારે અહીં ઉનાળુ વેકેશન હોવાથી માત્ર તેનું બાહ્ય સ્વરૂપ જ જોઈ શકાયું. તેના ભવ્ય બિલ્ડીંગો, ભવ્ય સભાખંડો, અદ્ભુત કોતરણીઓ ચારે તરફ અને વચ્ચે વચ્ચે મોટા મોટા બાગ બગીચા, મનમોહક સ્કલ્પચર અને તેની વચ્ચે ભવ્ય ચર્ચને જોય એક તીર્થની યાત્રા કર્યાનો આનંદ થયો.

ફુરસદમાં વાચનની મજા પડી ગઈ છે. હજુ પણ કેળવણીને સમજવા મથી રહ્યો છું. શિક્ષણ અને કેળવણીમાં કેટલો બધો તફાવત છે. તે વધુને વધુ સમજાય રહ્યું છે.

અહીં અમરેલીના મું.ડૉ. પ્રતાપભાઈ પંડ્યાને મળવાનું થયું. અમેરિકામાં ૮૦ વર્ષે પણ શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિમાં મશગુલ છે તેઓ ગુજરાતમાં 'પુસ્તક પરબ' નામે યજ્ઞ કાર્ય કરી રહ્યા છે તે જાણતો હતો, પરંતુ અહીં અમેરિકામાં પણ તે યજ્ઞ શરૂ કર્યો છે તે જાણી વિશેષ આનંદ થયો. 'પુસ્તક પરબ'નો હવે તો ગુજરાતી સમાજ માટે 'બેઠક' અને 'રંગમંચ' સુધી વિકાસ થયો છે. આ ત્રણે થકી અહીં વસતા ગુજરાતીઓ જાણે સહુ એક કુટુંબમાં રહેતા હોય તેવું ભાવાવરણ ઊભું થયું છે. આ ત્રણેને માણી રહ્યો છું.

મુ.પ્રતાપભાઈ આજ સુધીમાં અંદાજે ૭૦-૮૦ લાખ રૂપિયા આ સેવામાં વાપરી ચૂક્યા હશે અને હજુ પણ અવિરત ચાલુ છે. તેઓ અને તેમના પત્ની રમાબેન આજ સુધીની બચત, બંનેનાં પેંશનની બચત, પુત્ર ગૌરાંગ અને અનેરી પુત્રી મનીષાબહેનનો મૌન સહયોગ. આ બધાની જેટલી સરાહના કરીએ તેટલી ઓછી. આ પરિવારે અહીં રહીને ગુજરાતી સમાજની ખુશ્બૂ ખૂબ પ્રસરાવી છે.

આનંદની વાત એ છે કે મુ.પ્રતાભાઈ લોકભારતીમાં ભણેલા છે. અમરેલીમાં સર્વોદયની શાળાઓમાં શિક્ષક તરીકે સેવા પ્રદાન કરી છે. નિવૃત્તિ પછી સંતાનો પાસે આવીને અહીં વસ્યા છે. માદરે વતનની ખુશ્બૂ લેવા દર વર્ષે વડોદરા પહોંચી જાય છે.

અહીં હું વાંચન માટે ભાવનગરથી કેટલાંક પસંદગીના પુસ્તકો લાવેલો છું. તે પૈકીનાં પૂજય નાનાભાઈ ભટ્ટ લિખિત રામાયણ. મહાભારત તેમજ મહાત્મા ગાંધીજી લિખિત હિન્દુ ધર્મ વાંચ્યા. દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ. પહેલો ગિરમીટીયો, બે પુણ્યશ્લોક પુરુષોને પણ વાંચ્યા. હજુ કેટલાયે પથારીમાં પાસે પડેલા છે.

મુ.પ્રતાપભાઈએ પણ પોતાની પસંદગીના થોડાક પુસ્તકો આપ્યા છે. આજે આ પૈકીના જ એક પુસ્તકની વાત કરવી છે.

આ પુસ્તક એટલે સર્વશ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'નાં લખેલા પત્રોનાં સંકલનથી બનેલું પુસ્તક — "મનીષીની સ્નેહધારા" મહાન સાહિત્યકાર, મૂઠ્ઠી ઊંચેરા કેળવણીકાર, એક વખતના કેળવણી પ્રધાન, જ્ઞાનપીઠ એવોર્ડથી નવાજિત એવા દર્શકનાં વિચારોની ગહનતાને પામી શકયો અને તેઓની દિન પ્રતિદિનની સેવાભાવનાથી ભરેલ પ્રવૃત્તિઓ પણ જાણી શકયો.

"મનીષીની સ્નેહધારા" પુસ્તકનું સંકલન અને પ્રસ્તાવના બંને દાદુ છે. જેના માટે ત્રણે મિત્રોને વંદન. આ પુસ્તક મને નચાવી ગયું. ખરું પૂછો તો આ પુસ્તક મને

દર્શકની અત્યંત નજદીક ખેંચી ગયું.

વર્ષો પહેલા દર્શકે લખેલ 'કુરુક્ષેત્ર' પણ વાંચેલ. 'કુરુક્ષેત્ર' માટે દર્શકદાદાને જ્ઞાનપીઠ એવૉર્ડથી નવાજિત કરવામાં આવેલા. જ્ઞાનપીઠ એવૉર્ડ એટલે સમગ્ર રાષ્ટ્રમાં પ્રાદેશિક ભાષામાં લખાયેલા પુસ્તકોમાંથી જે ઉત્તમ હોય તેને માટે અપાતો રાષ્ટ્રનો સર્વ શ્રેષ્ઠ ઓવૉર્ડ.

સને ૨૦૦૭માં અમેરિકા આવેલો ત્યારે દર્શકનું 'ઝેર તો પીધા જાણી જાણી' વાચેલું. તે પણ કેમ ભૂલાય ? કેટલાય મિત્રોને તે વાંચવાની ભલામણ કરી છે અને આજે પણ કરતો રહ્યો છું. 'ઝેર તો પીધા' માટે દર્શક લખે છે કે – ''હમણા હું મારુ ઝેર તો પીધા વાંચું છું. હું જ લેખક હોવા છતાં આંખ આંસુથી ઉભરાય છે. ગુજરાતીમાં એના જેવું બીજું કશું નથી એમ નિરભિમાનપણે કહી શકું''

''મનીષીની સ્નેહધારા''માં આપેલા પત્રો દર્શકે એક દીકરીને લખેલા છે. જેનું નામ છે રેણુકાબહેન પારેખ. રેણુકાબહેનના એટલે રાજકોટના એવા પ્રતિષ્ઠિત કુટુંબની દીકરી કે જેઓના ઘરે સંત વિનોબાજી, સવાઈ ગુજરાતી કાકા કાલેલકર, પૂ. યોગીજી મહારાજ અને પૂ. પ્રમુખ સ્વામી, સંપૂર્ણ ક્રાંતિના સર્જક જયપ્રકાશ નારાયણ, શાંતિનિકેતન અને ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિનું પદ શોભાવી ચૂકેલા સર્વશ્રી ઉમાશંકર જોશીજી જેવા અનેક સંતો, મહંતો, સાહિત્યકારો, ક્રાંતિકારીઓ, સમાજસેવીઓ પધારેલા છે.

રેણુકાબહેનને હું ૧૯૮૬-૮૮ના સમયગાળામાં મળ્યાનું યાદ આવે છે. ત્યારે હું ભાવનગરમાં પ્રૌઢ શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવી રહ્યો હતો. પ્રૌઢશિક્ષણમાં અમારી યુવા ટીમે ૩૫ થી વધારે ગામો સાક્ષરી બનાવેલા. રાજયનું પ્રથમ સાક્ષરી ગામ બનવાનો યશ સણોસરા પાસે આવેલા કૃષ્ણપરા ગામને મળ્યો. આ ગામનું સન્માન દર્શકના હસ્તે થયેલું.

આ સમયગાળામાં રેણુકાબહેન લોકભારતી સણોસરા પાસે આવેલ સોનગઢ ગામની બેંક ઓફ ઈન્ડિયામાં હતા. તે સમયે અમે સોનગઢની આસપાસના ગામોમાં પણ પ્રૌઢ શિક્ષણનું કામ કરતા. આ કામમાં રેણુકાબહેન અને બેંકની યુવાટીમ સાંજે હોય કે રાત્રી સહયોગ કરવા પહોંચી જ જતા. તેઓની પ્રેરણાથી ગામનાં અભણ લોકોમાં પણ ભણવાની ખુબ તાલાવેલી જાગતી. જો કે મારે સ્વીકારવું રહ્યું કે ત્યારે હું રેણુકાબહેનની વિશેષ પ્રતિભાને પારખી શકેલો નહિ.

''મનીષીની સ્નેહધારા'' વાંચતા જાણ્યું કે, આ પહેલા પણ દર્શકે એક મુઠ્ઠી ઊંચેરી દીકરી મૃદુલાબહેનને લખેલા છે અને તે પત્રોનું પણ સંપાદન થયેલું છે, આ બંને પુસ્તકો મેં વાંચ્યાં નથી. પરંતુ આ પુસ્તક વાંચ્યા પછી હવે તે વાંચ્યા વિના રહી શકીશ નહીં.

હું ભાવનગરમાં જિલ્લા શિક્ષણાધિકારી (માધ્યમિક) પણ હતો. તે સમયે દર્શકના ચારે હાથ મારી ઉપર હતા. તે પહેલા પણ હું તેઓને તેઓના સ્વપ્ન સમા પાલીતાણા પાસેનાં માઈધારમાં પણ મળેલો. (બે ત્રણ દાયકા સુધી સુષ્ક રહેલા આ માઈધારને આજે માણવા જેવું છે. ફરી એક તીર્થ બની રહ્યું છે.)

મને યાદ છે ત્યારે મેં ભાવનગરને ડૉનેશન મુકત અને ભ્રષ્ટાચાર મુકત બનાવવાનો યજ્ઞ શરુ કરેલો. તેમાં અણધારેલુ ધર્મયુદ્ધ આવી પડેલું. કેટલાંયે મારી બદલી કરાવવા ગાંધીનગરમાં ધામા નાખીને બેઠેલાં. તે સમયે દર્શકે કહેલું કે જો પંડિતની બદલી થશે તો હું ઉપવાસ કરીશ. આવો સધિયારો કોને મળે ? કેટલો સદનસીબ !

હું જયારે ગાંધીનગરમાં હતો ત્યારે મને જીભનું કેન્સર થયેલું. એક દિવસ ઓચિંતા દર્શક ઘરે ખબર કાઢવા આવી પહોંચ્યા. મને અને દેવીને મળેલું એ આશ્વાસન અને એ સ્નેહધારા કેમ ભુલાઈ ?

મારી પહેલી પુસ્તિકા એટલે પ્રૌઢ શિક્ષણની સફળ કહાની 'અંગુઠાછાપ'. આ પુસ્તિકાની પ્રસ્તાવના દર્શકે લખી આપે તેવો મારો આગ્રહ ! અને લખી પણ આપી ! કેટલો સદ્નસીબ. હું માનું છું કે આમ કરીને મેં દુરાગ્રહ જ કરેલો.

મારા આજ સુધીના માનીતા ક્ષેત્રો રહ્યા છે, બાલમંદિર, પ્રાથમિક શિક્ષણ અને બુનિયાદી શિક્ષણ. રેણુંકાબહેનને લખેલા પત્રો થકી આ બધા જ ક્ષેત્રોમાં દર્શકે મારા વિચારોની બરાબર ધાર કાઢી છે. તેનાથી મારા

વિચારોને જબરી પુષ્ટિ પણ મળી છે.

**બુનિયાદી શિક્ષણ અંગે.**

વિશ્વપ્રવાસી દર્શક, અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં બુનિયાદી શિક્ષણની સમજ સાથે નિસ્બત/અનુબંધ વિષે બોલેલો. તે ટાઈપ થયેલું છે. આ જાણીને તો હું રોમાંચિત થઈ ગયો. માત્ર હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ મેળવેલ એક વ્યક્તિ વિશ્વ પ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટી અને યેઈલ યુનિવર્સિટીમાં પ્રવચન આપે !!

દર્શક પત્રમાં લખે છે "હાર્વર્ડ યુનિવર્સિટીમા મેં નઈ તાલીમમાં અનુબંધ (કો- રિલેશન)નું શું મહત્ત્વ છે તે સમજાવ્યું, ત્યારે જે તાળીઓ પડી તે આજે પણ હું ભૂલ્યો નથી. તેના રેકટરે મને જણાવ્યું કે અમે ગવર્નર સિવાય કોઈનું જાહેર સ્વાગત કરવા દરવાજા સુધી જતાં નથી, પણ તમને લેવા આવ્યો કારણ કે તમે મોટા શિક્ષણવિદ છો."

આ કેળવણી એટલે કઈ કેળવણી ? આ કેળવણી એટલે નઈ તાલીમ/બુનિયાદી શિક્ષણ/બેઝિક એજ્યુકેશન. જેમાંથી કેટલાયે માનવ જન્મે છે.

આ કેળવણી એટલે આજે ગુજરાતમાં વ્યાપેલું વેપારી કે ગોખણીયું શિક્ષણ હરગિજ નહિં. સ્પર્ધાના નામે ચાલતા શિક્ષણથી વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે મિત્રાચારી ખતમ થઈ રહી છે. વધે છે માત્રને માત્ર તેજોદ્વેષ. આ તેજોદ્વેષ તો બહુ હાનિકારક છે, તે હિંસા ફેલાવે છે. પ્લેટો કહેતાં કે "જ્યાં કેળવણી વધારે ત્યાં લશ્કર અને જેલ ઓછા, જ્યાં કેળવણી ઓછી ત્યાં લશ્કર અને જેલ વધારે.

દર્શક કહે છે કે "સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા આ ત્રણેય આજના નવા વેદો છે. તેની સ્થાપના માટે છાત્રાલય, શ્રમ અને સમાજસેવાનો આધાર જોઈએ. આ નઈ તાલીમ એટલે બુનિયાદી કેળવણી સિવાય કોણ આપી શકે ? બુનિયાદી શિક્ષણ એ ધોરી માર્ગ છે ? તેની અ-પ્રતિષ્ઠા કરીને આપણા ભદ્ર વર્ગે શોષક અને શોષિત તેવા વર્ગો કાયમી કર્યા છે."

કેળવણીમાં દર્શકનું મૌલિક પ્રદાન છે જ. તો પણ તેઓ બધું જ શ્રેય નાનાભાઈને આપે છે. "કેળવણી મને નાનાભાઈ ભટ્ટે ભણાવી. હું તો નાનાભાઈનો ટપાલી છું. વિદ્યા એટલે અધ્યાત્મ અને અવિદ્યા એટલે સંસારના સ્વાસ્થ્ય માટેની જરૂરી વિદ્યા... બુનિયાદી શિક્ષણ એટલે વિદ્યા અને અવિદ્યાનો સમન્વય.

આજે આપણે ભાવનગરની કેળવણીધામ તરીકેની જે આગવી ઓળખ છે. તેના શિલ્પી હતાં નાનાભાઈ. ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા. દેશની હેરિટેઝ શાળા આંબલાની ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થા. રૂરલ યુનિવર્સિટી સમી A ગ્રેડની લોકભારતી સણોસરા સંસ્થાનાં નાનાભાઈ સ્થાપક હતાં. બુનિયાદી કેળવણીના પ્રણેતા અને એક વખતના કેળવણી પ્રધાન નાનાભાઈની ઓળખ ગુજરાત ભૂલી ગયું છે. તેનું ભારે દુઃખ છે. આ ત્રણે સંસ્થાઓમાં મનુભાઈ પંચોળીનો સાથ રહ્યો છે.

નાનાભાઈએ બુનિયાદી કેળવણીના નવતર પ્રયોગની સાથોસાથ પરદેશની યાત્રા કરેલી. નાનાભાઈ એટલે રામાયણ મહાભારતનું ઘરે ઘરે ઘેલું લગાડનાર અનેરા કથાકાર. એક મહાન સમાજ સુધારક. નાનાભાઈ ઉપર દસેક પુસ્તકો લખાયા હોય તો ના નહિ. તેઓ મન કર્મ અને વચનથી એક હતા.

આઝાદીની લડતમાં જેલમાં ગયેલા દર્શક ઉપર નાનાભાઈ ઉપરાંત ગાંધીજીની પણ મોટી અસર રહી છે. તેઓ લખે છે કે ગાંધીજીને મળવા નાનાભાઈ ગયા. ત્યારે બાપુ દળતાં હતાં. "બેસો મારી જોડે દળવા- વાતો કરતાં જશુંઈ... બધા મળવા આવે તેને અનાજમાંથી કાંકરા વીણાવે, તે રાષ્ટ્રોત્થાન હતું." દર્શક લખે છે કે, "અમેરિકામાં પ્રમુખ રેગન બેગ ઉપાડીને ચાલે, પટાવાળો નહીં."

આજે ફિનલેન્ડ નામનો દેશ સમગ્ર વિશ્વમાં શિક્ષણમાં પ્રથમ નંબરે છે. ત્યાંનું શિક્ષણ અને બુનિયાદી શિક્ષણ એટલે એક સિક્કાની જ બે બાજુ. આ આપણને સમજાતું નથી. આપણને આપણાનું મૂલ્ય નથી. ઘરકી મુરગી દાલ બરાબર.

દર્શક લખે છે કે "નઈ તાલીમની વિશેષતા એ છે કે તે એક કાંકરે બે પક્ષી મારે છે. ઉત્પાદકતા અને નાગરિકત્વ. આ બેઠાડું કેળવણી આ શીખવતા નથી."

"નઈ તાલીમ વિના આરો નથી. લોકશાહીમાં બધાને ભણાવવાનાં છે. તેટલી ખુરશીઓ નથી. પરિશ્રમ

ઉત્પાદક બને, પરિશ્રમ વૈજ્ઞાનિક બને. આમ દૂધ અને સાકર ભેગાં થાય.''

''સંસ્કાર એ પ્રાપ્ત સંસ્કાર છે. આનુવંશિક નથી. એટલે એ આપવાનું ચૂકીએ તો સંસ્કૃતિની સંધ્યા આવે, જેમ આપણે મધ્યયુગમાં આવી હતી. સંસ્કાર જન્મથી નથી મળતા એ એક્વાયર્ડ લક્ષણ છે. માટે કેળવણી, ધર્મ, કલા વગેરે જોઈએ.''

''શિક્ષકનું કામ તેનો વિષય ભણાવવાનું છે, ગૃહપતિનું કામ જીવન શિક્ષણ છે. બિસ્તરો બાંધવાથી માંડી સત્યાગ્રહ કરવા સુધીનું. તે મા, મામી, ભાઈ-ભાભી બધું જ છે.''

તેઓ સ્પષ્ટપણે માને છે કે ''નઈ તાલીમ, ગ્રામસેવા અને સાહિત્ય આ ત્રણેના સુમેળ અને ફેલાવાથી સ્વરાજને આધાર મળશે.''

**બાલમંદિર અંગે :**

બાલમંદિર અને પ્રાથમિક શિક્ષણ અંગે દર્શકની માન્યતાઓ દીવાદાંડી સમાન છે. તેઓ કહે છે કે, ''બાળક અને પ્રાથમિક કેળવણી એ સાચું ધર્મકાર્ય છે.''

''બાળ કેળવણીમાં પહેલાં સાત વર્ષો જ અગત્યનાં છે. તેમાં પાયો નંખાઈ જાય છે. બાળકના ઘડતરનો પાયો પહેલાં સાત વર્ષમાં બહુ તો બાર વર્ષમાં થઈ જાય છે તેમ આજનું માનસશાસ્ત્ર માને છે. બાળક ૧૨ વર્ષ પછી કેવો થયો તે પૂછવાનું નથી, તે પહેલાં કેવો હતો તે પૂછવાનું છે. યોગ્ય બાળશિક્ષણ એવો મનુષ્ય બનાવે એ જે કદી હિંસા કરે જ નહીં. તે ફક્ત પ્રેમ અને પોષક પ્રવૃત્તિઓ જ કરે.''

એક પત્રમાં હૃદયમાં કંડારવા જેવું લખે છે, ''કેળવણીમાં કૌટુંબિક અને સામાજિક કેળવણી આવી જાય. નિશાળ જ કેળવણીનું સ્થાન છે. તે ભ્રમ છે. કુટુંબ સદ્‌ગુણોનું ધરૂવાડિયું છે. સારા સંસ્કાર અને સુશીલતામાં માનો અનન્ય ફાળો છે. આપણે આ સમજીએ તો કેટલું સારું? માતાઓ સમજે તો કેટલું સારું ? અર્ધ હિંસા-ઝગડા મટી જાય.''

**પ્રાથમિક શિક્ષણ અંગે :**

સમગ્ર દેશ માટે સહુથી દુઃખદ કોઈ સમાચાર હોય તો તે છે પ્રો.યશપાલજીનું અવસાન. Learning Withaout Burdan એટલે કે 'ભાર વિનાનું ભણતર'નો રિપોર્ટ આપનાર રાષ્ટ્રીય કમિટિના તેઓ અધ્યક્ષ. આ કમિટિ દર્શક સાથે શિક્ષણની ચર્ચા વિચારણા કરવા માટે લોકભારતીમાં આવેલી !

GCERT એ ભાર વિનાનું ભણતર યજ્ઞ સ્વરૂપે હાથ ધારેલું. સમગ્ર રાષ્ટ્રએ તેની નોંધ લેવી પડેલી. આ યજ્ઞને ગુજરાતે-ગિજુભાઈ બધેકા 'મૂછાળી મા' ની શિક્ષણ પદ્ધતિથી રંગીને એક ક્રાંતિ કરી હતી.

ભાર વિનાના ભણતરની તાલીમ જોવાને માટે પ્રો. યશપાલજી પાલીતાણા પધારેલા. આ સમયે યોજેલ બાળમેળો જોવાને દર્શક પણ પધારેલા. આ પ્રસંગ સમગ્ર શિક્ષણ જગત માટે ગૌરવ દિન સમો બની રહ્યો હતો. આજે પણ તેની યાદ આવતાં આંખમાં હર્ષના આંસુ વહી જાય છે.

અંગ્રેજી પાછળ આંધળી દોટ મુકનારા સહુ માટે દર્શકના વિચારો જાણવા જરૂરી છે. પ્રાથમિક શિક્ષણમાં અંગ્રેજી અંગે એક પત્રમાં દર્શક લખે છે.

''કાલે એક પરદેશી મહેમાન આવેલા. તે કહે તમે અંગ્રેજી વિરોધી છો ? મેં કહ્યું હું સારું અંગ્રેજી બોલું છું. હાર્વર્ડ યુનિવર્સીટીમાં ભાષણ કરેલું. અમેરિકાની યેઈલ યુનિ. માં પણ બોલેલો. અમારો વાંધો પાંચમાંથી શરૂ કરવા સામે છે. આઠમાંથી શરૂ કરો... તમે અંગ્રેજીમાંથી સીધા ફ્રેન્ચ કે જર્મનમાં જઈ શકો. વચમાં લેટિન શીખવી પડતી નથી. અમારે હિન્દી શીખવી પડે નહીંતર રાષ્ટ્રનું ઐક્ય જોખમાય. હિન્દી વિના હું આસામી-ઉરિયા-તેલુગુ-તાલીમનું સાહિત્ય વાંચી કેવી રીતે શકું ? આ સમજાવ્યું તેનાથી સંતોષ થયો અને કહે અમે તમારા જેવાને અંગ્રેજી વિરોધી ગણતા હતા.''

''આજે આપણે બધા, દેશમાં ઘટી રહેલી રાષ્ટ્રીયતા અંગે ખૂબ ચિંતા સેવી રહ્યા છીએ. ત્યારે માતૃભાષા કેટલી મહત્ત્વની છે, તે અહીં સમજાય છે.''

અંગ્રેજી વિષય અંગે દર્શક વધુમાં લખે છે કે, ''અંગ્રેજી પાંચમાંથી ફરજિયાત કર્યું એટલે એનીયે જેહાદ કરવી પડશે. પત્રો નિવેદન ચાલે છે. પાંચમાં ધોરણમાં બે નવી ભાષા છોકરાં પર પડે. ગુજરાતીના ઠેકાણાં નથી ત્યાં સટરપટર અંગ્રેજી શું કામનું ? ગુજરાતી, નામું, ગણિત પાકા ન કરીએ ? પણ લોકાભિમુખ ભણેલનું ચાલતું નથી.''

"આઠમાંથી અંગ્રેજી લઈને પાસ થનારાનું લિસ્ટ આંબલાએ કાઢ્યું તો 98.5% પાંચમીવાળાનું હવે મંગાવીએ છીએ. પણ ત્રણ વર્ષ છોકરાના બગાડવા, ગુજરાતી હિન્દી નબળું રહે તે ફાયદામાં ! પણ સમજવું છે કોને ? "

"અધ્યાપન મંદિરોમાંથી ઉદ્યોગ દૂર કર્યો ને ચોથીમાં હિન્દી, પાંચમીમાં અંગ્રેજી અને છઠ્ઠામાં સંસ્કૃત દાખલ કર્યું. આ બદલાવવું જોઈએ."

"આ દેશનું પ્રાથમિક શિક્ષણ ખાનગી ન જ હોય. થાય તો મુસલમાન વધુ મુસલમાન થાય ને ખ્રિસ્તી વધારે ખ્રિસ્તી બને. એ કુમળી વયે ભારતીય નાગરિકના સંસ્કાર મેળવે તે અનિવાર્ય અને નિરપવાદ છે."

દર્શક બહુ સ્પષ્ટપણે કહેતા કે "સાહિત્ય અને શિક્ષણ સ્વાયત જ હોવા જોઈએ. આ લોકશાહીમાં રાજ્ય તો બહુ તો પાંચ વર્ષ, અભાગિયા હોય તો ૬ માસ. જ્યારે શિક્ષણ અને સાહિત્ય સતત અને કાયમી છે, તેમા પક્ષનું ચલણ ન હોય."

દર્શક લખે છે, "લોકો મંદિરો, કોલેજો બાંધે છે બાલમંદિરો નહિ. તે મોટી ભૂલ છે.... સાચા પુસ્તકો સત્સંગ છે. તીર્થે તો જવું પડે છે. સાધુઓ ઓછા થતાં જાય છે. ત્યારે પુસ્તકોનો સત્સંગ સુલભ છે."

"ગૂજરાત વિદ્યાપીઠ અને ખેતી યુનિવર્સીટીના કુલપતિની વાત આવી છે. મેં ના પાડી છે. બાપુ પાસેથી સારા માણસ થવાનું શીખ્યો છું. મારો આદર્શ દેવ કૃષ્ણ બધા કામ, પાતળ ઊંચકવાના પણ કર્યા અને સત્તા ન લીધી."

દર્શકને જીવતા જીવન સાથે, સમાજ સાથે, ભીતરની સંવેદના સાથે પૂરી નિસબત. તેમની કલમ અને જીભ આ સંદર્ભે સતત ચાલતાં જ રહ્યાં.

લોકસભામાં દર્શક વિષે કહેવાયું કે "આપણે ગાંધીજીનું નામ લઈએ છીએ પણ એને સમજવા માટે મનુભાઈ પંચોળી પાસે જવું પડે. શિક્ષણમાં કાંઈ કરવું હોય તો મનુભાઈ પંચોળી પાસે જવું પડે. આયોજનનો સાચો પાયો સમજવો હોય તેણે મનુભાઈ પંચોળી પાસે નખશિખ પ્રામાણિક વહીવટની સુવાસ આજે પણ આપણે માણી રહ્યા છીએ તેવા પૂર્વ વડા પ્રધાન સ્વ. મોરારજીભાઈ દેસાઈ પણ લોકભારતી શિક્ષણથી ખૂબ અભિભૂત હતા. બ્રિટિશ બ્રોકાસ્ટીંગ કંપની BBCને તેઓએ કહેલું કે શિક્ષણ જોવું હોય, સમજવું હોય, તો નાનાભાઈ અને દર્શકની સંસ્થા લોકભારતી સણોસરા જઈને જુઓ. વિશ્વ પ્રસિદ્ધ BBC લોકભારતી આવી. એક ડોક્યુમેન્ટરી બનાવી અને વિશ્વ કક્ષાએ બ્રોડકાસ્ટ પણ કરી.

મને કુદરતી રીતે હિમાલયનું ઘેલું છે. લોકભારતીના પૂર્વ પ્રોફેસર માન.ભાણદેવજીનું 'હિમાલય દર્શન' વાંચો એટલે ઘેલું લાગ્યું સમજો.હિમાલય અવાર નવાર જાઉં છું. દર વખતે કોઈને કોઈ નવા પંથને નવા શિખરને જોઉં છું તેને વિષે જાણું છું દર વખતે હિમાલય વિશેનું મારુ અજ્ઞાન સામે આવે છે. હિમાલયમાં ફૂલોની અનેરી ઘાટી પણ છે. તે માણી છે. પણ હિમાલયમાં તો ફૂલોની આવી કેટલીયે ઘાટી છે. લોકભારતીનું પણ આવું જ છે. તેના પૂર્વે નિયામક પ્રવિણભાઈએ અને પ્રસિદ્ધ કટાર લેખર ભદ્રાયુભાઈએ પોતાના પુસ્તકમાં આવા કેટલાયે શિખરોને સુંદર રીતે દર્શિત કર્યા છે. આ તો પવિત્ર ગંગા પ્રવાહ છે, અવિરત છે, પૂર્ણ વિરામ શક્ય જ નથી !

આજે લોકભારતીમાં ડૉ.અરુણભાઈ દવે ધૂણી ધખાવીને બેઠાં છે. અમેરિકાની યુનિવર્સીટીની ઓફર ઠુકરાવીને લોકભારતી માટે સમર્પિત થઈ ગયા છે. સાથમાં સરસ મજાની સમર્પિત ટીમ છે. લોકભારતી ઉપરાંત માઈધાર મણાર નવસર્જિત થઈ રહ્યા છે. જાણીતા અને માનીતા ઉદ્યોગપતિ માન.શ્રી મધુકરભાઈ પારેખ અને પરિવારનો અકલ્પ્ય સહયોગ છે. ભુજેડીના દીર્ઘદ્દસ્ટા કાંતિકાકા શ્રોફનો અને મંત્રી મનસુખભાઈ માંડવીયાનો પણ જબરો સહયોગ છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહયોગ પણ દિનપ્રતિદિન વધી રહ્યો છે.

તો પણ આજના પ્રદુષિત વાતાવરણનું ભારે દુઃખ છે. તેની અસર લોકભારતી અને આ કબીરવડમાંથી પાંગરેલી લગભગ બધી જ બુનિયાદી સંસ્થાઓ ઉપર પડી છે. તેમાંથી ઉગરવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વહેલાસર જાગરણ કરવું જ પડશે. માતૃ સંસ્થાનાં પોકારને સાંભળવો

જરૂરી છે. વિશ્વની પ્રસિદ્ધ બધી જ યુનિવર્સીટી જુઓ, ત્યાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો નિસ્વાર્થ સહયોગ જ મોટો આધાર છે. તેની ખુશ્બૂનું આ રહસ્ય છે. ગુજરાતમાં પણ આવા દાખલાઓ મોજુદ છે. લોકભારતી માટે પણ આ શક્ય છે.

કેળવણીનું જેમને સાચું દર્શન થયેલું તેવા દર્શકને એક વાતનું કાયમી દુઃખ રહ્યું છે કે, "લોકો મને સાહિત્યકાર તરીકે વધારે ઓળખે છે, નવી કેળવણીના નવો ચીલા પાડનાર તરીકે મારી કદર નથી. હું નઈ તાલીમને જ મુળ પાયો માનતો ન હોત તો રાજકારણમાં રહ્યો હોત. જેમનુ સૌના હિતમાં જ મારુ હિત છે તેમ માન્યતા હોય, તેણે રાજકારણ અને નઈતાલીમ સમજ્યે જ છૂટકો"

એક પત્રમાં તેઓ લખે છે "મને દિવાળીબાઈ ટ્રસ્ટ તરફથી ત્રણ લાખ રૂપિયા પુરસ્કાર રૂપે મળ્યા છે. પૈસા વિશે ભગવાનની કૃપાથી મને સ્પૃહા નથી. ત્રણ ટંક ખાવાનું મળે એટલે બસ. મેં સંસ્થા પાસેથી કંઈ લીધુ નથી. મને તો કવિતા-ઈતિહાસ ભણાવવાનું મળે તે જ પુરસ્કાર."

ધર્મ અને કેળવણીને આત્મસાત કરનારા દર્શક કહે છે, "આટલા લાંબા જીવનમાં મેં કોઈનું, દુશ્મનનુંય બૂરું કર્યું કે વાંછ્યું નથી. ધનની મને સ્પૃહા હતી નહીં અને છે નહીં તેમજ સત્યનું આચરણ બનતી જાગૃત્તિપૂર્વક કર્યું છે."

હાર્વર્ડ અને યેઈલ યુનિવર્સીટી સુધી ખુશ્બૂ પ્રસરાવનારા, વિશ્વ પ્રવાસી, વિશ્વ અને ભારતના ઈતિહાસના બહુ જ અચ્છા જાણકાર તેવા દર્શક બુલંદપણે કહે છે કે **"નઈ તાલીમ સિવાય દેશનો ભલીવાર થવાનો નથી."**

દર્શકે બુનિયાદી શિક્ષણ માટે જીવન સમર્પિત કર્યું. આ મહામાનવને એક વાતનો ખેદ રહ્યો. તેઓ 'મનીષીની સ્નેહધારા'માં રેણુકાબહેનના લખે છે" કે કોઈકવાર ખેદ થાય છે કે આટલાં 60 વર્ષ નઈ તાલીમ પાછળ આપ્યાં, પણ નથી રાજયને તેની કિંમત સમજાતી, નથી પ્રજાને."

દર્શકને સત સત વંદન કરું છું. લાખ લાખ સલામ કરું છું.

●---------●●●--------●●●---------●

**આપણું જગત આપણા વિચારો થકી નિર્માણ પામ્યું છે,**
**વિચારો બદલ્યા વિના એ બદલાશે નહીં.**

**– આઈન્સ્ટાઈન**


**: સ્થાનસમર્પિત :**



## (૦૬) કેળવણીનો ઉત્તમ અભિગમ -રેલી

- હીરજીભાઈ નાકરાણી

**ગતાંકથી ચાલુ...**

૫. આંગિક કૌશલ્યઃ

રેલીમાં એક વિભાગ એવો હોય છે જેમાં વિદ્યાર્થીઓ પોતાની સંસ્થામાંથી મેળવેલ શારીરિક કૌશલ્ય ને જાહેરમાં પ્રદર્શિત કરી બતાવવાની તક આપે છે; જેના થકી વધારાની ઊર્જાનો સંતુલિત વિકાસ થઈ શકે. સામાન્ય રીતે બૌદ્ધિક કામ કર્યા પછી એક કલાક વિવિધ મેદાની રમતોનો આનંદ માણતા હોય છે. છેલ્લા દિવસે તમામ લોકશાળાઓએ જે કૌશલ્યો કેળવ્યા હોય છે તે સામૂહિક રીતે એક દિવસ પ્રદર્શિત કરવામાં આવે છે. જેનામાં જે પ્રકારની રુચિ હોય, શારીરિક ક્ષમતા હોય અને ધગશ હોય તે પ્રમાણે જાહેરમાં અભિવ્યક્ત થાય છે. એક માહોલ કૂદી પડવાનો હોય છે અને બીજો માહોલ નિષ્ક્રિય રહીને આનંદ માણનારો પણ હોય છે.

એક પ્રશ્ન એવો પણ થાય કે શાળામાં રમતની પ્રવૃત્તિ શા માટે? મનોવૈજ્ઞાનિકો અને અનુભવીઓનું એવું કહેવું છે કે વિકસતા શરીરમાં અમાપ શક્તિનો સતત વધારો થયા કરે છે. આ વધારાની શક્તિ વાપરી નાખવી જોઈએ. જેથી ઊર્જાનું ઉત્પાદન ચાલું રહે અને શારીરિક તથા માનસિક તંદુરસ્તી વધતી રહે. આપણે બૌદ્ધિક કામથી કંટાળીએ, થાકી જઈએ ત્યારે કંટાળો અને થાક દૂર કરવા માટે, શારીરિક વ્યાયામ જરૂરી હોય છે. રમતથી કંટાળો દૂર થઈ જાય છે અને થાક ઉતરી જાય છે એટલે ફરી આપણે તરોતાજા થઈ જઈએ છીએ. રમત આનંદ માટે પણ જરૂરી છે. શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસના સંતુલન માટે રમતની પ્રવૃત્તિઓમાં પૂરી સંભાવનાઓ પડી હોય છે.

રમત રમનારે સતત સાવધાન રહેવું પડે છે, ગાફેલિયત બીલકુલ પોસાતી નથી કેટલાંક નિર્ણયો અચાનક લેવા પડે છે. રમનારની નજર ચકોર હોવી જરૂરી છે. ક્યાંથી કેવી રીતે આગળ નીકળી જવું તે હિંમત અને હોશિયારી માંગી લે છે. રેલીમાં જે રમતોનું પ્રદર્શન થાય છે તે સ્પર્ધા માટે નહીં, ઈનામ કે પુરસ્કાર મેળવવા માટે નહીં પણ પોતાની આવડતો, કુશળતાઓનો આનંદ બીજાને આપવા અને જાતે આનંદ મેળવવા માટે હોય છે. રમતમાં પોતાની ટુકડીની વફાદારી, ઈમાનદારી અને નિખાલસ ખેલદિલી પૂર્વક રમાય તે જરૂરી ગણવામાં આવે છે.

પોતાની ટુકડીના અને સામેની ટુકડીના સાથીદારો, પ્રત્યે ભ્રાતૃભાવથી હાર-જીતમાંથી પેદા થતા ઈર્ષા કે દ્વેષ ભાવ રાખ્યા વગર ખેલદિલી અને નીખાલસતાથી રમવાનું હોય છે. રમત માત્ર ને માત્ર નિજાનંદ અને તરોતાજા થવા માટે રમાય તો જ તંદુરસ્ત રમત રમાણી ગણાય. રમત ગમતનો એક પત્રકાર ગ્રાંટલેન્ડ રાઈસ કહે છે; "એ મહત્ત્વનું નથી કે હાર્યા કે જીત્યા પણ મહત્ત્વનું તો એ છે કે તમે કેવું રમ્યા?" આધુનિક ઓલંપિકના સ્થાપક પિચરેડી ક્રોબિરટીન નોંધે છે કે; "રમતમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે જીતવા કરતા તેમાં ભાગ લેવો તે મહત્ત્વનું છે."

વિકાસ માટે સ્પર્ધા જરૂરી છે પણ તેનો સંબંધ ઈનામ પુરસ્કાર ભેટ સોગાદ કે એવોર્ડને જોડી દેવામાં આવે છે ત્યારે તેમાંથી અનેક અનિષ્ટો પેદા થાય છે. ઈર્ષા અને દ્વેષ આ બે શત્રુઓ નિજાનંદને ખતમ કરી દે છે. વિદ્યાર્થીઓને રમતમાં ભાગ લેતા પહેલા જો બરાબર સમજાવી દેવામાં આવે તો રમત પછીના જે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે તે ન ઊભા થાય. અથવા સાવ હળવા બની જાય. આપણે રમતનો આનંદ લેવા માટે રમતમાં જોડાયા છીએ ઈનામ કે પુરસ્કાર માટે નહીં. આપણામાં પડેલ ઊર્જા અને આવડતો ને બહાર કાઢવા માટે ભાગ લઈએ છીએ એવું સમજાવવું ખૂબ જ જરૂરી છે.

રમતમાં બન્ને પાર્ટીને એક સાથે તો વિજય મળતો નથી. એક હારે તો જ બીજી પાર્ટી જીતે અથવા એક પાર્ટી જીતે તો જ બીજી હારે એવો ક્રમ સહજ છે. વિજય પ્રાપ્તિનો આનંદ જરૂર હોય પણ તેમાંથી અભિમાન પેદા ન થવું જોઈએ, ગૌરવ જરૂર પેદા થાય, ગૌરવ પણ બન્ને પાર્ટીનું સંયુક્ત ગણાવું જોઈએ. હારવાથી એવું ન માની લેવાય કે

અપમાનિત થયા છીએ એટલે બદલો લેવો જોઈએ એ પણ દ્વેષ રાખીને. આવી દુર્ભાવના અંતે વિકાસને બાધક નીવડે છે. પણ તેના બદલે જાગ્યા ત્યાંથી સવાર સમજીને પોતાની જાતને સક્ષમ બનાવવા લાગી પડીએ. હાર એજ આગળનું પ્રોત્સાહક બળ બની જવું જોઈએ. '**jo jIta vhI iskdr**' જીતમાં પ્રસન્નતા અને હારમાં નિરાશા જરૂર અનુભવાય તો પણ હારનાર પોતાનું માનસ નકારાત્મક બનાવી દે તો નુકસાન તો તેને પોતાને જ થવાનું છે. આશાવાદી બનનાર, સકારાત્મક વિચારનાર જ આગળ વધે છે. ખરેખર તો એક બીજાને સમજી, સ્વીકારીને એક બીજાની ખામીઓ શોધવાને બદલે ખૂબીઓ, આવડત, ક્ષમતાઓનો પરસ્પર સ્વીકાર કરીને ચાલવું જોઈએ, એજ તંદુરસ્ત રમતનું મૂળ તત્વ છે, જે રમત માત્ર ને માત્ર જીતવા અને સામેનાને પછાડી દઈ આગળ નીકળી જવાના ઉદ્દેશથી રમાય તેનાથી કોઈને તો નુકસાન થવાનું જ છે.

સંઘની રેલીમાં જોડાનાર દરેક લોકશાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો પોતાની આવડત કે ક્ષમતાને ધ્યાનમાં રાખીને વિવિધ મેદાની રમતોમાં કુશળતા પ્રાપ્ત કરીને આવતા હોય છે. લાઠીદાવ, ડંબેલ્સ, મગદળ, લેઝીમ, કરાંટે, તલવારબાજી, ઘોડે સવારી, સમૂહકૂચ, નિશાનબાજી, જાદુઈ પ્રયોગો વગેરે રજૂ કરીને આનંદ માણતા હોય છે.

આ ઉપરાંત આંગિક અને વાંચિક કૌશલ્યો રંગભૂમિ પર રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રજૂ થાય છે. રંગભૂમિને રંગીન પડદા, તોરણો, દીવડા અને ફૂલોથી શણગારવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે બન્ને પ્રકારના અભિનયો રજૂ થાય છે. વાચિક અભિનયનો સંબંધ વાણી-ભાષા સાથે છે તો કાચિક અભિનયનો સંબંધ શરીરના વિવિધ અંગો સાથે છે. પાણીદાર વાણી જેટલી અસરકારક તેમ આંખ અને મોંથી દર્શાવાતા સંકેતો કે ઈશારાઓ પણ અસરકારક બને છે. રસનિષ્પતિમાં જેમ સ્વર બહુ મહત્ત્વનો બને છે તેમ આંખ પણ એટલીજ મહત્ત્વની બની સંકેતો ઈશારાઓ કરીને અસરકારકતા પેદા કરે છે. આંખના ઈશારા સાથે કપાળની રેખાઓ, ભ્રમર, ગાલ, મો, હોઠ અને જીભ પણ રસનિષ્પત્તિમાં ખૂબ ભાગ ભજવે છે.

રંગભૂમિ પર જે કલાકાર પોતાના અભિનય થકી આંખ મારે, આંખ દેખાડે, આંખ કાઢે, આંખ ઊંચી કરે કે આંખ ઢાળી દે વગેરે આંખની ભાષાથી રસનિષ્પત્તિ કરે છે ત્યારે અભિનેતા ભાવકના દિલમાં જલ્દી વસી જાય છે. સ્મિત કરવું, હસવું અને અટ્ટહાસ કરવું કે ખડખડાટ હસવું.આ ત્રણેને વારા ફરતી રજૂ કરતો હોય છે ત્યારે તે પોતાની સંવેદનાને મુક્ત રીતે વહાવી દેતો હોય છે. રાસ-ગરબા, વેષભૂષા એકપાત્રી અભિનય, મમીક્રી જેવા આનંદદાયક કાર્યક્રમોથી રેલીમાં નવી ચેતના પ્રગટ થાય છે.

અવસરો ઘણા છે, આવકારનારા પણ ઠીકઠીક હોય. બધાને આ રંગભૂમિની કલા સાધ્ય નથી બનતી. કેટલાંક પાત્રો એવા હોય છે કે રંગભૂમિ પર પગ મૂકતાની સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લે છે.

૬. સભા સંચાલનઃ

આ પણ એક પ્રકારની આવડત કે કુશળતા છે. જે દરેકને નસીબે નથી હોતી. જેની પાસે શબ્દ શક્તિ છે. જેની પાસે કલ્પના અને તીવ્ર સ્મૃતિ શક્તિ છે અને જેની પાસે ભાષા ભંડોળ છે, જે સાહસિક, હિંમતબાજ અને નીડર છે વળી પોતાની આવડતને રજૂ કરવાનો થનગનાટ છે તે વ્યક્તિ જ સભા સંચાલન સારી રીતે કરી શકે. વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા અને આવડત પ્રમાણે ખૂબ સરસ રીતે સભા સંચાલન કરતા જોવા મળે છે.

લોકશાળા ગામડાંમાં જ ચાલે છે. કોઈ શહેરમાં સ્થપાણી હોય તેવું જાણ્યું નથી. ગામડાં હજુ વિકસવા બાકી છે. કેમકે શિક્ષણ ઓછું છે. ગામડાંમાં સ્થપાયેલી લોકશાળાઓ લોકજાગૃતિ અને લોકશિક્ષણનું જબરૂ કામ કરી રહી છે. એમાંય અંતરિયાળ ગામડાં કે જ્યાં પાકા રસ્તા નથી, જ્યાં બસ જતી નથી અને જાય તો એકાદ-બે ભાગ્યે જ જાય છે. જ્યાં પીવાના પાણીની સમસ્યા કાયમી બની ગયેલ હોય છે. તેવા વિસ્તારમાં લોકોને શિક્ષિત અને સંસ્કારી બનાવવા તે કામ નાનું સુનું નથી. સંઘની તમામ લોકશાળાઓ ગ્રામ્યવિસ્તામાં આવેલી છે. અભણ માતા-પિતા પોતાના સંતાનને અભણ રાખવા માગતા નથી. તેનો વિકાસ, પ્રગતિ ઈચ્છે છે. જે બાળકોને પુરું બોલતા ન આવડતું હોય, સાંભળીને પુરું સમજતા ન આવડતું હોય, બીજાની સાથે કેમ બોલવું, કેવું વર્તનન કરવું કોની સાથે કેમ શું બોલવું વગેરેનું પુરું ભાન ન હોય તેવા કેટલાક બાળકો ભણવા આવતા હોય છે.

રેલીમાં ભાગ લેનાર યુવાનને વિશાળ સભાના સંચાલનનું કામ આપી દેવું અને યુવક પ્રેમપૂર્વક, હિંમત અને વિશ્વાસપૂર્વક સભા-સંચાલનની જવાબદારી બહુ સહજતાથી સ્વીકારીને ગંભીરતાથી અદા કરતા આપણે જોઈએ ત્યારે આપણા હૈયાને ટાઢક વળે છે. અચાનક "વાહ વાહ" હૈયામાંથી નીકળી પડે છે. હવે જ્યારે તેના માતા-પિતા સામે બેઠા હોય ત્યારે તેની છાતી કેટલી ફૂલતી હશે ! માત્ર કલ્પના જ કરવી રહી. આપણે ન ધાર્યું હોય તેટલા ઉત્સાહથી સભા સંચાલન થતું હોય ત્યારે તેના ગુરુજનનું હૈયું કેટલું હરાખાતું હશે !

આ રેલીમા વિશેષ પ્રશંસનિય બાબત એ જોવા મળી કે રેલીના શીર્ષકને સાર્થક કરવા માટે અંગ્રેજીભાષા શીખવતા શિક્ષકો ખૂબ રસ લઈ, ખૂબ ધગશથી પોતાના વિદ્યાર્થીને તૈયાર કર્યા હોય તેવો અનુભવ થયો. સભા સંચાલનની ભાષા અંગ્રેજી જ રહી તે પણ એક અનોખી વિશેષતા સિધ્ધ થઈ. વિદ્યાર્થીઓ પોતાની સંસ્થાનો પરિચય અને અહેવાલ અંગ્રેજી ભાષામાં રજૂ કરે એ ખૂબ આવકાર પાત્ર છે. ગામડાંનો વિદ્યાર્થી કડકડાટ અંગ્રેજીમાં રજૂ કરતો જોઈ, સાંભળીને આપણને ગૌરવ પેદા થાય.

ગામડાંનો વિદ્યાર્થી ગમાર નથી. ખૂબ સમજદાર અને બુધ્ધિશાળી જોવા મળે છે. ઘણી બાબતોમાં તો શહેરના વિદ્યાર્થીને આંટી મારી દે તેવા વ્યક્તિત્વવાળા જોવામાં આવ્યા. તેનામાં ભરપુર ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો. ભરપુર શક્તિ ક્ષમતા પણ છે. જરૂર છે માત્ર અવસરો પુરા પાડવાની. જરૂર છે પ્રેરણાના બે પુષ્પો આપવાની, જરૂર છે પીઠ થાબડવાની, જરૂર છે માથે હાથ ફેરવવાની.

નિભાડો અંદરથી તો સળગે છે, જરૂર છે ઉપર બાજી ગયેલી રાખને ફૂંક મારવાની. પ્રકાશ તો અંદર છે જ, ઉષ્મા તો અંદર છે જ પણ ફૂંક કોણ મારે ? બસ આવું જ કંઈક ગામડાંના વિદ્યાર્થીનું છે. નિષ્ઠા અને દૃષ્ટિવાળો શિક્ષક ફૂંક મારીને રાખ ઉડાડી દે એટલે ખરું હીર પ્રગટ થાય. જરૂર છે વિકસતી યુવા શક્તિમાં દીવેલ પૂરવાની, જરૂર છે વિકસતી યુવા શક્તિને દિશા બતાવવા દીવાદાંડી બનવાની.

પાંચ દિવસમાં રેલીની કુલ દસ સભા હોય. અને દરેક સભાનું સંચાલન વારા ફરતી લોકશાળાઓનું હોય છે. રંગમંચ કે સ્ટેજ પર આવવું અને સભાસંચાલન કરવું એ કપરું કામ તો છે જ છતાં સહજતાથી થતું જોવા-અનુભવવા મળ્યું. અહીં પણ રેલીની સફળતા જોવા મળે છે.

૭. સંબંધો કેળવવાનું કૌશલ્યઃ

રેલીમાં ભાગ લેનારા કોઈ એક કોમ કે જાતિના નથી હોતા. દરેક પોતાના માતા-પિતા અને કુટુંબ તરફથી મળેલા સંસ્કારો અને ટેવોનો વારસો લઈને આવતા હોય છે. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના મિત્રોની બિનજરૂરી સોબતમાંથી કેટલીક ટેવો કે સંસ્કારો લઈને આવતા હોય છે. પરસ્પર મિત્રતા તો જે પ્રકારનુ ભાતુ લઈને આવે છે તેના પર બંધાય છે. આ બહુ જ અગત્યનું છે.

કેટલાક પાન, તમાકુ, ગુટખા, માવો, ધુમ્રપાનના બંધાણી પણ આવી જાય છે. આ બધા અનિષ્ટો લોકશાળામાં પ્રવેશ કરતાની સાથે ધીમે ધીમે ઓગળી જાય છે. વિચારો અને આચારોનું સહજ પરિવર્તન થવા લાગે છે. ધીરે ધીરે વિકાસ પોષક વિચારો અને આચારોમાં જબરો બદલાવ આવી જાય છે. માતા-પિતા પોતાના સંતાનમાં આવી રહેલ પરિવર્તન જુએ છે ત્યારે તેઓ ખૂબ હરખાય છે. જે કામ ઘરમાં માતા-પિતા થકી નથી થઈ શકતું તે લોકશાળાના છાત્રાલયોમાં બહુ સરળતાથી થતું હોય છે. જેનો યશ સંસ્થાના સંચાલક, આચાર્ય, ગુરુજનો અને ગૃહપતિ કે ગૃહમાતાના સંયુક્ત પ્રયાસથી સહજ સાધ્ય બને છે. આ બધાના વિશ્વાસે, ભરોસે માતા-પિતા પોતાના સંતાનને છોડી દે છે. એટલે બહુ મોટી અને ગંભીર જવાબદારી લોકશાળાઓએ અદા કરવાની હોય છે.

ઘરમાં માતા-પિતાનો સંઘર્ષ, બહેન-ભાઈનો સંઘર્ષ, બાપ દીકરાનો કે મા-દીકરીનો સંઘર્ષ થયા કરતો હોય છે પણ આ સંઘર્ષ લોહીના સંબંધનો છે, પ્રેમ તત્ત્વનો છે. એટલે જલ્દી શમી પણ જાય છે. કાયમી નથી ટકતો. સવારે પેદા થયેલ સંઘર્ષ સૂરજ ઢળતા ઢળી જતો હોય છે. સંઘર્ષમાં કાયમી કડવાશ ભાગ્યે જ પેદા થાય છે. કોથળામાં વાસણ હોય તો ખખડે પણ ખરા. ભિન્ન ભિન્ન વિચારધારાથી કયારેક વાદ, વિવાદ પણ થાય છેવટે તો, સંવાદમાં જ પરિવર્તન પામે છે. મીઠા સંબંધોમાં પજવણી ખીલવણીના ખેલ તો થયા જ કરે છે. પણ આ બધાના મૂળમાં પ્રેમ તત્વ સૌને એક તાંતણે બાંધી રાખે છે.

સહ શિક્ષણવાળી લોકશાળાના એક જ પ્રાંગણમાં કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય હોય છે. કેટલાક

જોખમો અને પડકારોને લક્ષમાં રાખીને સમજપૂર્વક છાત્રાલયો ચલાવવામાં આવે છે. કેટલીક સંસ્થાઓ ઘી અને આગને ભેગા કરવાની હિંમત કરતી નથી. એટલા તે ઉણા ઉતર્યા ગણાય. ઘરમાં જો ભાઈ-બહેન રહી શકે તો સંસ્થાને એક ઘર માનીને છાત્રાલયમાં ભાઈ-બહેન કેમ ન રહી શકે ? આવું વિચારનારા હિંમતબાજ, નીડર અને સાહસિક હોય છે. પહેલા તો કોઈ પણ પ્રકારના પ્રશ્નો જ ન બને તે માટે પારિવારિક કે કૌટુંબિક વાતાવરણ જ સંસ્થામાં ઊભું કરી દે છે. જ્યાં દિલનો સાચો પ્રેમ છે ત્યાં વિશ્વાસ છે. જ્યાં વિશ્વાસ છે ત્યાં નિર્ભયતા છે. અને જ્યાં નિર્ભયતા છે ત્યાં ભાઈચારો પણ છે.

સહશિક્ષણ નહીં સ્વીકારનાર કોઈ ભયથી પીડાઈ રહ્યા હોય છે, કોઈ સંશય કે શંકાથી ગ્રસ્ત હોય છે. બીકણ હોય છે. જવાબદારીમાંથી છટકવા માગે છે. જેણે સ્વીકાર્યું છે તેને કોઈ બીક નથી. 'હિંમતે મર્દા તો મદદે ખુદા' એમ માની સમસ્યા આવશે ત્યારે પડશે એવા દેવાશે. એવો સમજદારીનો રસ્તો અપનાવે છે. જ્યાં ભાઈઓ અને બહેનો સંયુક્ત રીતે કામ કરી શકે, હાજરી આપી શકે એવા કામોમાં અનિવાર્યપણે ભેગા તો થવાના જ. જેમકે સમૂહ શ્રમકાર્ય, સમૂહ સફાઈ, સમૂહ પ્રાર્થના, વર્ગ શિક્ષણ, સભા, સંમેલનો વગેરે અને પ્રવૃત્તિઓમાં બહેનો અને ભાઈઓ ભેગા થવાના. તેના તરફ શંકાથી જોવાનું રાખશો તો શંકાપાત્ર બનતા વાર નહીં લાગે. નિખાલસ પ્રેમ દૃષ્ટિથી જોવા લાગશો તો તે વિશ્વાસપાત્ર બની જશે. પછી ઘણા પ્રશ્નો હળવા બની જશે. પોલીસગિરી નહીં પણ માવતરગિરીથી તેમની સાથે વર્તન વ્યવહાર થાય તો કોઈ સમસ્યા પેદા થતી નથી. જ્યાં વહાલા-દેવલાની નીતિ અપનાવાય ત્યાં સમસ્યા ખડી થઈ શકે છે. બહુ સાવધાની પૂર્વક તટસ્થ રહીને સત્યને મીઠી ભાષામાં રજૂ કરવામાં આવે તો કોઈ સમસ્યા પેદા થતી નથી. 'વિશ્વાસ વહાણ ચાલે' છતાં નજર અંદાજ થતી રહેવી જરૂરી છે. વાસ્તવિકતા જાણવા માટે બધું નજરમાં તો રહેવું જોઈએ.

સહશિક્ષણનો સૌથી મોટો ફાયદો એ છે કે શિસ્તના પ્રશ્નો સહજ હળવા થઈ જાય છે. એક બીજાના વર્તન-વ્યવહાર અને સ્વભાવમાં આપો-આપ નિયંત્રણ આવી જાય છે. પરસ્પર કુણી લાગણી અને સવિવેકવાણી પ્રગટ થાય છે. પોત પોતાના છાત્રાલયમાં ધીંગા-મસ્તી જરૂર થતી હોય છે પણ રસ્તા પર તે બહાર નથી આવતી કેમકે બહાર કોઈ જોનાર છે જે આપણને શરમમાં નાખી દેશે એવી દહેશત પણ રહે છે. છાત્રાલયમાં બાધકણા કે ઝઘડાળુ તરીકેની પડી ગયેલ છાપ બહાર ન જતી રહે તે માટેની ખૂબ કાળજી રાખવામાં આવે છે. પોતે ઘમંડી છે, તૂંડ મીઝાજી છે, આછકલો છે, તોરી છે, વક્રભાષી છે એવી છાપ સાથે ભણતી છોકરીઓમાં ભૂલથી પણ કોઈના થકી ન પહોંચી જાય તેની ખૂબ સાવધાની રાખવામાં આવે છે. આ વાત છોકરીઓને પણ એટલી જ લાગુ પડે છે.

છોકરાઓ માંદા પડે એમાંય પોતાની નજીકનો છોકરો માંદો પડ્યાની જાણ થાય એટલે વિશેષ સહાનુભૂતિ પેદા થાય એ સહજ છે. આ વાત છોકરી માટે પણ એટલી જ લાગુ પડે છે. છોકરાઓ પોતાના મિત્રો સાથે કામમાં પરસ્પર સહકારની ભાવનાથી કામ કરતા હોય છે એવું મેં અનુભવ્યું છે. અને સ્વયં શિસ્ત નિર્માણ થાય છે. જે શાળા માત્ર છોકરાઓ કે છોકરીઓની હોય ત્યાં શિસ્તના પ્રશ્નો વિશેષ મુંજવતા હોય છે. એક જ ભોજનાલયમાં સામ-સામે જમતા ભાઈ-બહેનોને પીરસનાર પણ તેમના મિત્રો જ હોય. પીરસાઈ રહ્યા પછી મંત્ર બોલાય છે;

'સાથે રહીશું, સાથે જમશું
સાથે કરીશું સારા કામ'

સ્વરમાં એકસૂત્રતા પેદા થાય છે અને તેમાંથી સ્વરની મધુરતા માણવા મળે છે. બે લીટીના અર્થમાં છુપાયેલ સત્ય બળુકુ હોય છે. રેલીની શિક્ષણ ગોષ્ઠિમાં સંપૂર્ણ શાંતિ અને શિસ્તપૂર્ણ માહોલ પેદા કરવો, તે સામાન્ય કામ નથી. એમાંય પુખ્તવયના કુમાર, કુમારિકાઓને સમૂહમાં શિસ્તબધ્ધ જોવા અને શાંતિપૂર્ણ વાતાવરણ અનુભવવું એ આજના જમાનામાં દોયલું છે. જ્યાં આ માહોલ બીલકુલ સહજ જોવા મળે છે. સહશિક્ષણ આપતી દરેક લોકશાળામાં નિર્ભયતા નિખાલસતા અને વિશ્વસનિયતા પેદા થયેલી હોય તો જ રેલીમાં આટલી શિસ્ત જોવા મળે છે.

એક ઘરમાં ભાઈ-બહેન સાથે રહી શકે, જીવી શકે તો છાત્રાલયમાં રહીને સાથે કેમ ન ભણી શકે ? સમૂહ શિસ્તની મર્યાદામાં રહીને બધાં કામોમાં એકબીજાના સહકારથી કામ કરતા હોય, જીવન ઘડતરના પાઠો સાથે મળીને શીખતા હોય એવું સુંદર વાતાવરણ રેલીમાં જોવા મળે છે, સેવા, ત્યાગ, સમર્પણ સહકારની ભાવના સાથે

આદર, અને સન્માન વગેરે જીવન મૂલ્યોનું શિક્ષણ રેલીમાં પ્રાપ્ત થાય છે. **vs॥E k॥b km**ની ભાવના કે આદર્શ ને અહીં દઢ કરીને વિદ્યાર્થી છૂટા પડે છે. અંતે ગુરુગણની કેળવણી પ્રત્યેની નિષ્ઠા અને દૃષ્ટિ થકી રેલીનું સાફલ્ય પ્રગટ થાય છે.

**એક મનોવૈજ્ઞાનિક તારણ**

વિજ્ઞાન એમ કહે છે કે સ્ત્રી અને પુરુષનું શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક સંગઠનોનું બંધારણ એક સરખું હોતું નથી. કારણ કે તેમને જીન્સનો વારસો પેઢીઓથી મળેલો હોય છે. રંગ, કદ, સ્વભાવ વગેરે અનેકના ગુણવાહક તંતુઓ છે; રંગસૂત્ર પુરુષ અને સ્ત્રી બન્ને મળીને પૂર્ણ સમાજને આકાર આપે છે. જેમાંથી સમાજનું બંધારણ ઘડાય છે. બન્ને એક બીજા વગર અધૂરાં છે. પૂર્ણતા પામવા બન્નેએ એક થવું જરૂરી છે.

માણસ જ એક એવું જે સમાજ વગર જીવી શકતું નથી. એટલે જ તે સામાજિક પ્રાણી ગણાય છે. સમાજમાં સ્ત્રી એકલી રહી શકતી નથી તેમ પુરુષ પણ એકલો રહી શકતો નથી. બન્ને વચ્ચે જન્મગત લગાવ કે આકર્ષણ રહ્યું છે. જેમાંથી પરિવારનો જન્મ થાય છે. પ્રકૃતિએ બન્નેમાં જાતીય અને વિજાતીય આકર્ષણ મૂક્યું છે. જેને કારણે એક-બીજાના સહારા થકી જીવન નૈયા પાર કરે છે.

વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો પુરુષ એ સૂર્ય છે. ધગધગતી આગ વરસાવતો સ્વપ્રકાશિત એક ગોળો છે. અને પૃથ્વી એ પ્રકૃતિ છે. જેનામાં નવું સર્જન કરવાની ઊર્જા મૂકી છે. તે પણ સૂર્યની ઊર્જા વગર થઈ શકતું નથી. આપણે જાણીએ છીએ કે આ બન્ને ધ્રુવો (સ્ત્રી, પુરુષ) એક બીજાને આકર્ષે છે, ખેંચે છે.

હવે આપણે થોડો આગળ વિચાર કરીએ. વૈશ્વિક ચેતના આ બે બળો પર કામ કરી રહી છે. એક છે પોઝીટીવ ઊર્જા જેને આપણે ઈલેક્ટ્રોન કહીશું અને બીજી છે નેગેટીવ ઊર્જા જેને આપણે પ્રોટોન કહીશું. એક ઊર્જા ઉષ્ણ છે. અને બીજી ઊર્જા શીત છે. પુરુષના શરીરમાં જે ઈલેક્ટ્રોન કામ કરી રહ્યા છે તે ઈલેક્ટ્રોન હોર્મોન્સ ગણાય છે. અને સ્ત્રીના શરીરમાં જે પ્રોટોન કામ કરી રહ્યા છે તે ઈડપસ હોર્મોન્સ ગણાય છે. આ બન્ને વચ્ચે નાભિ-નાળનો સંબંધ છે. આ સંદર્ભમાં જન્મગત કે વારસાગત લોહચુંબકત્વ રહેલું છે. આને આપણે કોઈ પણ સંજોગોમાં દૂર કરી શકતા નથી.

આજ કારણે બાપને હંમેશા દીકરીના હોર્મોન્સ આકર્ષે છે. અને માતાને પુત્રના હોર્મોન્સ આકર્ષે છે. તમે દીકરીને પૂછો કે તારા દિલમાં સૌથી વધુ લગાવ કોની સાથે છે ? પિતા સાથે કે માતા સાથે ? સ્વબળે નિર્ભયતાથી અને સાવ નિખાલસતા તે પિતાનું જ નામ લેશે અને પુત્રને પૂછશો તો તે માતાનું જ નામ લેશે. આ એક હકીકત છે. સનાતન સત્ય છે. આનું બીજું કારણ એ પણ આપવામાં આવે છે કે બાપની પ્રકૃતિ ગરમ છે અને પુત્રની પ્રકૃતિ પણ ગરમ છે. એટલે સંબંધોમાં જલ્દી ગરમી પકડે છે. બાપ પોતાના દીકરાને પોતાનાથી સવાયો જોવા ઈચ્છે છે. એટલે તેના ઘડતરમાં બાપ વિશેષ ટક ટક કરતો હોય છે. આ ટકટકાટ વધુ પડતો હોય તો દીકરાને બાપ બહુ ઓછો ગમે છે. માતા લગભગ ટકટકાટ બહું ભાગ્યે જ કરતી હોય છે. દીકરો વાંકમાં આવે, બાપ વઢે એટલે તે છાવરતી હોય છે. જયારે દીકરી માટે માતાનું વલણ પણ આવું જ હોય છે. તે પોતાનાથી સવાઈ બનાવવા માંગે છે. સાસરે કોઈની ફરિયાદ આવશે તો પ્રથમ ગુનેગાર મા બનતી હોય છે. તેના પર ટીકાના બાણ છૂટે છે. આ સ્થિતિ તે જોવા નથી માગતી એટલે જન્મથી પુત્રીના ઘડતરમાં જે ટકટકાટ થાય છે તેના કારણે મા તરફ પિતા કરતા ઓછો લગાવ રહે છે.

આપણે ન ભૂલીએ કે આપણાં સંતાનના મનમાં આપણે પેસી શકતા નથી. શિક્ષક ભણાવે છે પણ તે મનમાં પેસી શકતો નથી. મન દ્વારા થતા તેના વર્તનને જ તે પામી શકે છે. વર્તન કેમ થયું, કેવું થયું, શા માટે થયું. તેને રોકી શકાય કે કેમ ? રોકી શકાય તો શી રીતે રોકી શકાય. આ વિગતોમાં કોઈ મા-બાપ કે શિક્ષક ઊંડો ઉતરતો નથી તેથી વર્તનનું નગ્ન સત્ય બહાર આવતું નથી. પણ જયારે સત્ય બહાર આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. પછી ચિડિયા ચુગ ગઈ ખેતના ખેલ ખેલાય છે. અંતે ભૂલ તો ઘરમાંથીજ થયેલ સિધ્ધ થાય છે. પુખ્તવયમાં બન્નેને માતા-પિતાની હૂંફ જોઈએ છે. જ્યાં હૂંફ નથી મળતી ત્યાં પ્રશ્નો મુંઝવે છે. નિવાસી શાળામાં ગુરુજનોની હૂંફ ખૂબ આવશ્યક છે. જે લોકશાળામાં સહજ ભાવે અપાય છે.

**પુર્ણ...**

●---------●●●--------●●●---------●

મો. ૯૪૨૭૬૫૨૦૯૯

## (૦૭) કોલકત્તા દર્શન

- પ્રકાશ નાકરાણી

**કાલી મંદિરઃ**

"રામકૃષ્ણ મિશન ઈન્સ્ટીટ્યુટ ઓફ કલચર" સંસ્થા જોઈ અમે સીધા જ અહીંના આરાધ્ય દેવી કાલીના મંદિરે આવ્યા. પંદરેક મિનિટમાં તો અમે આ સ્થળે પહોંચી ગયાં. અમને જોતા જ મંદિરના પંડાઓએ અમને ઘેરી લીધા. બોલ્યા, "માતાજીના દર્શન બંધ થવામાં છે, તેમ છતાંય તમને આગલી હરોળમાં બેસાડી દર્શન કરાવી આપીશું." પંડાઓએ પ્રલોભનો આપ્યાં છતાં અમે દર્શન માટે એવા આતુર નહોતાં. સ્વાભાવિકક્રમમાં કાલીદેવીના દર્શન થાય તો કરવા છે. જો કે પંડાઓએ બીક બતાવી તેવું કાંઈ હતું નહીં. દર્શન બંધ થવામાંય નહોતા અને દર્શનનાર્થીઓની લાંબી લાઈન પણ નહોતી. અમને તરત પ્રવેશ મળી ગયો અને દેવીના દર્શન પણ થયા. અહીં જાણ્યું કે આ પુરાણા મંદિરને ૧૮૦૯માં નવસાધ્ય કરવામાં આવ્યું છે. ૩૦ મીટર ઉંચું બે માળનું શીખરબંધ મંદિર બન્યું છે.

પ્રાચીન માન્યતા મુજબ ભગવાન શિવ સતીના મૃત્યુ પછી અતિ વ્યગ્ર બની ગયા. શિવે તાંડવ નૃત્ય કર્યું. ભગવાન વિષ્ણુએ દેવી અને જગતને બચાવી લેવા શિવને વિનંતી કરી. સતીના એકાવન ટુકડા થયા. જ્યાં જ્યાં આ ટુકડા પડ્યા ત્યાં ત્યા શક્તિપીઠ બની. એકાવન શક્તિપીઠોમાંની આ એક શક્તિપીઠ છે. અહીં સતીના જમણા પગનો અંગુઠો કાલીઘાટ પર પડ્યો હતો, એ પછી તેનું ધાર્મિક મહત્ત્વ વધી ગયું. આજે કાલીઘાટનું આ મંદિર ખુબજ મહત્ત્વનું છે. અહીં કાલીમાતાના ઉત્સવો વખતે હજારો ભક્તો ઉમટી પડે છે. ભારતની મહત્ત્વની શક્તિપીઠોમાંનું એક આ આસ્થાનું મંદિર છે. અહીં પશુબલી અપાય છે. મંદિરની આસપાસ અને તેના ચોગાનમાં લોકોની ભીડ છે. આ આખા પરિસરમાં સ્વચ્છતાનો આગ્રહ ન હોવાને કારણે જ્યાં ત્યાં કચરો પડ્યો છે, ઘેરી દુર્ગંધ છે, કદાચ પશુબલીનું આ પરિણામ હોઈ શકે. પૂજાવિધિ, હોમહવન, ચુંદડી, કંકુ, પ્રસાદી વગેરેનું બજાર મંદિર આસપાસ છે. મંદિરની બહાર રસ્તા પર ભિખારીઓની લાઈન લાગી ગઈ છે. હા, આપણે ત્યાં હોય છે તેમ મંદિરની આસપાસ રખડતી ગાયો, કૂતરાં કે ભુંડ અહીં જોવા નથી મળતા. મંદિરમાં પ્રવેશતાં જ આત્મશાંતિ મળવી જોઈએ તેવો કશો અનુભવ થયો નહીં. અમારે હવે અહીંથી બિરલા ઔદ્યોગિક અને ટેકનિકલ મ્યુઝિયમ જોવા જવાનું છે.

**બિરલા ઔદ્યોગિક અને ટેકનિકલ મ્યુઝીયમઃ**

કોલકતાના માર્ગોથી થોડો અજાણ ડ્રાયવર રતને ફેરવી ફેરવીને છેવટે "બિરલા ઔદ્યોગિક અને ટેકનિકલ મ્યુઝિયમ"ના સ્થળે અમને લાવી દીધા ખરા. આ સ્થાન ગુરુસાંઈ રોડના ક્રોસીંગ પર આવેલું છે. ભવ્ય અને આકર્ષક ઈમારતમાં ગોઠવાયેલું આ મ્યુઝિયમ વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધ ઘણું માર્ગદર્શન આપે છે. અભ્યાસુ વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુઓ અને ટેકનોલોજીના ચાહકોને આ મ્યુઝિયમ જોવું ગમે તેવું છે. અહીં સેંકડોની સંખ્યામાં પ્રાયોગિક મૉડેલ્સ અને ઈલેક્ટ્રીક ઉપકરણો રાખવામાં આવ્યાં છે. મુલાકાતીઓ જાતે સંચાલન કરી શકે અને વિજ્ઞાનના સિંધ્ધાંતોને સમજી શકે તે માટે પ્રત્યેક ઉપકરણ સાથે સ્વીચ બોર્ડ છે. બોર્ડપરની સ્વીચ દબાવતા જ મૉડેલ્સ કાર્યાન્વિત થઈ જાય છે. મુલાકાતીઓ વિજ્ઞાન અને ટકનોલોજીનું પ્રત્યક્ષ શિક્ષણ મેળવે છે એટલું જ નહીં પણ જ્ઞાન સાથે ગમ્મત પણ મળે છે. મેં આ પ્રકારનું મ્યુઝિયમ બેંગલોરમાં જોયું હતું. જોકે આ મ્યુઝિયમ તો તેના કરતા વિશેષ અને વિશાળ છે. મ્યુઝિયમ ઘણાં વિભાગોમાં વ્યવસ્થિત રીતે વહેંચાયેલું છે. શાળા કોલેજોના વિદ્યાર્થીઓ અને કેટલાક પ્રવાસીઓ અહીં આવતા રહે છે. અમારી સાથે જ આજે ત્રણ શાળાના વિદ્યાર્થીઓ અને કેટલાક પ્રવાસીઓ મુલાકાતમાં સાથે છે. આ મ્યુઝિયમમાં મુખ્ય પાંચ વિભાગો છેઃ બાયોલોઝી, વનસ્પતિશાસ્ત્ર, સંદેશવ્યવહાર, ભૌતિકવિજ્ઞાન અને ઈલેક્ટ્રીક. પ્રત્યેક વિભાગને એવો તો આકર્ષક બનાવ્યો છે કે આ બધા વિભાગો જોવામાં આખો દિવસ પણ ટૂંકો પડે. નાના બાળકોથી માંડીને અમારી જેવા વૃદ્ધોને પણ એટલી જ મજા આવે. અમારી જેવા શિક્ષણપ્રેમીઓને ખૂબ જ ગમે

તેવું આ મ્યુઝિયમ છે.

ટાવર બિલ્ડીંગના એક હોલમાં ૧૮૫ મીટરની જગ્યામાં ઉદ્યોગપતિ ઘનશ્યામદાસ બિરલાએ મ્યુઝિયમની સ્થાપના કરી હતી. સૌ પ્રથમ તો આ મ્યુઝિયમમાં બિરલાના ઉદ્યોગો અને વ્યાપારિક ઉદ્યમો સંબંધી વિગતો મુકવામાં આવી હતી અને તે ખાનગી પણ હતું. એ પછી આ મ્યુઝિયમને ૧૯૫૪માં જનતા માટે ખુલ્લું મુકી દેવામાં આવ્યું અને શૈક્ષણિક ઓપ આપવામાં આવ્યો. એ પછી દસ વર્ષે આ મ્યુઝિયમને વર્તમાન ઈમારતમાં સ્થાનાન્તર કરવામાં આવ્યું છે. અહીં રોજ થ્રી ડી શો, કોયલા ખાણ શો, વિજ્ઞાનનો જાદુ અને ચમત્કાર, આશ્ચર્યજનક રાસાયણિક પ્રક્રિયાઓ, સુપર ફુલબોડિઝ, આકાશ દર્શન, પોર્ટેબલ તારામંડળ વગેરે જેવા નિત્ય કાર્યક્રમો થયા કરે છે. આ મ્યુઝિયમ જોવામાં પૂરો દોઢ કલાક કેમ જતો રહ્યો તેની ખબર જ ન પડી. ભુખને પણ ભુલી ગયાં. બધું જોઈને દરવાજા બહાર નિકળ્યા ત્યારે ખાવાનું યાદ આવ્યું. બપોર પછીના બે વાગ્યા હતા, ભાતુ અમારી સાથે જ હતું પણ ખાવાનું યોગ્ય સ્થળ મળ્યું નહીં. હવે આ કામ આગલે મુકામે કરશું તેમ નક્કી કરી વાહન હંકારી મુક્યું. અમો હવે 'ઝુઓલોઝીક' ગાર્ડન જોવા જઈ રહ્યાં છીએ.

**ઝુયોલોઝીકલ ગાર્ડનઃ ચિડિયાઘરઃ**

અમારો ડ્રાયવર ઝૂઓલોઝીકલ ગાર્ડન શોધવા જુદા જુદા માર્ગો પર ગોતણે ચડ્યો. આવું નામ તેણે સાંભળ્યું જ નથી. કોલકતાનાં જાહેર સ્થળોનો તે પુરો જાણકાર ન હોવાને કારણે આવું બને છે. કદાચ આ ગાર્ડન કોઈ જુદા નામે પણ ઓળખાતો હોય તેવુંય બને. ડ્રાયવરને અંગ્રેજી લખતા, વાંચતા કે બોલતાંય આવડતું નથી! આથી અંગ્રેજી નામ વાળા સ્થળને શોધવામાં મુંઝાય છે. ઘણી ફેરફુદરડી ફર્યા પછી અમને અલીપુર રોડ પર આવેલા આ સ્થળે લાવ્યો તો ખરો. અમે અહીંથી તો બે વાર પસાર થઈ ગયા હતા! ઝુયોલોઝીકલ ગાર્ડન લોકમુખે "ચિડિયાઘર"ને નામે જાણીતો છે. હા, ગાર્ડનના પ્રવેશદ્વારે તો 'ઝુયોલોઝીકલ ગાર્ડન' જ લખેલું છે છતાંય જાણ્યું અજાણ્યું કરી અમે ઘુમતા રહ્યાં !

અહી ખાસ્સી ભીડ છે. બધા વિભાગો લોકોથી ભરેલા છે. સ્થાનિક અને અમારા જેવા મુલાકાતીઓથી ગાર્ડન ભરેલો છે. બાગની હરિયાળી લોન પર અને વૃક્ષોના છાંયે જ્યાં ત્યાં લોકો બેઠેલા જોવા મળે છે. હા, આ બાગ અમદાવાદના કાકરિયા બાગ જેવો સુંદર, આકર્ષક અને વૃક્ષોથી આચ્છાદિત નથી. કાંકરિયાના બાગ જેવી સ્વચ્છતા અને હરિયાળી પણ નથી. અમે એક વૃક્ષને છાંયે બેઠાં. ભુખ્યાડાંસ હતાં. મદારી પોતાના થેલામાંથી એક પછી જાદુ કાઢે તેમ અમે સાથે લાવેલા ભાતના થેલામાંથી ખાવાની નોખી નોખી વાનગીઓ કાઢી પાથરેલા કાગળ પર ગોઠવતા ગયા અને ખાતા ગયા. વનભોજન જેવી મજા આવી. ભાભીઓ તો થાકીને ટેં થઈ હતી. તેઓ ઝાડને છાંયે બેઠાં રહ્યાં અને અમે નાસ્તો આમ તો બપોરનું ભોજન પતાવી આ ઝુઓલોઝીકલ ગાર્ડન જોવા-જાણવાનું શરુ કર્યું. અહીં વિશેષ કાંઈક જોવા જાણવાનું મળશે તેવો જિજ્ઞાસાભાવ પણ હતો. અહીં સફેદ વાઘ, એકશીંગી ગેંડો, ૨૫૦ વર્ષનો વિશાળકાય કાચબો જોયા જે કાંકરિયા પ્રાણીઘરમાં નથી. આ સિવાય સિંહ, દિપડા, ચિત્તા, રીંછ, જીરાફ, જીબ્રા, ઈમુ, હાથી, નીલગાય, જંગલી સુવર, સાબર વાંદરાં જેવા પ્રાણીઓ વિવિધ પ્રકારના પક્ષીઓ, સરીસૃપ હાઉસ છે, માછલીઘર છે, બાળકો માટે બાલવાટિકા આવું બધું છે પણ સારી વ્યવસ્થાનો અભાવ છે. પક્ષીઓનો વિભાગ વિશેષ આકર્ષક નથી. અમને જોવામાં ખાસ નાવિન્ય ન લાગ્યું.

આ પ્રાણીઘરની સ્થાપના ૧૮૭૬માં અંગ્રેજોના જમાનામાં થઈ હતી. આ બાગ એકતાલીશ એકરમાં ફેલાયેલો છે. દેશના મોટાં ગણાતાં પ્રાણીઘરોમાંનું આ એક છે. કોઈક કોઈક ચિડિયાઘર કે અલીપુર પ્રાણીઘરને નામે પણ ઓળખે છે. કોલકત્તામાં પ્રાણીઘર સ્થાપવાનો સૌથી પહેલો વિચાર અહીંના લેફનન્ટ ગવર્નર સર રિચાર્ડને આવ્યો હતો. તેમણે સરકાર, એશિયાટિક સોસાયટી અને બાગયત વિભાગના સંયુક્ત પ્રયાસથી ૪૫ એકર જમીન સંપાદન કરી. પ્રથમ ઔપચારિક રીતે આ ચિડિયાઘર ઉર્ફે પ્રાણીઘર કોલકતાના ઉપનગર અલીપુરમાં શરુ થયું હતું. આ પ્રાણીઘરમાં દત્તક યોજના ચાલે છે. આ યોજના પ્રમાણે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ જાનવરને દત્તક લઈ શકે છે. દત્તક લીધેલા પ્રાણીનો તમામ ખર્ચ દત્તક લેનાર ભોગવે છે. પ્રાણીના પાંજરા પર દત્તક લેનારનું નામ પણ લખાય.

અત્યાર સુધીમાં આવા ઘણાં દાતાઓ મળ્યા છે. અમારે સમય ઓછો છે અને વેશ જાજા છે. આ સ્થળ જોયા પછી અહીંથી સાવ નજીકમાં પાંચ મિનિટમાં ચાલતા પહોંચી શકાય તેટલા અંતરે આવેલ રાષ્ટ્રીય પુસ્તકાલય જોવા જવાનું છે. ખૂબ થાક્યાં છીએ છતાંય આ સંસ્થા જોવાનું છોડવાનું નથી. અમે બધાં પુસ્તકપ્રેમીઓ ખરાને ?

**નેશનલ લાઈબ્રેરી : રાષ્ટ્રીય પુસ્તકાલયઃ**

ઝુઓલોજીકલ ગાર્ડન ઉર્ફે પ્રાણીઘર જોયા પછી ચાલતા જ દેશના સૌથી મોટા પુસ્તકાલયે પહોંચ્યાં. પુસ્તકાલય સંકુલના દરવાજામાં પેસતાં જ તેની ઈમારતની ભવ્યતાનો ખ્યાલ મળી જાય છે. જુની ઈમારત નાની પડવા લાગી એટલે એવી જ વિશાળ ઈમારત તેની સામેના ભાગમાં બાંધવામાં આવી છે. આઝાદી પહેલાં આ રાષ્ટ્રીય પુસ્તકાલયનું નામ “ઈમ્પીરિયલ લાઈબ્રેરી” હતું. અત્યારે જુદી-જુદી ત્રણ ઈમારતોમાં પુસ્તકાલય વિસ્તરેલું છે. ૧૯૫૩માં આ પુસ્તકાલયને એ વખતના દેશના શિક્ષણ પ્રધાન મૌલાના અબ્દુલ કલામ આઝાદે જાહેર જનતા માટે ખુલ્લું મુક્યું હતું. આ પુસ્તકાલયનું મૂળ તો કોલકતાની પબ્લીક લાઈબ્રેરીમાં છે કે જે પછીથી ઈમ્પીરીયલ લાઈબ્રેરીમાં ભળી ગઈ અને છેવટે આજનું રાષ્ટ્રીય પુસ્તકાલય અસ્તિત્વમાં આવ્યું. આ નવા મકાનમાં આધુનિક સુવિધા ઊભી કરવામાં આવી છે. દેશના તમામ લેખક અને પ્રકાશકોએ પોતાના પ્રકાશનની એક નકલ આ રાષ્ટ્રીય પુસ્તકાલયને મોકલવી પડે છે. આ પુસ્તકાલયમાં ભારતની તમામ ભાષાના વિભાગો છે. આ ઉપરાંત વિદેશી લેખકો અને પ્રકાશકોએ ભારત વિશે જે પ્રકાશનો પ્રગટ કર્યા હોય પછી તે ગમે તે ભાષામાં હોય તેની પણ એક નકલ આ પુસ્તકાલયને મોકલવાની હોય છે. આ રાષ્ટ્રીય પુસ્તકાલય દેશનો અણમોલ ખજાનો છે. આ ખજાનો રાષ્ટ્રીય ધરોહર છે. આ ખજાનામાં પ્રતિ વર્ષ ઉમેરો થતો જ રહે છે. ટૂંકમાં દેશ અને વિદેશમાં પ્રસિદ્ધ થતાં પ્રકાશનોનો ભંડાર અહીં છે, તેથી સર્વ વિષયોનું સંદર્ભ કેન્દ્ર પણ આ પુસ્તકાલય છે. ભારતીય પ્રકાશનોનું વિદેશી પ્રકાશનો સાથે અહીંથી આદાન-પ્રદાન થતું રહે છે. દેશનું સૌથી મોટું આ રાષ્ટ્રીય પુસ્તકાલય છે. ૨૬મી જાન્યુઆરી, ૧૫ મી ઓગષ્ટ અને બીજી ઓક્ટોબર આ ત્રણ દિવસોને બાદ કરતા ૩૬૨ દિવસ સવારના નવથી સાંજના આઠ વાગ્યા સુધી આ પુસ્તકાલય ખુલ્લું રહે છે. ૧૮ વર્ષથી ઉપરના વાચકો માટે રીડીંગરૂમ ફ્રી છે. માત્ર નોંધાયેલા સભ્યોને જ પુસ્તકો મળે છે. અગત્યના પુસ્તકોની ફોટો પ્રિન્ટ માટે અહીંના ડાયરેક્ટરની મંજૂરી લેવી પડે છે.

અમે નવા બંધાયેલા ભાષાભવનમાં સૌ પ્રથમ આવ્યાં. જોયું તો એકદમ શાંતિ ! કર્મચારીઓ પોતાના ટેબલ પર બેસી ફરજ બજાવે છે. વિશાળ વાચનખંડમાં સેંકડો મેગેઝિનો અને નવાં આવેલાં પ્રકાશનો મુકેલાં છે. એક બાજુની વીંગમાં અમૂલ્ય સંદર્ભગ્રંથોના કબાટો છે. નવાં પ્રકાશનોમાં મેં અહીં ગુજરાતી લેખક શ્રી ગુણવંત શાહનું પુસ્તક “કબીરા ખડા બાઝાર મેં” જોયું ત્યારે ખુશી થઈ. પાંચ છ ગુજરાતી સામયિકો પણ જોયાં. આ ખંડમાં વાચકો માટે ટેબલ ખુરશી મુકેલાં છે. ઘણાં વાચકો શાંતિથી પોતાના વાચનમાં મગ્ન થયેલાં જોયા. વાચન રસિકોને તો આ ખંડમાંથી બહાર નિકળવાનું મન જ ન થાય તેવું છે. અમે તો પ્રવાસીઓ છીએ અહીં વાંચવા થોડા આવ્યા છીએ ? અને અમારી પાસે એવો સમય પણ ક્યાં છે ? અમારે તો આવા મોટા રાષ્ટ્રીય પુસ્તકાલયમાં ગુજરાતી વિભાગ જોવો છે. જે જૂની ઈમારતમાં છે. અમે ભાષા ભવનના પગથિયે બેસી ફોટોગ્રાફી કરી. એ પછી અંગ્રેજોના સમયમાં બંધાયેલ રાજ મહેલ જેવી ભવ્ય, રોનકદાર અને આકર્ષક એવી જૂની ઈમારતે પહોંચ્યા.

ભાભીઓને પુસ્તકો જોવામાં રસ નથી. આમેય થાકેલાં છે. તેઓ પુસ્તકાલયને પગથિયે બેઠાં રહ્યાં. અમે સમયની મર્યાદામાં ઉતાવળે નિરીક્ષણ કર્યું. અહીં અપ્રાપ્ય ગ્રંથો, હસ્તપ્રતો, ઐતિહાસિક દસ્તાવેજો, ચાર્ટસ, નકશાઓ, વિવિધ ભાષાના શબ્દકોષો અને એનસાયકલોપિડિયા જેવા ગ્રંથોનો અમુલ્ય ખજાનો છે. હીરજીભાઈ તો સીધા જ ગુજરાતી વિભાગમાં પહોંચ્યા તો આ વિભાગનો વડો અમદાવાદના સરસપુરનો રહેવાસી નિકળ્યો ! ગુજરાતીઓને જોઈને આ ભાઈ ખુશ થઈ ગયા. અમને વળાવવા બહાર સુધી આવ્યા. તેમણે કહ્યું, અગાઉથી મને ખબર હોત તો સાથે આવીને હું બધું બતાવત.” એ પછી પોતાનું નામ, સરનામું અને ફોન નંબર આપ્યો અને જરૂર પડે તો સંપર્ક કરવાનું પણ કહ્યું.

સંશોધકો, ઇતિહાસવિદ્યો, સાહિત્ય રસિકો અને અભ્યાસુઓ માટે આ માહિતી સભર અને જ્ઞાનના ભંડાર જેવું આ રાષ્ટ્રીય પુસ્તકાલય અત્યંત ઉપયોગી છે. દુનિયાના શ્રેષ્ઠ પુસ્તકાલયમાં આ પુસ્તકાલયનું નામ છે. પુસ્તકાલયનું પ્રાંગણ મેદાની લોન, ફુલ છોડ અને ફુલવેલોથી સુશોભિત છે. ફુલછોડના આકર્ષક કુંડાઓ સુંદર રીતે ગોઠવેલાં છે. નીચેના ભાગે આરસમાં કંડારાયેલી કેટલીક મૂર્તિઓ બેસાડવામાં આવી છે. સમગ્ર સંકુલ સોહામણું લાગે છે. હવે સાંજ ઢળવા આવી છે અને અમે અમારા નિવાસે પહોંચવા ઉતાવળમાં છીએ.

**નિવાસ ભણી:**

અંધારું ઘેરાતું જાય છે. ટ્રાફીકની ગીચતાને કારણે રસ્તો ધીમે ધીમે કપાય છે. આ શહેરમાં જૂના જમાનાની ટ્રામ હજી ચાલે છે. ટ્રામનો માર્ગ અને સામાન્ય વાહનોનો માર્ગ એક જ છે. ટ્રામના પાટા વાહન ચાલકો અને રાહદારીઓને માટે ગતિરોધક છે. ઘણીવાર ટ્રાફીક જામ થઈ જાય છે. બને ત્યાં સુધી લોકો ટ્રામમાં બેસવાનું ઓછું પસંદ કરે છે. ટ્રામ બ્રિટીશ ભારતની ભેટ છે અને આ ભેટને કોલકતાએ આજ સુધી સાચવી રાખી છે. આ ટ્રામે વિદ્રોહી કોલકતાથી માંડીને શાંત કોલકતા સુધીની લાંબી યાત્રા જોઈ છે. ટ્રામ આજે ભલે તિરસ્કારની વસ્તુ હોય તેમ છતાં અંગ્રેજોનો આ અમૂલ્ય વારસો મૌજુદ છે. સમગ્ર એશિયાની જુની પરિવહન વ્યવસ્થા આજેય અહીં જીવતી છે !! ૧૮૭૩થી શરુ થયેલી વખતો વખતના સુધારા સાથે આ પરિવહન આજે ય જોવા મળે છે. અદભૂત, મનમાં થયું કે લ્હાવો મળે તો એકવાર ટ્રામમાંય સફર કરવા જેવું ખરું. ટ્રામ સિવાય સીટી બસની સુવિધા છે. અમદાવાદની સીટીબસ કરતા નાની અને ખખડધજ. બસની ઉપડી બોડીમાં લાકડું વપરાયું હશે તેવું બસને જોતાં લાગે છે. ધુમાડો કાઢતી આવી બસો, રીક્ષાઓ, ટેક્ષીઓ અને સામાન્ય વાહનો ભરચક માર્ગે અમે ધીમી ગતિએ નિવાસે જઈ રહ્યાં છીએ. હવામાં એવું પ્રદુષણ છે કે આંખો બળવા લાગી. કાર્બન ઓકતાં વાહનોની વણજાર શહેરના પર્યાવરણને ભારે નુકસાન કરે છે. ધુમાડાની એલર્જીવાળા મારા જેવાએ તો નાકે રૂમાલ બાંધી દેવો પડે. મને અમદાવાદ પ્રદુશિત શહેર લાગતું હતું પણ કોલકતાને જોયા પછી લાગ્યું કે મારું શહેર અનેક ગણું સારું છે. ઔદ્યોગિક વિસ્તારોમાં ધુમાડાનું વાદળ છવાય ગયું છે. ધન્ય છે આ શહેરની જનતાને તે આ બધું સહ્યે જાય છે. પ્રદુષણ કોઠે પડી ગયું છે. દેશનું મોટું શહેર હોવા છતા આજ સુધી અહીં સી.એન.જી. વાળાં વાહનો જોવાં મળતાં નથી! આ મેગા શહેરના કેટલાંક રસ્તા પરની કાર્પેટ પણ ખલાસ થઈ ગઈ છે.

વાહનમાં બેઠા બેઠા અહીં જીવતા લોકજીવનનો પણ અંદાજ મુકી શકાય છે. રાજકીય રીતે અહીં સામ્યવાદીઓનું વર્ચસ્વ છે. જ્યોતિ બસુ જેવા સામ્યવાદી શાસકે વર્ષો સુધી એકધારી સત્તા ભોગોવી છે. આજે પણ અહીં સામ્યવાદીઓની બોલબાલા છે. અહીં છેલ્લા ઘણાં વર્ષોથી કોંગ્રેસ ફાવી નથી. આ સામ્યવાદી બિરાદરોને કારણે મજૂર યુનિયનો કાયમ બળમાં રહ્યા છે પણ મજૂરોના જીવનધોરણમાં બદલાવ લાવી શક્યા નથી. ઉલ્ટાની ગરીબી અને ગરીબોની ઝૂંપડપટ્ટી વિસ્તરતી જાય છે. માર્ગો પર ઠેર ઠેર હાથ લાંબો કરીને ભીખ માગનારાઓની સંખ્યા પણ વધી છે. માનવ હક્કનો ઝંડો લઈને ફરનારા સામ્યવાદી બિરાદરોએ તો તેમના શાસનમાં ગરીબીના મૂળિયાં ઊંડા નાખી દીધા છે કે આ નબળો વર્ગ રોટી માટે ફાંફા મારતો જોવા મળે છે અને બીજી બાજુ ચોરંગી બજાર જેવો શહેરનો ભવ્ય વિસ્તાર રોનકદાર અને ઝળાંઝળાં છે.

શહેરના માર્ગો પરના વીજળીના દીવાની રોશનીમાં બજારોનો ધમધમાટ હજી ચાલુ છે. કેટલાક ડ્રાયવરો ગરજ સારે તેવા હોય છે પણ અમારો ડ્રાયવર એવો નથી. માર્ગમાં આવતા વિસ્તારો સોસાયટીઓ, સંસ્થાઓ કે આલીશાન ઈમારતો તે ઓળખાવી શકતો નથી. એ તો ચિઠ્ઠીનો ચાકર, મુંગો મુંગો ગાડી હંકાર્યે રાખે અને કહીએ ત્યાં લઈ જાય અને મુકી જાય. બોલાવો તો જ બોલે. સ્વભાવમાં ગરમાવો નહીં. અમારી યાદીમાં ન હોય તેવા કોલકતાનાં જોવાલાયક સ્થળોનાં નામ સૂચવી શકે તેવો નથી. એને અહીંનું સ્થાનિક જીવન ધોરણ ખાસિયતો, ઉત્સવો વગેરે વિશે માહિતી આપવામાં ભાષાની મુશ્કેલી નડે છે. થાક્યા પાક્યા ઉતારે પહોંચ્યા. ડ્રાયવરને આવતી કાલે સવારે સાત વાગે આવવાની સૂચના આપી મુક્ત કર્યો. થાકેલો છે. ભુખ પણ છે અને આંખોમાં ઊંઘ ભરી છે.

**ક્રમશ...**

## (૦૮) સંસ્થા સમાચાર - ઓક્ટોબર : ૨૦૧૮

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- વિશાલા હોટેલ જૂથે વિચાર ટ્રસ્ટ નામે એક સંસ્થા નિર્માણ કરી છે. આ ટ્રસ્ટ દર વર્ષે ગાંધીવિચાર મુજબ જીવન જીવવાનો પ્રયત્ન કરનારને 'ગાંધીમિત્ર' ઍવૉર્ડ અર્પણ કરે છે. આ વર્ષે તા.૦૧ના રોજ ગુજરાત રાજયના રાજયપાલ મહામહીમ ઓમપ્રકાશ કોહલીજીના હસ્તે વિશાલા હોટેલ-રીસોર્ટમાં આવું કાર્ય કરનાર ગુજરાતમાંથી ત્રણ વ્યકિતઓને આ ઍવૉર્ડ આપવામાં આવ્યો, તેમાં લોકભારતીના નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિને પણ આ ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે લોકભારતી પરિવારમાંથી ઘણા કાર્યકરો-પરિવારજનો ઉપસ્થિત રહ્યા.
- ચાલુ વર્ષે દેશનાં વિવિધ રાજયો અને વિસ્તારોમાં મકાઈના પાકમાં 'ફૉલ આર્મી વર્મ' (પૂંછડે ચાર ટપકાંવાળી ઈયળ)નો ઉપદ્રવ નોંધાયેલ છે. ભાવનગર જિલ્લામાં પણ આ ઈયળનો ઉપદ્રવ નોંધાયેલ હોવાથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેતીવાડી ખાતાના સહયોગથી તા.૦૧થી ૦૬ દરમ્યાન 'ફૉલ આર્મી વર્મ' વિશેનું એક જાગરૂકતા અભિયાન કરવામાં આવ્યું જે અંતર્ગત કુલ ૧૮ ગામોમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા ઈયળના ઉપદ્રવને કાબૂમાં લેવા માટેની વૈજ્ઞાનિક ભલામણો વિશે માહિતી આપવામાં આવી.
- તા.૦૨ના રોજ ગાંધી જયંતી નિમિત્તે સવારે પ્રાતઃપ્રાર્થના યોજાઈ, જેમાં 'મંગળ પ્રભાત' પુસ્તકમાંથી એક પ્રસંગનું વાચન કરવામાં આવ્યું. ગાંધી જયંતી કાર્યક્રમમાં શ્રી ધીરૂભાઈ રાઠોડે 'ગાંધીજીની કહાણી' પુસ્તક આધારે અને શ્રી હસમુખભાઈ સુથારે 'ગાંધીજીઃ સાંપ્રત પ્રવાહો સંદર્ભે' વિષય ઉપર અભ્યાસપૂર્ણ વકતવ્યો રજૂ કર્યાં. શ્રી અરુણભાઈ દવે એ સમાપન વ્યાખ્યાન આપ્યું.
- ગાંધી જયંતી નિમિત્તે ગ્રામજીવનયાત્રામાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો તા.૦૩ના રોજ સણોસરા આજુબાજુનાં છવ્વીસ ગામોમાં સ્વચ્છતા-આરોગ્ય, વ્યસન-મુક્તિ, સાક્ષરતા અને કૃષિ-ગોપાલન-સજીવ ખેતીનો સંદેશ લઈને સવારથી સાંજ સુધી જઈ આવ્યા. આ કાર્યક્રમમાં ગ્રામસફાઈ, રેલી, ગીત-સંગીત, પ્રદર્શન, ભીંતસૂત્રો વગેરે કાર્યો વિદ્યાર્થીઓના સહકારથી કરવામાં આવ્યાં. તા.૦૩ના રોજ સાંજના ઓચિંતાં જ વાતાવરણમાં એકદમ પલટો આવ્યો અને વા-વંટોળ-વાવાઝોડું-વરસાદ શરૂ થયાં. માત્ર અડધો એક કલાક જ આ ખેલ ચાલ્યો, પણ બહુ બધું નુકસાન કરી ગયો. પંદર-વીસ વૃક્ષો ધરાશાયી થયાં, સાતેક વીજ-પોલ પડી ગયા, અંધારપટ છવાઈ ગયો. વરસાદ તો માત્ર ચાલીસ-પચાસ મિ.મિ. જ થયો હશે, નુકસાન બહુ થયું. બીજા દિવસથી ડીઝાસ્ટર મૅનેજમેન્ટનો પ્રત્યક્ષ પાઠ સૌને શીખવા મળ્યો. નાના-મોટા સૌએ સાથે મળીને બહુ થોડા સમયમાં લોકભારતીને સુઘડ અને સ્વચ્છ બનાવી દીધી. આ નિમિત્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી પાર્થેશભાઈ પંડયાએ ડીઝાસ્ટર મૅનેજમેન્ટ અને સાવચેતીનાં પગલાંઓ અંગે સચિત્ર પ્રેઝન્ટેશન રજૂ કર્યું.
- તા.૦૪થી ૦૯ દરમિયાન બી.એડ. બેઝિક દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ શ્રી ચૈતન્ય સ્વરૂપ ગુરુકુલ વિદ્યાલય અખતરિયા ગામે 'શિક્ષણ સમન્વય શિબિર' (એકમ પાઠ)માં કાર્યકરો સાથે જઈ આવ્યા.
- લોકભારતી વેબસાઈટ અંગેની એક ટૂંકી તાલીમ

તા.૦૫ના રોજ યોજાઈ ગઈ. તેમાં શ્રી પાર્થેશભાઈ પંડયાએ માર્ગદર્શક બાબતો રજૂ કરી. દરેક વિભાગના વડા અને કમ્પ્યૂટર જાણકારો તેમાં જોડાયા.

- ઈશુ સંઘ, અમદાવાદથી જેઓ ભવિષ્યમાં 'ફાધર' બનવાની તાલીમ લઈ રહ્યા છે, તેવા બે મિત્રોને લોકભારતીના ભાવાવરણમાં ગ્રામીણ અને ગાંધી વિચાર આધારિત સંસ્થાનો કાર્યાનુભવ લેવા મૂકવા સારુ ફાધર વિનાયકજી તા. ૦૬ના રોજ આવી ગયા અને બે મિત્રોને અહીં કાર્યાનુભવ માટે મૂકી ગયા.
- લોકભારતીના પૂર્વ કાર્યકર અને શુભેચ્છક શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી તા.૦૬ના રોજ મણાર જતાં જતાં લોકભારતીની એક ટૂંકી મુલાકાતે આવી ગયા. તેઓ તેમની સાથે સજીવ ખેતી સાથે જોડાયેલા ત્રણેક મિત્રોને પણ લાવેલા.
- તા.૦૬ના રોજ લોકસેવાના બી.આર.એસ.-એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી ભીમજીભાઈ ચંદ્રવાડિયાએ 'ગામ આધારિત ખેતી' વિષય પર વ્યાખ્યાન આપ્યું. જ્યારે મુખ્ય વિષય સજીવ ખેતીના વિદ્યાર્થીઓને પણ સજીવ ખેતી વિષય પર વકતવ્ય આપ્યું.
- તા.૦૬ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી જીગરભાઈ પંડયા દ્વારા ગ્રામવિકાસ સંદર્ભે વાતો થઈ.
- તા.૦૬થી ૦૯ સુધી સઘનપણે નૅક-એસ.એસ.આર.ની તૈયારીરૂપે લોકસેવા બી.આર.એસ.-એમ.આર.એસ.ના કાર્યકરો દ્વારા ટીમ મુજબ તેમને સોંપવામાં આવેલ મુદ્દા વિશે જરૂરી માહિતીનું એકત્રીકરણ અને તે વિશેનું લેખન કાર્ય કરવામાં આવ્યું. આ કામમાં આઈ.ક્યુ.એ.સી.-સંયોજક શ્રી યોગેશભાઈ, શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠીએ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપ્યું.
- તા.૦૭મી ના રોજ કુદરતી ઉપચાર કેન્દ્ર-ગોમટાના ડૉકટર-દંપતી માન. શ્રી કમલેશ સોલંકી, તેમના સાથીઓ એકદમ ટૂંકી મુલાકાતે આવી ગયા. તેઓએ શ્રી અરુણભાઈ સાથે લોકભારતી અંગેની પરિચયાત્મક વાતચીત કરી.
- તા.૭ અને ૮ના રોજ વર્ષ ૧૯૭૯-૮૦ની બૅચના લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓનું સ્નેહમિલન ભાટિયા મુકામે શ્રી રમણિકભાઈ મોહનભાઈ પાનસુરિયાના નિવૃત્તિ કાર્યક્રમ નિમિત્તે તેમની શાળામાં યોજાયું હતું. જેમાં અધ્યાપન મંદિરના પૂર્વઅધ્યાપકો શ્રી ચંપકભાઈ સોની, શ્રી બટુકભાઈ વોરા જઈ આવ્યા. સૌએ લોકભારતીનાં સંસ્મરણો વાગોળ્યાં.
- તા.૦૭ના રોજ શ્રી ધ્વનિબહેન પંડયા લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના મુખ્ય વિષયના અંગ્રેજીના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપવા માટે આવી ગયાં.
- તા.૦૭ના રોજ આપણા પૂર્વ કાર્યકર શ્રી વિઠ્ઠલભાઈ વાછાણીએ લોકસેવાના પશુપાલનના વિદ્યાર્થીઓ સાથે વ્યવસ્થાપન વિષે વાતો કરી.
- તા.૦૮મીના રોજ વિદ્યાર્થીઓને બહુ પ્રિય કાર્યક્રમ 'આનંદ બઝાર' યોજાઈ ગયો. તેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો. જુદા જુદા સ્ટોલ બનાવી ખાવા-ખવરાવવાની મોજ માણી. મુખ્ય ગૃહપતિશ્રી અને ગૃહપતિમંડળના સર્વ સભ્યોએ વ્યવસ્થા ગોઠવવામાં ભાગીદારી કરી.
- તા.૯ અને ૧૦ અધ્યાપન મંદિર બીજા વર્ષના તાલીમાર્થીઓ 'ગાંધી દોઢસો' નિમિત્તે લોથલ, મહાત્મા મંદિર-ગાંધીનગર, ગાંધી આશ્રમ અમદાવાદ, સુઘડ વિદ્યાલય, મહુડી સફાઈ વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ વગેરે સ્થળોના પરિચય પ્રવાસમાં જોડાયા. શ્રી જયેશભાઈ પટેલ, શ્રી અતુલભાઈ પંડયા, શ્રી તેજલબહેન પંચોળીનો સારો સાથ રહ્યો.
- તા.૧૨ના રોજ શ્રી જયંતીભાઈએ લોકસેવા બીજા વર્ષના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓને સાહિત્ય અને બાઈબલ વિશે વાતો કરી.

- તા.૧૩ના રોજ એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા મહાન કૃતિ-તત્ત્વમસિ પર સ્વાધ્યાયો રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના ડૉ. મહેન્દ્રસિંહજી પરમારે આ કૃતિ વિષે વકતવ્ય આપ્યું.
- તા.૧૩ના રોજ લોકસેવાના ત્રીજા વર્ષના મુખ્ય વિષય અંગ્રેજીના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી હિરલબહેને કલા-સાહિત્ય અને કર્ણાટકી-વોકલ આર્ટ વિષે વાતો કરી.
- યુ.કે.થી પ્રસારિત થતા સામયિક 'ઓપિનિયન'ની પહેલથી 'દર્શક'ના વિદેશમાં વસતાં ચાહકોએ એકઠી કરેલી નિધિના વ્યાજમાંથી શરૂ કરેલ 'દર્શક વ્યાખ્યાનમાળા'ના ત્રીજા વર્ષે તા.૧૫મીના રોજ કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગરના સહયોગ અને આતિથ્યથી જામનગર મુકામે કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગરના સભાખંડમાં ભારતીય વિદ્યાભવનના સંશોધન અને વિકાસ સલાહકાર, જે.પી. આંદોલનના સૈનિક અને વ્યુત્પન્ન કટારલેખક માનનીયશ્રી રમેશભાઈ ઑઝાએ 'ગાંધી એકસો પચાસઃ નવયુગી રાષ્ટ્રવિમર્શ' વિષય પર ત્રીજું અભ્યાસપૂર્ણ અને મનનીય વ્યાખ્યાન આપ્યું. કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગરના શ્રી કરશનભાઈ ડાંગરે અને માનનીય શ્રી પ્રફુલ્લભાઈ દવેએ કાર્યક્રમને સફળ બનાવવા ઘણી જહેમત ઉઠાવી. જિલ્લાના લગભગ ચારસોએક શિક્ષકોને ઉપસ્થિત રાખવાની સઘળી વ્યવસ્થા-આયોજન ગોઠવ્યાં. કાર્યક્રમનું સંચાલન શ્રી અરુણભાઈ દવેએ કર્યું. લોકભારતીમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો આ કાર્યક્રમમાં ભાગ લેવા જઈ આવ્યા.
- તા.૧૫ના રોજ મહિલા કિસાન દિવસની ઉજવણી નિમિત્તે ૧૯૦ કૃષક મહિલાઓ સહિત કુલ ૨૦૫ કૃષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન શ્રી ભાવનાબહેન પાઠક, આત્મા પ્રોજેકટ, ભાવનગરના નિયામકશ્રી બલદાણિયાસાહેબ, ઝીરો બજેટ ખેતી જૂથના અધ્યક્ષ શ્રી પ્રફુલભાઈ સેંજળિયાએ હાજર રહી મહિલાઓના ખેતી તથા વિવિધ ક્ષેત્રે યોગદાનની માહિતી આપી ખેતીને વધુ ઉન્નત બનાવવા મહિલાઓની ભાગીદારી વધારવા હાકલ કરી. શ્રી નિગમભાઈ શુકલ તથા સાથી કાર્યકરોએ ખેતી વિષયક મહિલા ઉપયોગી તજજ્ઞોની માહિતી આપી.
- નઈતાલીમ શિક્ષણ અંગે લોકજાગૃતિ ફેલાય તે હેતુસર ગાંધી દોઢસો નિમિત્તે ભાવનગર જિલ્લાની લોકશાળાઓને સાંકળતી એક પદયાત્રાનું આયોજન વિચારાઈ રહ્યું છે. આ આયોજનની પ્રાથમિક વિચારણા કરવા માટે તા.૧૭મીના રોજ શ્રી અનિલભાઈ રાદડિયા, શ્રી નિરવભાઈ, શ્રી યોગેશભાઈ, શ્રી લાલજીભાઈ સોલંકી, શ્રી સંજયભાઈ કાત્રોડિયા વગેરે આવી ગયા. તેઓએ શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન તળે પદયાત્રાનું પ્રાથમિક આયોજન વિચાર્યું.
- તા.૧૭થી ૨૫ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના બધાં વર્ષોના વિદ્યાર્થીઓની વિશિષ્ટ મૂલ્યાંકન પરીક્ષા-સેમિનાર પદ્ધતિથી યોજાઈ ગઈ. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓની વિષય-સમજણ, રજૂઆત, અભિવ્યકિત વગેરે દ્વારા જ્ઞાન-કૌશલ અને આવડત વિકસે છે.
- લોકભારતીના ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટ ભાવનગરના બે પ્રસિદ્ધ ડૉકટર્સ ડૉ. હિમાંશુ પટવારી અને ડૉ. ધીરેન્દ્ર મુનિને લઈને તા. ૧૮ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા. બંને ડૉકટરોએ ગોશાળાના કાર્યમાં ઊંડો રસ લીધા અને ગોશાળાની વિગતે મુલાકાત પણ લીધી. ગોશાળાની મુલાકાત દરમિયાન શ્રી શ્રીધરભાઈએ સાથે રહીને ગોશાળા અંગે વિગતે માહિતી આપી.
- દશેરા નિમિત્તે તા. ૧૯ના રોજ લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિ દ્વારા એક સમૂહ ભોજનનું

આયોજન કરવામાં આવ્યું. પ્રમુખશ્રી કાંતિભાઈ ગોઠી અને મંત્રીશ્રી ધીરૂભાઈ રાઠોડ તેમજ શ્રી ડાહ્યાભાઈ સેંધવ અને સંબંધિત કાર્યકરોની જહેમત દ્વારા જી.બી.ટી.સી. ચોકમાં એક સરસ માહોલમાં સમૂહ ભોજન સંપન્ન થયું.

- તા.૧૯થી ૨૦ બે દિવસ બી.એડ.બેઝિકના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની સેમે.૩ની આંતરિક કસોટી યોજવામાં આવી હતી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી સરોજબહેન દ્વારા 'સજીવ ખેતી બાબતે ખેડૂતોમાં જાગરૂકતા' વિષય પર હાથ ધરાયેલ એક સર્વે અંતર્ગત તા. ૨૧ના રોજ તળાજા તાલુકાના નાના બાબરિયાત ગામના ખેડૂત જૂથનો સર્વે કરવામાં આવ્યો.
- આપણા ઘઉં સંશોધનના કાર્યને મદદ કરવાના હેતુથી જી.એસ.એફ.સી.વડોદરાના વૈજ્ઞાનિક માન. શ્રી પ્રશાંત સુંદ્રિયાલ પ્રાથમિક સર્વે અને લોકભારતી-પરિચય મુલાકાત અર્થે તા. ૨૩ના રોજ આવી ગયા. તેઓ સાથે આપણા શ્રી સી.પી.સિંગ તથા ઘઉં સંશોધન વિભાગના કાર્યકર મિત્રોએ તેમને આપણા ઘઉં સંશોધન કાર્યનો વિગતે પરિચય આપ્યો. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સંસ્થા-પરિચય કરાવીને સંસ્થા-દર્શન કરાવ્યું.
- આપણે છેલ્લા વર્ષથી આ વિસ્તારના જળ સંચયના જુદાં જુદાં કાર્યો પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝની આર્થિક સહાયથી હાથ ધર્યાં છે. લોકસેવા મહાવિદ્યાલયના ઈજનેર અધ્યાપક શ્રી મનોજભાઈ અગ્રાવત તે કાર્ય સંભાળી રહ્યા છે. તા. ૨૨-૨૩ બે દિવસ જળ-સંચયનાં થયેલાં કાર્યોનો અહેવાલ અને આગામી આયોજન માટે શ્રી મનોજભાઈ અગ્રાવત મુંબઈ ખાતે આપણા ટ્રસ્ટીશ્રી અને પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના ચૅરમેન માનનીયશ્રી મધુકરભાઈ પારેખની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં હાજરી આપવા જઈ આવ્યા. શ્રી મધુકરભાઈ પારેખે લોકભારતીએ કરેલા કામને બીરદાવ્યું.
- ગુજરાત રાજયના શિક્ષણ વિભાગમાં નાયબ સચિવ તરીકે સેવા આપતા અને લોકભારતીના શુભેચ્છક શ્રી અશોકસિંહજી પરમાર અને શિક્ષણ વિભાગમાં સેકશન ઓફિસર તરીકે સેવા આપતા શ્રી ઠાકોરસાહેબ તા. ૨૪મીના રોજ એક ટૂંકી મુલાકાતે આવી ગયા.
- શરદપૂર્ણિમા નિમિત્તે તા.૨૪ના એક સમૂહભોજનનું આયોજન કરવામાં આવ્યું. ગૃહ વિભાગ અને સંબંધિત કાર્યકરોની જહેમત દ્વારા મોટા રસોડા પાસેના ચોકમાં એક સરસ માહોલમાં સમૂહ ભોજન સંપન્ન થયું.
- તા.૨૪ના રોજ બી.એડ. બેઝિકમાં ચાલતા એન.આઈ.ઓ.એસ. સેન્ટરની મિટિંગ અંતર્ગત શ્રી ધીરૂભાઈ રાઠોડ ગાંધીનગર જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના શ્રી પિનાકીનભાઈ પંડયા તા.૨૫ના રોજ હિસાબી કામ સબબ ભાવનગર જિલ્લા પંચાયતે જઈ આવ્યા.
- પૂ.નાનાદાદાના સૌથી મોટા પુત્ર શ્રી પ્રવીણભાઈ ભટ્ટનું અમેરિકા મુકામે તા. ૨૬મીના રોજ વહેલી સવારે નિધન થયાના સમાચાર મળ્યા. તા. ૨૬ની સાયં પ્રાર્થનામાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ સ્વ. શ્રી પ્રવીણભાઈ વિશે વિગતે પરિચય આપીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સૌએ ઊભા થઈ બે મિનિટ મૌન રાખ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા તા. ૨૬ના રોજ ઝરિયા મુકામે ૩૩ ખેડૂતો સાથે તલના પાકનો અને તા.૨૮ના રોજ મોટી જાગધાર મુકામે ૫૮ ખેડૂતો સાથે મગફળીનો ફિલ્ડ-ડે યોજાઈ ગયો.
- તા.૨૭ના રોજ અધ્યાપન મંદિરના કાર્યકર શ્રી સતારભાઈ મહેતરનો, નિવૃત્તિ નિમિત્તે શુભેચ્છા કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી રમેશભાઈ ખેર, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી અરુણભાઈ દવેએ શુભેચ્છા પાઠવી. શ્રી સતારભાઈ એ ૩૮ વર્ષના લોકભારતી સાથેનાં સ્મરણો વાગોળ્યાં.
- તા.૨૮ના રોજ અધ્યાપન મંદિર પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના વાલીઓનું વાલીમિલન યોજાયું. આ નિમિત્તે ૭૦ તાલીમાર્થીઓના વાલીઓ

પધાર્યા હતા. સૌએ પ્રતિભાવ આપ્યા તથા ગૃહપતિ-ગૃહમાતા, મુખ્ય ગૃહપતિ તેમજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ લોકભારતી શિક્ષણ પ્રણાલીની પરંપરાની વાતો કરી.

- ગુજરાત શિક્ષણ અને સંશોધન પરિષદ, ગાંધીનગરના ગુજરાતના દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના બી.એડ.ના તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણમાં ત્રણ-ત્રણ દિવસના શૈક્ષણિક સેમિનાર 'હું શિક્ષક છું'માં આવીને રહે તેવી શિબિરો ચાલી રહી છે. તેમાં ઑક્ટોબર માસ દરમિયાન જુદી જુદી પાંચ બૅચ (પાલનપુર, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, પોરબંદર, વડોદરા)માં લગભગ બસોએક તાલીમાર્થીઓએ લોકભારતીના ભાવાવરણમાં રહેવાનો લ્હાવો લીધો. એનું સમગ્ર સંચાલન શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી શિવાનીબહેન જૈન, શ્રી અંકિતાબહેન બધેકા અને શ્રી અમીબહેન ચૌહાણે સુચારુરૂપે કર્યું. આવેલા તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રભાવિત થઈને ગયા.
- લોકભારતીના ભાવાવરણમાં ભિન્નિ ભિન્ન પ્રકારની શિબિરો યોજવાનું પ્રમાણ ઠીક ઠીક વધ્યું છે. લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને સ્વદીપ સંસ્થાના સ્થાપક શ્રી કલ્યાણભાઈ ડાંગર દ્વારા તેના રાજુલા એકમ દ્વારા એક શાળાના ૭૫ વિદ્યાર્થીઓની એક શિબિર લોકભારતીના ભાવાવરણમાં તા. ૨૮થી ૩૧ દરમિયાન યોજાઈ ગઈ.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૫ તાલીમ વિવિધ ગામોમાં યોજાઈ જેમાં ૧૮૩ ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અગ્રહરોળ નિદર્શન મુલાકાત-૩, અન્ય ખેત મુલાકાત- ૨, ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે મુલાકાત-૫, ખેડૂતો સાથે ૫ મિટિંગ યોજી જેમાં ૧૦૮ ખેડૂતોએ ભાગ લીધો તેમજ ટેલિફોનીક હેલ્પલાઈનની મદદથી ૧૮૩ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૧૧ વ્યાખ્યાનો યોજાયેલ જેમાં ૬૬૫ ખેડૂતોએ લાભ લીધો.
- શ્રી અરુણભાઈ તા. ૨જીએ માયધાર જઈ આવી તા. ૫મીએ રોટરી કલબમાં 'ગાંધીજીની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા' પર વ્યાખ્યાન આપવા ભાવનગર જઈ આવ્યા. તા.૧૦થી ૧૩ માયધાર નિવાસ કરી તા.૧૪થી ૧૬ જામનગર, દ્વારકા, ઓખા-બેટ, પોરબંદર જઈ આવ્યા. તા.૨૧મીએ મણાર, તા.૨૨મીએ માયધાર અને તા.૨૩મીએ ગઢડા ખાતે વિવિધ બેઠકોમાં માર્ગદર્શન દેવા જઈ આવ્યા. તા. ૨૫-૨૬ બે દિવસ અમદાવાદ સ્થિત સાયન્સ સિટીમાં ગુજરાતનાં તમામ લોક વિજ્ઞાન કેન્દ્રોની વાર્ષિક સમીક્ષાબેઠકમાં મુખ્ય સલાહકાર તરીકે સતત પાંચમા વર્ષે ફરજ બજાવી આવ્યા. તા.૨૮મીએ વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના ૨૧મા સ્થાપના દિનના મહાસંમેલનમાં અધ્યક્ષીય પ્રવચન આપવા બગસરા જઈ આવ્યા. તા. ૨૯મીએ વિજ્ઞાનનગરી ભાવનગર ખાતે 'દર્શક લોકગંગા' પ્રોજેક્ટની સહયોગી સંસ્થાઓ સાથેની બેઠકમાં જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૦૧ના રોજ 'ગાંધીમિત્ર ઍવૉર્ડ' અર્પણ કાર્યક્રમ નિમિત્તે, શ્રી રાજુભાઈ વાળા, શ્રી મેહુલભાઈ ભટ્ટ તથા શ્રી ગૌરાંગભાઈ વોરા વિશાલા અમદાવાદ ખાતે જઈ આવ્યા.
- તા.૨જીના રોજ સવારે ૬ કલાકે સમૂહ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી રામદેવભાઈએ ગાંધીજીના જીવનપ્રસંગોની રસપ્રદ વાતો કરેલ. સવારે ૮થી ૧૦-૩૦ સુધી વિવિધ ટુકડીઓમાં વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તાઓ સાથે ગ્રામ સફાઈ કરવામાં આવેલ. બપોર પછી આનંદ બજારનું આયોજન કરવામાં આવેલ. સમગ્ર આયોજન શ્રી દીપકભાઈ પંડ્યાએ કરેલ.
- તા.૦૬ના રોજ વન્યપ્રાણી સપ્તાહ ઉજવણીના

ભાગરૂપે સિહોર ફોરેસ્ટ ઓફિસર આર.એફ.ઓ. શ્રી ગઢવીસાહેબ, શ્રી સોલંકીસાહેબ તથા તેમની ટીમ આવેલ. જેમણે વન્યપ્રાણી વિશે સરસ વાતો કરેલ અને તમામ વિદ્યાર્થીઓને 'ગીરનો સિંહ' નામનું પુસ્તક ભેટ આપેલ. સંપૂર્ણ આયોજન રાજહંસ નેચર કલબ ભાવનગર દ્વારા કરવામાં આવેલ.

- ઉમરાળા હાઈસ્કૂલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની બહેનો તથા શિક્ષક મિત્રો સંસ્થાદર્શન માટે આવી ગયા.
- પાલનપુર ડાયટના શિક્ષક મિત્રોને શ્રી પાર્થેશભાઈ પંડ્યા સંસ્થાદર્શન માટે લઈ આવેલ.
- તા.૦૬ના રોજ શ્રી સંજયભાઈ તલસાણિયા 'ગાંધી ૧૫૦' નિમિત્તે ગાંધી જીવનદર્શન વિશે વાતો કરી તેમજ પ્રોજેક્ટર દ્વારા કિલપ બતાવી પ્રશ્નોત્તરી કરી.
- શરદ પૂર્ણિમા અનુસંધાને સમૂહ ભોજન રાખવામાં આવ્યું.
- વન્યપ્રાણી સપ્તાહ અનુસંધાને વિકટોરિયા પાર્ક ભાવનગર ખાતે શ્રી નરેન્દ્રભાઈ મકવાણા મિટિંગમાં જઈ આવેલ.

**મણાર સમાચાર**

- 'ગાંધી-૧૫૦'ની ઉજવણી નિમિત્તે તા. ૨જીના રોજ સવારના પ્રભાત ફેરી, સર્વધર્મ પ્રાર્થના, ગાંધી વિચારનું વાંચન, ગાંધીગીતો-ભજનો અને સમૂહ સફાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- તા.૦૪ના રોજ ભાવનગરથી દમયંતીબહેન (દમુબહેન) ફાલ્ગુનબહેન પારેખ, ઉષાબહેન તથા પૂર્વવિદ્યાર્થી સવાણીભાઈ સંસ્થામુલાકાતે આવી ગયાં. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ સ્ત્રી-પુરુષ સમાનતા, મહિલા અને બાલિકાઓ ઉપર થતા અત્યાચાર અને બળાત્કાર તથા સમાજમાં મહિલાનું સ્થાન વ. વિષે વાર્તાલાપ આપ્યો.
- 'નશાબંધી સપ્તાહ' અંતર્ગત તા.૦૬ના રોજ લોકગાયક અને વાર્તાકાર શ્રી મેરાણભાઈ ગઢવી આવી ગયા. તેમણે પોતાની આગવી શૈલીમાં 'ગાંધી-૧૫૦' અને નશાબંધી વિષે પ્રેરક વાતો હળવી શૈલીમાં કરી.
- શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી તેમના મિત્રોના એક ગ્રુપ સાથે અહીંના કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેમણે સુગંધિત ઘાસમાંથી નીકળતા સુગંધીતેલના માર્કેટ બાબતે ઉપયોગી વાતો કરી.
- બેલા મુકામે ધ્રુવ ભટ્ટ લિખિત 'અકુપાર' નવલકથાનું નાટ્ય રૂપાંતર અમદાવાદના સુપ્રસિદ્ધ નાટ્ય કલાકારો દ્વારા નાટક ભજવવામાં આવ્યું. તેમાં અહીંનાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા સંસ્થા કાર્યકરો અને પરિવારજનો બહોળી સંખ્યામાં જઈ આવ્યાં. ઉત્તમ નાટક જોવાનો સુંદર અવસર મળ્યો.
- તા. ૯ના રોજ કૃ. બા.વિ. કેન્દ્ર દ્વારા થયેલ કાર્યોની વીડિયોગ્રાફી કરવા મુંબઈની એક ટીમ સંસ્થામાં આવી ગઈ. સાથે સાથે ચાર ગામના ખેડૂતોની એક નિદર્શન કાર્યશાળા યોજવામાં આવી. જેમાં શ્રી વિરેન્દ્રસિંગ તથા શ્રી સુરસંગભાઈએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું.
- મણાર ગામ મુકામે ગામ લોકોના સહકારથી પ્રાથમિકશાળાનો એક સરસ પ્રાર્થના હૉલ તથા બાલક્રિડાંગણ બનાવવામાં આવ્યું તેના લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોને પ્રોત્સાહિત કરવા શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.
- તા.૧૧ના રોજ આ વિસ્તારમાં થતી બાગાયતી ખેતી, તેમાં ખાસ કરીને આંબામાં આવતા ગળો (તડતડિયા)ના નિવારણ માટે શ્રી ભગવતસિંહ ગોહિલના ફાર્મ ઉપર ૭૦ કરતાં વધારે ખેડૂતોને જૈવિક નિયંત્રણ ઉપર માર્ગદર્શન અને નિદર્શન આપવામાં આવ્યું. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના શ્રી મહેતાસાહેબ તથા શ્રી ઘનશ્યામભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. દરેક ખેડૂતને દસેક આંબાના ઝાડ ઉપર આ પ્રયોગ કરવા માટે વિનામૂલ્યે જૈવિક નિયંત્રણ ફૂગ આપવામાં આવી. આ આયોજન કૃ. બા.વિ.કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું.

- ખેલ મહાકુંભ અંતર્ગત આપણી અંડર-૧૭ અને અંડર-૧૪ની છાત્રાઓની ખોની ટીમ રાજયકક્ષાએ રમવા જઈ આવી. જયાં તેઓ કવાર્ટર ફાઈનલ સુધી પહોંચી અને રૂા. ૫૦,૦૦૦નું ઈનામ મેળવી આવી. આ ટીમનું માર્ગદર્શન શ્રી વિપુલભાઈ સરવૈયા અને શ્રી જયશ્રીબહેન દ્વારા કરવામાં આવ્યું. સૌને અભિનંદન.
- તા.૧૯થી ૩૦ સુધી ધો.૯થી ૧૨ની સત્રાંત પરીક્ષા લેવામાં આવી.
- જામનગરમાં આયોજિત 'દર્શક વ્યાખ્યાનમાળા'માં શ્રી સુરસંગભાઈ તથા શ્રી કંચનબહેન જઈ આવ્યાં.
- વનવિભાગ-ભાવનગર યોજિત વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાની વકતૃત્વ તથા નિબંધ સ્પર્ધા યોજાઈ જેમાં ધો.૧૨ની શ્રી પુરીબહેન ગોહિલ વકતૃત્વમાં પ્રથમ નંબરે અને નિબંધ સ્પર્ધામાં શ્રી મિત્તલબહેન સોલંકી બીજા નંબરે વિજેતા બની. બંનેને અભિનંદન.
- તા.૧૯ના રોજ આપણા વિદ્યામંડળના સભ્ય શ્રી નલીનભાઈ પંડિત સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- ભાવનગર જિલ્લાના સમાજ કલ્યાણ નિયામક(બક્ષીપંચ) શ્રી ત્રિવેદીસાહેબ અહીંના છાત્રાલયની મુલાકાતે આવી ગયા. અને કુમાર તથા કન્યા છાત્રાલયોનું નિરીક્ષણ કરી સંતોષ વ્યકત કર્યો.
- કન્યા કેળવણી જેમનું જીવનમિશન છે તેવા શ્રી અજીતભાઈ દોશી અહીંની છાત્રાઓને મળવા આવી ગયા તેમજ છાત્રાઓને આર્થિક સહાય કરી તથા ગોશાળા માટે રૂા. ૫૦૦૦ની રકમ આપી.
- આ માસ દરમિયાન પીડીલાઈટ કંપનીની બે ટીમ અલગ-અલગ દિવસોમાં આવી ગઈ.

## શ્રદ્ધાંજલિ

- પૂજય નાનાભાઈ ભટ્ટના પુત્ર ડૉ. પ્રવીણભાઈ ભટ્ટનું ૯૫ વર્ષની ઉંમરે તેમના અમેરિકા સ્થિત નિવાસે તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેઓ વિશ્વવિખ્યાત યેલ યુનિવર્સિટીમાં વાયરસ સંશોધન વિભાગના વડા તરીકે નિવૃત્ત થયા પછી પણ યુનિવર્સિટીના આગ્રહથી સેવા આપી રહ્યા હતા. એક માનવતાવાદી વૈજ્ઞાનિક તરીકેની તેમની પ્રતિષ્ઠાના પરિણામે યુનિવર્સિટીએ તેમના નામ પર એક લાયબ્રેરીનું નામ 'પી.એન.ભટ્ટ લાયબ્રેરી' રાખેલ છે. આવું સન્માન મેળવનાર તેઓ એક માત્ર ભારતીય છે.
- સ્વ. મંજુબહેન નાનાભાઈ ભટ્ટના પતિ (પૂજય નાનાભાઈ ભટ્ટના જમાઈ) શ્રી દિનેશભાઈ પાઠકનું ૮૩ વર્ષની ઉંમરે તા.૧૮-૧૦-૨૦૧૮ના દિવસે તેમના ભાવનગર ખાતેના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું છે. તેઓશ્રી ધનેશ મહેતા હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય હતા.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર આપણી ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતોને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમશાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના.